بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૫**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૨, સળંગ અંક : ૧૩૪

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | ઈશ્કે રસૂલ ﷺ જાને ઈમાન છે ! | 02 |
| 02 | **ફ્રાંસના ચાર્લી હેબ્દો સાપ્તાહિક કાર્યાલય પરના હુમ્લાની ભીતરમાં...** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 06 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 13 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 17 |
| 07 | ગલતફહમી તથા તેની સુધારણા | 20 |
| 08 | મકામે અવલિયા કુર્આન વ હદીષની રોશનીમાં | 22 |
| 09 | હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ | 23 |
| 10 | ત્રણ તલાકનો શરઈ હુકમ | 31 |
| 11 | હિન્દુસ્તાનમાં શુધ્ધિનું તોફાન ! | 36 |
| 12 | ઈખ્લાસ નથી તો કાંઈ જ નથી | 43 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


### દરશાને વલિયોંના તાજદાર

પીરોંના પીર ગૌષ, હમારા જે પીર છે,
વલિયોંના તાજદાર, નબી ના વઝીર છે
સરકારના દુલારા, અલીના દિલો જિગર,
રબના વહાલા ગૌષ, જે અબ્દે કદીર છે
બન્ને જગત હથેલી માં જેની નજર સમક્ષ,
લુત્ફો કરમથી રબના, જે રોશન ઝમીર છે
ઈસ્લામને જીવન નવું ને જોમ આપનાર
સરકારે ગૌષ દીને નબી ના અમીર છે
મુર્દાને ઝિંદુ કરવું, બધે એક સમય જવું,
મુશ્કિલકુશાની કશ્ફો કરામત કષીર છે
સરખા ન સમજો સર્વને છે રૂત્બામાં ફરક,
અલ્લાહ ની સમીપ, વલી બે નઝીર છે
માગું મદદ ના કેમ, વલીઓ થકી બધી,
રબની અતાથી તેઓ, બધા દસ્તગીર છે
દામન ન છોડજે અય **'ગનીમત'** તું ગૌષ નું,
રબના વલી બે ખૌફ, નસીરો બશીર છે

અઝ : **'ગનીમત'** આલા સિનોરી

# ઈશ્કે રસૂલ ﷺ જાને ઈમાન છે !

અલ્લાહ ﷻની નેઅમતોની કદર કરવી અને તેનો શુક્ર અદા કરવો દરેક મો'મિન બંદાની જિમ્મેદારી છે. નેઅમતોની કદર કરવા તથા તેનો શુક્ર અદા કરવા પર અલ્લાહ તઆલા અજ્ર (બદલો) અતા કરે છે અને નેઅમતોમાં વધારો પણ કરી આપે છે, અને જે એવું નથી કરતો મહેરૂમી તેનું મુકદ્દર બની જાય છે.

અલ્લાહ કરીમે આપણને અગણિત નેઅમતોથી માલામાલ કર્યા છે અને કરી રહ્યો છે. એની અતાનો કોઈ હિસાબ નથી અને ન કોઈ ગણત્રી ! પરંતું આપણે એ નઅમતોનો ઉપયોગ સહી તૌર પર એટલે કે તેના ફર્માનના પ્રમાણે નથી કરતા પણ પોતાની મરજી પ્રમાણે કરીએ છીએ અને સૌથી મહાન ગલતફહમીના શિકાર છીએ કે જે નેઅમતો આપણને મળી છે તે અમારી મહેનતોનું પરિણામ છે. એ જ કારણે આપણે સહીહ તૌર પર એના શુક્રગુઝાર બંદા નથી બનવા પામતા અને ન તો તેની આપેલી નેઅમતોની કદર કરીએ છીએ. એ વાતની આપણે ગાંઠવાળી લેવી જોઈએ કે આપણે જે નેઅમતોથી માલામાલ થઈએ છીએ એની પાછળ હકીકતમાં ખુદા તઆલાનો ફઝ્લ હોય છે. એટલા માટે તે ખુદ ફર્માવે છે કે, તમે મારી નેઅમતોની ગણત્રી નથી કરી શકતા. એક જગાએ ફર્માવે છે કે, તમે મારી નેઅમતોની ખૂબ ચર્ચા કર્યા કરો. એ નેઅમતોના બારામાં કયામતમાં તમને પૂછવામાં આવશે, વગેરે.

કુદરતના કારખાનાની સૌથી મહાન નેઅમત ઝાતે રિસાલત મઆબ ﷺ છે. આ એવી મહાન નેઅમત છે જેનાથી આખા જગતને ફાયદો પહોંચ્યો. આ મહાન નેઅમતના મહત્વનો અંદાઝો એના પરથી લગાડો કે એના પર મૌલા ﷻએ એહસાન જતાવ્યું છે ! એ નેઅમતને રહમતુલ્ લિલ્ આલમીન બનાવ્યા, એ જ નેઅમતને عزیز علیهم ماعنتم حریص علیکم بالمومنین رؤف رحیم બનાવ્યા, એ જ નેઅમતને બશીર તથા નઝીર બનાવ્યા. એટલા માટે જેટલા પણ અંબિયા તથા રસૂલો, સહાબા તથા તાબઈન તથા અવલિયાએ મુકર્રિબીન તશરીફ લાવ્યા સૌએ આ જ નેઅમતનું મહત્વ વર્ણવ્યું, એની જ ચર્ચા કરી, એના કમાલો તથા ફઝાઈલ વર્ણવ્યા જેથી લોકો એની કદર કરી શકે, અને એ નેઅમતના થકી અન્ય સર્વ નેઅમતોથી માલામાલ થઈ શકે અને બંનેવ જહાનમાં કામયાબ પણ થઈ શકે.

અફસોસ ! નામ માત્રનો મુસલમાન અને કલમો પઢવાવાળો એક તબકો આ મહાન નેઅમતથી દૂર કરવાની કોશિશ કરી રહ્યો છે, એના ઉલ્લેખથી રોકી રહ્યો છે, ફઝાઈલ તથા કમાલો તથા મો'જિઝાઓથી બચવું તથા બચાવવું તેનો નિત્યક્રમ થઈ ગયો છે. આ એટલો ખતરનાક ફિત્નો છે કે જેણે પૂરા સમાજને બેચેન બનાવી દીધો છે. ભોળાભાળા મુસલમાનોને બહેકાવવું અને હુઝૂર ﷺના ઝિક્રથી રોકવું તેમનો પ્રિય ધંધો છે. સાચી વાત એ છે કે તેઓ યહૂદી ષડયંત્રોના શિકાર બની ગયા છે અને કમાલાતે મુસ્તફવી ﷺને છુપાવવામાં પોતાની જિંદગી ખર્ચી રહ્યા છે, અને વળી તમાશો એ છે કે તેઓ એને જ શુદ્ધ તૌહીદ સમજી રહ્યા છે ! તેમણે યાદ રાખવું જોઈએ કે નબી કરીમ ﷺની ઈત્તેબાઅ (અનુસરણ) તથા તેમના ઈશ્ક વિના તૌહીદ સંપૂર્ણ નથી થઈ શકતી.

યાદ રાખશો ! અલ્લાહની મહાન નેઅમત રસૂલે ગિરામી વકાર ﷺની કદર, તેમનો ઝિક્ર, તેમની મહોબ્બત, તેમની ઉલ્ફત, તેમની યાદ અને તેમની અઝમત તથા બુલંદી જ ઈમાનની જાન છે. જેથી આપણા આકા ﷺની મહોબ્બતનો ચિરાગ તમારા દિલમાં જલાવો અને તમારી પેઢીઓને એ જ મહોબ્બત શીખવાડો. મુસ્તફા ﷺની ગુલામી પર નાઝ કરો, એટલા માટે કે એમની મહોબ્બત બંનેવ જહાનમાં પ્રગતિ તથા કામયાબીની જામિન છે.

ઈતિહાસમાં કોઈ ગુલામે રસૂલ નિષ્ફળ જોવા નથી મળતો. દુનિયામાં જેટલા પણ આશિકે રસૂલ થઈ ગયા ઈતિહાસે હમેશાં માટે એમનાં નામ મેહફૂઝ કરી લીધાં છે. આપણી સમક્ષ સહાબાએ કિરામના અમલનો તરીકો હોવો જોઈએ. સહાબાએ કિરામની જિંદગીનો અભ્યાસ દર્શાવે છે કે એમના દિલમાં ઈશ્કે મુસ્તફા કેટલા પ્રમાણમાં મોજાં મારતો રહેતો હતો. તેઓ જીવનભર હુઝૂર ﷺના કદમોમાં અને મૃત્યુ બાદ હુઝૂર ﷺના જ કદમોમાં રહેવાની ખ્વાહિશ કરતા રહ્યા. અલ્લાહ આપણા સૌના દિલમાં ઈશ્કે મુસ્તફાની શમ્અ ફિરોઝાં રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૧૫)*

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

# ફ્રાંસના ચાર્લી હેબ્દો સાપ્તાહિક કાર્યાલય પરના હુમ્લાની ભીતરમાં...

આ એક નિષ્પક્ષપણે વિચારવા પાત્ર બાબત છે કે વાણી સ્વતંત્રતા કે વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે વિશ્વની કુલ વસ્તીના ૨૬% લોકોની શ્રધ્ધાના કેન્દ્રસમી વ્યક્તિને પોતાની ગલત ખયાલી કે તેમના વિશે પોતાના અપૂરતા જ્ઞાન કે વિરોધીઓના ગલત પ્રોપેગન્ડાનો શિકાર બનીને કોઈ વ્યક્તિ કે ગૃપ, સાપ્તાહિક કે દૈનિક અંક થકી અથવા સોશિયલ મીડિયા થકી અયોગ્ય હરકત કરીને તેમના માનભંગનો પ્રયાસ કરે, તો એ ખરેખર નાઈન્સાફી તથા જુલ્મ છે. આ ધૃણાસ્પદ પ્રવૃત્તિ વિશ્વભરમાં ફેલાયેલી મુસલમાન જાતિના સૌથી ચહીતા પયગંબર મુહમ્મદ મુસ્તફા ﷺ માટે હાલ કેટલાય સમયથી પશ્ચિમથી શરૂ થઈને પૂર્વ સુધી અને ઠેર ઠેર કરવામાં આવી રહી છે એ અફસોસની વાત છે, તેમજ દુનિયાના સર્વ લોકોને એક અજંપાની આગમાં ધકેલવાનો બદતરીન પ્રયાસ છે.

## ★ સ્વતંત્રતાના નામે ધાર્મિક પેશવાનું અપમાન શું પરીણામ લાવી શકે ?! ★

આવા પ્રસંગોએ ઘણા ખરા અંશે મુસલમાનો વિરોધ દર્શાવવા માટે વિશ્વભરમાં મૌન રેલીઓ કાઢતા રહ્યા છે, જે તે દેશના સત્તાધારીઓને આવી ઘટનાઓ રોકવા અને અયોગ્ય હરકતો કરતી વ્યક્તિઓ સામે પગલાં ભરાવવા વિનંતિ કરતાં આવેદન પત્રો આપતા રહ્યા છે. ક્યાંક મુસલમાનો ઉશ્કેરાયને હિંસક પણ બન્યા છે, જો કે મુસલમાનોએ હિંસક ન થવું જોઈએ, હમેશાં સંયમ તથા ધીરજથી ચાલવું જોઈએ. અગાઉ પણ અમુક દેશોમાં તેમજ હાલમાં પણ ચાર્લી હેબ્દો વીકલી મેગેઝિન થકી કાર્ટૂન બનાવીને એની નિસ્બત મુસ્તફા જાને રહમત ﷺ સાથે કરવામાં આવી એ ખૂબ જ ગંદુ, ધૃણાસ્પદ તથા મુસલમાનોની જ નહીં દરેક ઈન્સાફપ્રિય તથા માનવતાવાદી માનવીની લાગણીને ઠેસ પહોંચાડનાર છે એમાં બે મત નથી, પણ અફસોસની વાત કે પશ્ચિમી દેશો એને વાણી તથા વિચારની અભિવ્યક્તિની સ્વતંત્રતા દરેકને હોવાનું જણાવીને આટલા મહાન જુર્મથી આંખ આડા કાન કરે છે ! પોતાની પત્ની કે પુત્રી કે મા બાપનુ અપમાનજનક કાર્ટૂન ન સહી શકનારાઓ ઈસ્લામના મહાન પયગંબરથી નિસ્બત જોડતાં કાર્ટૂનો બનાવનારાઓને આઝાદી આપી દે છે ! આ સરાસર અન્યાય છે. અને આ ગંદી નીતિ જ પછી દુનિયામાં અનેક દોષિત તથા નિર્દોષોની હત્યાના નિમિત્ત બની રહી છે.

તાજેતરમાં ચાર્લી હેબ્દો સાપ્તાહિક કાર્યાલય પેરિસ (ફ્રાંસ)માં જે આતંકવાદી હુમલો થયો અને એમાં એક મુલાકાતી, એક કામદાર, આઠ પોલિસ અધિકારીઓ તથા આઠ પત્રકારોને ત્રણ બુકાનીધારી બંદૂકધારીઓએ મોતને ઘાટ ઉતાર્યા તેને જો કે શાંતિના ચાહક વિશ્વના મુસ્લિમો દ્વારા વખોડવામાં આવેલ છે.

''આ કરૂણ બનાવ ઉપરાંત બંધક બનાવવા માટેના બે અલગ અલગ નાટકોનો અંત બંધક બનાવનાર ત્રણ બંદૂકધારીઓને મારી નાખ્યા બાદ આવ્યો હતો. જો કે આ ઘટનાઓને કારણે સમગ્ર યૂરોપમાં ઈસ્લામના ભયના અભિયાનનો જુવાળ ફાટી નીકળ્યો હતો. ગોળીબાર દ્વારા નરસંહારને કારણે એવો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો કે, એવી કઈ નીતિ કે કૃત્યો છે જેને કારણે આ હુમલો કરવામાં આવ્યો અને

આ હુમલાઓથી ફ્રેન્ચ મુસ્લિમ સમુદાય પર કેવી અસરો પડી શકે છે.

## ★ આતંકવાદી હુમ્લા પાછળનાં શક્ય કારણો ★

**૧.** ચાર્લી હબ્દો વર્ષોથી રંગભેદી ટિપ્પણીઓ અને મુહમ્મદ પયગંબર (ﷺ) સાહબ વિરોધી કાર્ટૂનો પ્રકાશિત કરી રહ્યું હતું. મુસ્લિમોમાં આ અંગે નારાજગી છતાં પણ તેના પર ક્યારેય હુમલો કરવામાં આવ્યો ન હતો. મુસ્લિમોએ માત્ર કાયદાકીય રસ્તાઓ અપનાવીને સાપ્તાહિકના મુસ્લિમો પ્રત્યે ધૃણાના અભિયાનને અટકાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ કોઈ જ ફાયદો થયો ન હતો. પોતાની જાતે જ ખલીફા બની બેઠેલા આઈ.એસ.આઈ.એલ.ના વડા ઈબ્રાહીમ અલ બગદાદીનું ૭ જાન્યુઆરીના રોજ આ વ્યંગ સાપ્તાહિક દ્વારા ટ્વિટર પર કાર્ટૂન પ્રકાશિત કરાયાના માત્ર કલાકો બાદ જ આ સીધો ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. બીજુ કંઈ નહીં તો પણ આ પરથી કમસેકમ એ સ્પષ્ટ થાય છે કે, વિશ્વના મુસ્લિમ સમુદાયથી આ વહાબી તકફીરી જુથ કેટલું અલગ પડે છે.

**૨.** ઈરાકના યુદ્ધ અને સીરિયન કટોકટીમાં ફ્રાંસની ભૂમિકાના પ્રત્યાઘાત રૂપે ચાર્લી હેબ્દો પરનો આ હુમલો હોઈ શકે છે. ત્રણ કરતાં પણ વધુ વર્ષોથી ઈરાની અધિકારીઓ ચેતવી રહ્યા હતા કે, સીરિયાની કટોકટી આ વિસ્તાર અને વિશ્વને ભરખી જશે. ઈરાને આ કટોકટીનો અંત લાવવાની અને રાષ્ટ્રીય સમજૂતી અને વાટાઘાટોની માંગ કરી હતી, પરંતુ યુ.એસ. અને તેના યૂરોપિયન સાથીદારો, ખાસ કરીને ફ્રાંસ અને બ્રિટને અલગ જ સૂર આલાપ્યો હતો.

**૩.** માત્ર ગયા વર્ષે જ ફ્રાંસ સરકાર તરફથી પૂરું સમર્થન મેળવી રહેલા જમણેરી વિચારસરણી ધરાવતા ગૃપો દ્વારા ફ્રાંસમાં આવેલી ઘણી બધી મસ્જિદો અને ઈસ્લામિક સેન્ટરો પર સંગઠિતપણે હુમલા કરવામાં આવ્યા હતા. અન્ય યૂરોપિયન દેશોથી પણ આગળ વધીને ફ્રાંસમાં મુસ્લિમો જાણી જોઈને કરવામાં આવેલ ભેદભાવ, દબાણ, શંકા અને અત્યાચારોનો ભોગ બની રહ્યા હતા. રસપ્રદ મુદ્દો એ છે કે તેઓએ પ્રતિકાર કરવા માટે ક્યારેય હિંસાનો આશરો લીધો ન હતો.

**૪.** ગયા વર્ષે સીરિયન કટોકટીની શરૂઆત થતાં જ યૂરોપિયન મુસ્લિમો પ્રતિ અગાઉ ક્યારેય રાખવામાં ન આવતી હતી તેવી શંકાભરી દષ્ટિએ જોવામાં આવતું હતું. પશ્ચિમ સમર્થિત આઈ.એસ.આઈ.એલ. અને તેના યૂરોપિયન જેહાદી જોનો દ્વારા ઈરાક અને સીરિયાની વિશાળ ભૂમિ પર કબજો જમાવી દેવાયા બાદ અને યુ.એસ. દ્વારા આઈ.એસ.આઈ.એલ. વિરોધી સંગઠન તરીકે ઓળખાવાઈ રહેલ જૂથની રચના કરાયા બાદ મુસ્લિમો વિરુદ્ધ પદ્ધતિસરના અત્યાચારોમાં અચાનક જ વધારો થઈ ગયો હતો.

**૫.** નવાઈની વાત એ છે કે વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવાને બદલે ફ્રાંસ અને ઈંગ્લેન્ડે દેશમાં વસી રહેલ મુસ્લિમ સમુદાય પર વધુ કડક નિયંત્રણો લાદી દીધા. તેમની લોકશાહી અને સ્વતંત્રતાના સિદ્ધાંતો હવે એકમાર્ગી બની ગયા છે જેમાં અન્ય સમુદાયોને પૂરી છૂટ આપવામાં આવી છે કે, તેઓ મુસ્લિમો વિરુદ્ધ બધા જ પ્રકારની જાતિવાદી ટિપ્પણીઓ કરી શકે અને ઈસ્લામ વિરુદ્ધ કાર્ટૂનો છાપી શકે પરંતુ મુસ્લિમોને આનો પ્રત્યુતર આપવાની કોઈ જ સ્વતંત્રતા નથી.

ફ્રાંસ અને અન્ય યૂરોપિયન સરકારોએ એ પ્રકારનું વાતાવરણ સર્જ્યું છે કે, જેમાં સલમાન રશ્દી જેવા ગુસ્તાખી તેમજ મુહમ્મદ પયગબંર (ﷺ) સાહબનું સંખ્યાબંધ એડિશનમાં વ્યંગચિત્ર બનાવનાર, રહેંસી નાખવામાં આવેલા ચાર્લી હેબ્દોના મુખ્ય એડિટર સ્ટીફન ચાર્બોનીઅર જેવા કાફિરોનો ઉછેર શક્ય

છે. છતાંય ફ્રાંસ સત્તાવાળાઓએ દર્દ અગાઉ જ દવા નક્કી કરવાના હેતુથી એક નવુ અભિયાન આદર્યુ છે. વિવિધ સંસ્કૃતિ અને વિવિધ ધર્મોના લોકો સાથે મળીને શાંતિથી કેવી રીતે રહી શકાય એવું કહેવાની જગ્યાએ ફ્રાંસે એક કાયદો પસાર કરી દીધો છે જે અનુસાર મુસ્લિમ મહિલાઓને તેમની ઈચ્છા અનુસાર વસ્ત્રો પહેરવાની મનાઈ ફર્માવી દેવામાં આવી છે. નવો કાયદો અને આતંક અંગેની ચેતવણી અને ઉન્માદને લઈને સમગ્ર વિશ્વની નજર ફ્રાંસ પર ઠરેલી છે, કારણ કે મુસ્લિમ નાગરિકોને બંધનકર્તા નવા કાયદાને કારણે અનિચ્છનીય સ્થિતિ વધુ વણસી શકે છે. જ્યારે પોતાનો સ્વાર્થ સાધવા માટે પશ્ચિમી રાષ્ટ્રો અને પ્રાદેશિક આરબ સાથીઓ તરફથી આઈ.એસ.આઈ.એલ જેવા આતંકી જૂથોના સમર્થનમાં વધારો થઈ રહ્યો છે જેમાં લોકશાહી રીતે ચૂંટાયેલી સીરિયાની બશર અલ અસદની સરકારને ઉથલાવી પાડવાનો પણ સમાવેશ થાય છે. આ ગંદી વાસ્તવિક્તા છે અને આ વાસ્તવિક્તા પેરિસ હુમલા જેટલી જ ગંદી અને નિંદનીય છે." *–(ગુજરાત ટુ ડે, તા. ૧૪–૧–૨૦૧૫માંથી સાભાર)*

## ★ ઈન્સાફથી કહો આ નીતિ પણ યોગ્ય છે ખરી ?! ★

એ તદ્દન હકીકત છે કે આતંકવાદી હુમ્લા કરીને નિર્દોષોનો જાન લેવો એ અતિશય ધૃણાસ્પદ તથા વખોડવા પાત્ર કૃત્ય છે, પરંતુ અમુક ગણ્યા ગાંઠયા આતંકી તત્વોના જવાબમાં સર્વ મુસ્લિમ સમાજને રંજાડવો અને તેમના સૌથી પ્રિય નબી પાક ﷺનું અવમાન કરવાની નિય્યતે કાર્ટૂનનો સંબંધ આપની સાથે જોડીને ફરીથી આતંકી હુમ્લાના બદલા રૂપે એ જ સાપ્તાહિક વિવિધ ભાષાઓ તથા લાખોની સંખ્યામાં ફરી ફરી છાપવું શું એ જાણીબુઝીને ખતરાને દાવત આપવું નથી ?! એવું જ કૃત્ય ફરીથી ફ્રાંસના એ મેગેઝિન તરફથી થયું છે. જેમ કે સમાચાર મળ્યા કે : "(પેરિસ : તા. ૧૪/૦૧/૨૦૧૫) ફ્રાંસમાં આતંકી હુમ્લાનો શિકાર બનેલ વ્યંગ્ય પત્રિકા ચાર્લી હેબ્દોનું નવુ એડિશન દુનિયાભરમાં વેચાણના માટે ઉપલબ્ધ થઈ ગયું છે. થોડીક જ મિનિટોમાં એની સર્વ પ્રતો વેચાઈ ગઈ. બુધવારે પયગંબર મુહમ્મદ ﷺના કાર્ટૂન સાથે આ વખતે મેગેઝિનની ૩૦ લાખ પ્રતો છાપવામાં આવી જે ફ્રાંસ સહિત કેટલાયે દેશોમાં વેચાશે..." *(નઈ દુન્યા, ઈન્દોર, ૧૫/૦૧/૨૦૧૫)* બસ, આપણે એટલી જ દુઆ કરીએ છીએ કે ગુમરાહોને રબતઆલા સદ્‌બુધ્ધિ અતા કરે, અથવા એ જ એમની શાન ઠેકાણે લાવે. *(આમીન)*

## ★ પયગંબર ﷺનું કાર્ટૂન બની જ શક્તું નથી ! ★

એ વાત પણ જાણી લેશો કે નબી પાક ﷺના જેવો કાઈનાતમાં રબ તઆલાએ કોઈને પેદા કર્યો જ નથી, જે બાબત હદીષોથી સાબિત છે. અને ન તો આપણા નબી કરીમ ﷺનું કોઈ તૈલચિત્ર કે ફોટો આજ સુધી દુનિયામાં અસ્તિત્વમાં આવ્યો છે. અને કાર્ટૂન જે હોય છે તે, જે તે વ્યક્તિના અસલ દેખાવને બગાડીને રજૂ કરાતુ હોય છે. તો જ્યારે આપનું કોઈ ચિત્ર જ જગતમાં નથી તો પછી કાર્ટૂન પણ અશક્ય છે ! માટે એ કાર્ટૂન ગમે તે કાલ્પનિક વ્યક્તિનું હોય શકે છે, પણ મુસલમાનોના નબીનું નથી જ ! જેથી મુસલમાનોએ પણ સંયમ જાળવી લેવો જોઈએ કે ઉશ્કેરાવામાં એવા લોકોને પણ અધિક ઉત્તેજન મળે છે અને અંતે નુકસાન મુસલમાનોના ભાગે જ આવે છે. હા ! કાયદકીય રીતે જે થઈ શકે વિરોધ નોંધાવવો જોઈએ.

અંતમાં એ કે આ આતંકવાદી કાર્ય પાછળ પણ અમેરિકા તથા ઈઝરાઈલનો હાથ હોવાનું ખુદ અમેરિકા વ્હાઈટ હાઉસના એક ભૂતપૂર્વ અધિકારી ડૉ. પોલ ક્રેગ રોબર્ટે બહાર પાડયું છે, તેમજ રશિયન મીડિયા તથા તુર્કિશ રાજકારણીઓએ સૂચવ્યું છે કે આ કૃત્યમાં યુ.એસ. તથા ઈઝરાઈલ જ સંડોવાએલાં છે, જેમાં મુસ્લિમોને બદનામ કરવાનો તથા ફ્રાંસને પણ સબક શીખવાડવાનો હેતુ છે. વલ્લાહુ અઅલમ.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَاِذْ يَرْفَعُ اِبْرٰهٖمُ الْقَوَاعِدَ
مِنَ الْبَيْتِ وَاِسْمٰعِيْلُ ؕ رَبَّنَا تَقَبَّلْ مِنَّا ؕ اِنَّكَ
اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۱۲۷﴾ رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ
لَكَ وَمِنْ ذُرِّيَّتِنَآ اُمَّةً مُّسْلِمَةً لَّكَ ۪ وَاَرِنَا مَنَاسِكَنَا
وَتُبْ عَلَيْنَا ۚ اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿۱۲۸﴾ رَبَّنَا وَابْعَثْ
فِيْهِمْ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِكَ وَيُعَلِّمُهُمُ
الْكِتٰبَ وَالْحِكْمَةَ وَيُزَكِّيْهِمْ ؕ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿۱۲۹﴾ وَمَنْ يَّرْغَبُ عَنْ مِّلَّةِ اِبْرٰهٖمَ اِلَّا
مَنْ سَفِهَ نَفْسَهٗ ؕ وَلَقَدِ اصْطَفَيْنٰهُ فِى الدُّنْيَا ۚ
وَاِنَّهٗ فِى الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيْنَ ﴿۱۳۰﴾ اِذْ قَالَ لَهٗ
رَبُّهٗٓ اَسْلِمْ ۙ قَالَ اَسْلَمْتُ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿۱۳۱﴾ وَوَصّٰى
بِهَآ اِبْرٰهٖمُ بَنِيْهِ وَيَعْقُوْبُ ؕ يٰبَنِىَّ اِنَّ اللّٰهَ اصْطَفٰى
لَكُمُ الدِّيْنَ فَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿۱۳۲﴾ اَمْ
كُنْتُمْ شُهَدَآءَ اِذْ حَضَرَ يَعْقُوْبَ الْمَوْتُ ۙ اِذْ قَالَ
لِبَنِيْهِ مَا تَعْبُدُوْنَ مِنْ بَعْدِىْ ؕ قَالُوْا نَعْبُدُ اِلٰهَكَ
وَاِلٰهَ اٰبَآئِكَ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ اِلٰهًا وَّاحِدًا ۚۖ
وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿۱۳۳﴾ تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا
كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ وَلَا تُسْئَلُوْنَ عَمَّا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿۱۳۴﴾ وَقَالُوْا كُوْنُوْا هُوْدًا اَوْ نَصٰرٰى تَهْتَدُوْا ؕ

**અને જ્યારે ઊંચો કરતા હતા ઇબ્રાહીમ અને ઇસ્માઇલ તે ઘરનો પાયો, આવું બોલતાં બોલતાં અય અમારા રબ! અમારા તરફથી કબૂલ ફરમાવ[૨૩૧] બેશક! તુ જ સાંભળતો જાણતો (છે) (૧૨૭) અય અમારા રબ! અને કર અમને તારા દરબારમાં માથુ નમાવનાર[૨૩૨] અને અમારી ઔલાદમાંથી એક ઉમ્મત તારી ફરમાંબરદાર (પેદા કર) અને અમને અમારી ઇબાદતના નિયમો બતાવ અને અમારા પર પોતાની રહમત સાથે ધ્યાન આપ[૨૩૩] બેશક! તું જ છે ઘણો તવબહ કબૂલ કરનાર મહેર-બાન (૧૨૮) અય અમારા રબ! અને મોકલ એમનામાં[૨૩૪] એક રસૂલ એમનામાંથી જ કે એમના પર તારી આયતો તિલાવત કરે અને એમને તારી કિતાબ[૨૩૫] અને પાકુ ઇલ્મ શિખ-વાડે[૨૩૬] અને એમને ખૂબ પાક કરે[૨૩૭], બેશક! તુ જ છે ચઢીયાતો હિકમતવાળો (૧૨૯) અને કોણ ઇબ્રાહીમના દીનથી મોઢું[૨૩૮] ફેરવે, સિવાય તેના કે જે દિલનો મૂર્ખ હોય. અને બેશક! જરૂર અમે દુનિયામાં એને ચૂંટી લીધો.[૨૩૯] અને બેશક! તે આખેરતમાં અમારા ખાસ નજીકની લાયકાતવાળાઓમાં[૨૪૦] છે (૧૩૦) જ્યારે તેને તેના પરવરદિગારે ફરમાવ્યું, ગરદન મૂક! વિનંતી, કરી મેં ગરદન મૂકી તેના માટે જે આખા જહાનનો પાલનહાર છે. (૧૩૧) અને તે જ દીનની વસિય્યત ઇબ્રાહીમે પોતાના દીકરાઓને કરી અને યાકૂબે (પણ), અય મારા દીકરાઓ! બેશક! અલ્લાહે આ દીન તમારા માટે ચૂંટી લીધો, મરશો નહીં પણ મુસલમાન રહીને જ, (૧૩૨)**

قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهٖمَ حَنِيْفًا ۖ وَمَا كَانَ مِنَ
الْمُشْرِكِيْنَ ﴿١٣٥﴾ قُوْلُوْٓا اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا وَمَآ
اُنْزِلَ اِلٰٓى اِبْرٰهٖمَ وَ اِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ
وَالْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَمَآ اُوْتِيَ
النَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ ۚ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ ۖ
وَ نَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿١٣٦﴾ فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ
فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا هُمْ فِيْ شِقَاقٍ ۚ
فَسَيَكْفِيْكَهُمُ اللّٰهُ ۚ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٣٧﴾ صِبْغَةَ
اللّٰهِ ۚ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً ۫ وَّنَحْنُ لَهٗ
عٰبِدُوْنَ ﴿١٣٨﴾ قُلْ اَتُحَآجُّوْنَنَا فِي اللّٰهِ وَ هُوَ رَبُّنَا وَ
رَبُّكُمْ ۚ وَلَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ ۚ وَ نَحْنُ لَهٗ
مُخْلِصُوْنَ ﴿١٣٩﴾ اَمْ تَقُوْلُوْنَ اِنَّ اِبْرٰهٖمَ وَ اِسْمٰعِيْلَ
وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَ الْاَسْبَاطَ كَانُوْا هُوْدًا اَوْ
نَصٰرٰى ۗ قُلْ ءَاَنْتُمْ اَعْلَمُ اَمِ اللّٰهُ ۗ وَمَنْ اَظْلَمُ مِمَّنْ
كَتَمَ شَهَادَةً عِنْدَهٗ مِنَ اللّٰهِ ۗ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا
تَعْمَلُوْنَ ﴿١٤٠﴾ تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا كَسَبَتْ وَلَكُمْ
مَّا كَسَبْتُمْ ۚ وَلَا تُسْـَٔلُوْنَ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٤١﴾

**બલ્કે તમારામાંના પોતે હાજર હતા[૨૪૧] જ્યારે યાકૂબને મૌત આવી. જ્યારે તેણે પોતાના બેટાઓને કહ્યું, મારા પછી કોની પૂજા કરશો ? બોલ્યા અમે પૂજીશું તેને જે ખુદા છે તમારો અને તમારા બાપદાદાઓ ઇબ્રાહીમ અને ઇસ્માઇલ[૨૪૨] અને ઇસ્હાકનો, એક ખુદા અને અમે તેના સામે ગરદન મૂકેલા છીએ. (૧૩૩) આ[૨૪૩] એક ઉમ્મત છે જે ગુજરી ગઇ.[૨૪૪] તેમના માટે છે જે તેઓ કમાયા, અને તમારા માટે છે જે તમે કમાઓ અને તેમના કામોની તમને પૂછપરછ નહીં થાય. (૧૩૪) અને કિતાબી બોલ્યા[૨૪૫] યહૂદી અથવા નસરાની થઇ જાવ માર્ગ પામશો, તમે ફરમાવો, બલ્કે અમે તો ઇબ્રાહીમનો દીન ધારણ કરીએ છીએ જેઓ દરેક બાતિલ (અસત્ય)થી અલગ હતા, અને મુશ્રિકોમાં ન હતા[૨૪૬] (૧૩૫) એવું કહો કે અમે ઇમાન લાવ્યા અલ્લાહ પર અને તેના પર જે અમારી તરફ ઉતારવામાં આવ્યું. અને જે ઉતારવામાં આવ્યું ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અને ઇસ્હાક અને યાકૂબ અને એમની ઔલાદ પર અને મૂસા અને ઇસાને જે અપાયું. અને જે અપાયું બીજા નબીઓને પોતાના પરવરદિગાર તરફથી, અમે એમનામાં કોઇના પર ઇમાન (લાવવામાં) ફેર નથી કરતા. અને અલ્લાહની સામે**

## :: સમજૂતી ::

૨૩૧. સર્વ પ્રથમ કાબા શરીફનો પાયો હઝરત આદમ عليه السلام એ રોપ્યો, અને નૂહ عليه السلام ના સમયે આવેલા તોફાન બાદ એજ પાયા પર હઝરત ઇબ્રાહીમ عليه السلام એ ચણતર લીધું. આ બાંધકામ ખાસ આપના મુબારક હસ્તે જ થયું. એના માટે પત્થરો ઊંચકીને લાવવાની સેવા અને તક હઝરત ઇસ્માઇલ عليه السلام ને સાંપડી, બન્ને હઝરતોએ તે સમયે આ દુઆ કરી કે અય અલ્લાહ ! અમારી આ તાબેદારી અને સેવા કબૂલ ફરમાવ.

૨૩૨. તે હઝરતો અલ્લાહ તઆલાના નિખાલસ અને તાબેદાર બંદાઓ હતા, છતાં આ દુઆ એટલા માટે છે કે તાબેદારી અને નિખાલસતામાં હજુ વધારે આગળ વધવાની ઇચ્છા ધરાવતા હતા, તાબેદારીનો શોખ પૂરો થતો જ નથી, સુબ્હાનલ્લાહ ! દરેક માણસના આચાર વિચાર તેની હિમ્મતના પ્રમાણે હોય છે.

૨૩૩. હઝરત ઇબ્રાહીમ અને ઇસ્માઇલ عليه السلام મઅસૂમ છે. એમની તવબહ એક પ્રકારનો તવાઝુઅ (પોતાની જાતને કમ સમજવી) છે. અને એનાથી અલ્લાહવાળાઓને તાલીમ મળે છે.

**ગરદન નમાવેલા છીએ (૧૩૬)**

**પછી જો તેઓ પણ એવું જ ઇમાન લાવે જેવું તમે લાવ્યા ત્યારે તેઓ હિદાયત પામી ગયા, અને જો મોઢું ફેરવે તો તેઓ નરી જીદમાં છે[૨૪૭] તો અય મહબૂબ! નજીકમાં જ અલ્લાહ તેમનાથી તમને કિફાયત કરશે. અને તે જ છે સાંભળતો જાણતો.[૨૪૮] (૧૩૭) અમે અલ્લાહના રંગમાં રંગાઇ ગયા[૨૪૯] અને અલ્લાહથી વધુ સારો કોનો રંગ, અને અમે તેને જ પૂજીએ છીએ (૧૩૮) તમે ફરમાવો, શું અલ્લાહના વિશે ઝગડો છો[૨૫૦] જો કે તે અમારો પણ માલિક છે અને તમારો પણ[૨૫૧] અને અમારી કરણી અમારી સાથે અને તમારી કરણી તમારી સાથે. અને અમે નર્યા તેનાજ છીએ[૨૫૨] (૧૩૯) બલ્કે તમે એવું કહો છો કે ઇબ્રાહીમ અને ઇસ્માઇલ અને ઇસ્હાક અને યાકૂબ અને એમના દીકરાઓ યહૂદી અથવા નસરાની હતા, તમે ફરમાવો, શું તમને ઇલ્મ વધારે છે કે અલ્લાહને[૨૫૩] અને તેનાથી વધીને જાલિમ કોણ જેના પાસે અલ્લાહ તરફથી ગવાહી આવી અને તે એને છુપાવે[૨૫૪] અને ખુદા તમારા કરતુતોથી અજાણ નથી (૧૪૦) તે એક જુથ હતું કે ગુજરી ગયું, તેમના માટે તેમની કમાઇ અને તમારા માટે તમારી કમાઇ અને તેમના કામોની તમને પૂછપરછ નહિ થાય (૧૪૧)**

**મસઅલો** :- કાબા શરીફ દુઆ કબૂલ થવાનું સ્થળ છે અને અહીં દુઆ અને તવબહ કરવી સુન્નતે ઇબ્રાહીમી છે.

૨૩૪. એટલે હઝરત ઇબ્રાહીમ અને હઝરત ઇસ્માઇલ (عليه السلام) ના વંશમાં, આ દુઆ હુઝૂર ﷺ વિશે હતી. એટલે કે કાબા શરીફના ચણતરની મહાન સેવા બજાવી લાવ્યા પછી અને તવબહ ઇસ્તિગફાર કર્યા બાદ હઝરત ઇબ્રાહીમ عليه السلامએ આ દુઆ કરી કે અય પરવરદિગાર! તું તારા પોતાના મહબૂબ અને અંતિમ જમાનાના નબી મુહમ્મદ ﷺને અમારા વંશમાં જાહેર કર અને આ ફઝીલત અમને આપ, આ દુઆ કબૂલ થઇ અને એ બન્ને હઝરતોની ઔલાદમાં હુઝૂર ﷺ સિવાય બીજો કોઇ નબી પેદા થયો નથી અને હઝરત ઇબ્રાહીમ عليه السلامની નસલમાં બીજા જેટલા નબીઓ થયા તે હઝરત ઇસ્હાક عليه السلامની ઔલાદમાં હતા.

**મસઅલો :- હુઝૂર ﷺએ પોતાની મીલાદ પોતાની જાતે જ બયાન ફરમાવી છે.** ઇમામ બયઝાવીએ એક હદીષ રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફરમાવ્યું, હું અલ્લાહ તઆલા પાસે ખાતિમુન્નબીય્યીન તરીકે લખાએલો હતો તે સમયે જ્યારે હઝરત આદમનું પૂતળું તૈયાર થઇ રહ્યું હતું. હું તમને મારા પહેલાંની હાલતની ખબર આપું છું કે હું ઇબ્રાહીમની દુઆ છું, ઇસાની ખુશખબરી છું અને મારી વાલિદહના તે ખ્વાબની તાબીર છું જે તેઓએ મારી વિલાદતના સમયે જોયો કે તેમના માટે એક ઝળહળતું નૂર જાહેર થયું જેનાથી શામ દેશના મહેલો તેમની નજર સમક્ષ થઇ ગયા. આ હદીષમાં ઇબ્રાહીમની દુઆનો મતલબ એ દુઆ જ થાય છે. જે આ આયતમાં બયાન થઇ છે. અલ્લાહ તઆલાએ એ દુઆ કબૂલ ફરમાવી અને આખરી જમાનામાં હૂઝૂર ﷺનો જાહેર ફરમાવ્યા. (જુમલ અને ખાઝિન)

૨૩૫. આ કિતાબથી કુરઆન પાક અને એની તઅલીમથી એની હકીકતો અને અર્થો શિખવાડવાની મુરાદ છે.

૨૩૬. હિકમત જેનો માયનો પાકુ ઇલ્મ કરવામાં આવ્યો છે એના અર્થમાં ઘણા મંતવ્યો છે. અમુક કહે છે કે હિકમતનો મતલબ ફિકહ છે. કતાદાનું કહેવું છે કે હિકમત એ સુન્નતનું નામ છે. અમુક કહે છે કે હિકમત ઇલ્મે અહકામને કહે છે, મતલબ એ કે હિકમત એ ગુઢ ઇલ્મનું નામ છે.

૨૩૭. પાક કરવાનો એ અર્થ છે કે નફસ અને રૂહોને કુદુરતો (મેલ) થી પાક કરીને પર્દા ઉઠાવી દે. અને એમનામાં રહેલી કુદરતી લાયકાતના દીવ-

ડાને પ્રકાશિત કરીને તેને એ લાયક કરી દે કે તેમાં હકીકતનો સમાવેશ થઇ શકે.

**શાને નુઝૂલ :** ૨૩૮. યહૂદીઓના ધર્મ ગુરૂ-ઓમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામે ઇસ્લામ સ્વીકાર્યા પછી પોતાના બે ભત્રીજા મુહાજિર અને સલ્માને ઇસ્લામનું આમંત્રણ આપ્યું. અને કહ્યું કે તમને ખબર છે કે અલ્લાહ પાકે તવરાતમાં ફરમાવ્યું છે કે હું ઇસ્માઇલ (عليه السلام) ની ઔલાદમાં એક નબી પેદા કરીશ જેમનું નામ અહમદ હશે. જે એમના પર ઇમાન લાવશે તે સન્માર્ગ પામશે, અને જે ઇમાન નહિ લાવે તે મલઉન છે. આ સાંભળી સલ્મા ઇમાન લઇ આવ્યા અને મુહાજિરે ઇન્કાર કર્યો, ત્યારે અલ્લાહ પાકે આ આયત ઉતારી જાહેર કરી દીધું કે જ્યારે હઝરત ઇબ્રાહીમ عليه السلامએ પોતે આ રસૂલે મુઅઝઝમના જાહેર થવાની દુઆ માંગી તો હવે આ રસૂલના દીનથી ફરશે તે હઝરત ઇબ્રાહીમના દીનથી ફરેલો ગણાશે, એમાં યહૂદીઓ નસારા અને અરબસ્તાનના મુશ્રિકોને લાજવાબ કરવામાં આવ્યા છે કે જેઓ પોતાનો હઝરત ઇબ્રાહીમ عليه السلام સાથે સંબંધિત કરીને ગર્વ કરતા હતા. કહેવામાં આવ્યું કે જ્યારે તમે તેમના દીનથી ફરી ગયા તો હવે તમારા સંબંધમાં ગર્વ કરવા જેવું શું છે ?

૨૩૯. રિસાલત અને ખુલ્લતનો મરતબો આપીને રસૂલ અને ખલીલ બનાવ્યા.

૨૪૦. જેમના માટે બુલંદ દરજ્જાઓ છે, તો જ્યારે હઝરત ઇબ્રાહીમ عليه السلامબન્ને જહાનની બુઝુર્ગી ધરાવે છે તો પછી આપના તરીકાથી ફરી જનાર જરૂર નાદાન અને મૂર્ખ છે.

**શાને નુઝૂલ :** ૨૪૧. આ આયત યહૂદીઓ વિશે ઉતરી, તેઓએ કહ્યું હતું કે હઝરત યાકુબ عليه السلامએ પોતાની વફાત સમયે પોતાની ઔલાદને યહૂદી રહેવાની વસિય્યત કરી હતી. અલ્લાહ તઆલાએ તેમના આ જૂઠનો રદીયો આપવા આ આયત ઉતારી. (ખાઝીન) મતલબ એ છે કે અય બની ઇસરાઇલ ! હઝરત યાકુબ عليه السلامએ જ્યારે પોતાના દીકરાઓને બોલાવીને તેમના પાસેથી ઇસ્લામ અને તવહીદ પર કાયમ રહેવાનું વચન લીધું હતું. ત્યારે તમારા પૂર્વજો હાજર હતા (પછી શા માટે આવું જૂઠ ફેલાવો છો ?)

૨૪૨. હઝરત યાકૂબ عليه السلام હઝરત ઇસ્હાક عليه السلامની ઔલાદમાં હોવા છતાં આયતમાં હઝરત ઇસ્માઇલ عليه السلامને પણ હઝરત યાકૂબ عليه السلامના બાપ-દાદાઓમાં એટલા માટે ગણાવવામાં આવ્યા છે કે આપ હઝરત યાકૂબ عليه السلامના કાકા થાય છે, અને કાકા બાપના મરતબામાં ગણાય છે. જેવું કે હદીષ શરીફમાં છે. અને હઝરત ઇસ્માઇલનું નામ હઝરત ઇસ્હાક કરતાં પહેલું બે કારણોમાંથી ગમે તે એકને લઇને રાખવામાં આવ્યું છે. પ્રથમ એ કે આપ હઝરત ઇસ્હાક કરતાં ૧૪ વરસ મોટા છે. બીજું એ કે આપ હુઝૂર ﷺના દાદાઓમાંથી છે.

૨૪૩. અર્થાત હઝરત ઇબ્રાહીમ અને હઝરત યાકુબ عليه السلام અને આપની મુસલમાન ઔલાદ.

૨૪૪. અય યહૂદીઓ તમે એમના પર બોહતાન ન બાંધો.

૨૪૫. હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما ફર્માવ્યું, આ આયત યહૂદી સરદારો અને નજરાન મુકામના નસરાનીઓ (ખ્રિસ્તીઓ)ના જવાબમાં ઉતરી, યહૂદીઓએ તો મુસલમાનોને એવું કહ્યું હતું કે હઝરત મૂસા عليه السلام બધા નબીઓમાં શ્રેષ્ઠ છે. તવરાત તમામ કિતાબોમાં અફઝલ છે, અને યહૂદી ધર્મ બધા ધર્મોથી સારો છે. એની સાથે તેઓએ હુઝૂર ﷺ અને ઈન્જીલ તેમજ કુર્આન સાથે કુફ્ર કરીને મુસલમાનોને કહ્યું કે યહૂદી બની જાવ, એવી જ રીતે નસરાનીઓએ પણ પોતાના ધર્મને સાચો બતાવીને મુસલમાનોને નસરાની બની જવા કહ્યું, ત્યારે આ આયત ઉતરી.

૨૪૬. આમાં યહૂદીઓ અને નસારા વિગેરેને લાજવાબ કરવામાં આવ્યા છે કે તમે

મુશ્રિક છો માટે તમે મિલ્લતે ઈબ્રાહીમ પર હોવાનો જે દાવો કરો છો તે ખોટો છે, એ પછી મુસલમાનોને સંબોધવામાં આવે છે કે તમે એ યહૂદી અને નસારાને કહી આપો કે 'કુલૂ આમન્ના'' (કહો અમે ઈમાન લાવ્યા ... આખી આયત)

૨૪૭. અને તેમનામાં હક પ્રાપ્ત કરવાની જરા માત્ર પણ ધગશ નથી.

૨૪૮. આ અલ્લાહ તરફથી જવાબદારી છે કે તે પોતાના હબીબ ﷺને વિજય આપશે, અને એમાં ગયબની ખબર પણ છે કે ભવિષ્યમાં મળનારા વિજયની પહેલાં જ ખબર આપી દીધી, અને એમાં હુઝૂર ﷺનો મુઅજિઝો છે કે અલ્લાહ તઆલાની એ જિમ્મેદારી પૂરી થઈ અને આ ગયબી ખબર સત્ય થઈને રહી, કાફિરોની ઈર્ષા અને શત્રુતા તેમજ એમની ચાલબાજીઓથી હુઝૂર ﷺને કંઈ જ નુકસાન થયું નહિ, હુઝૂરની ફતેહ થઈ. બની કુરેઝા કત્લ થયા, બની નુઝેર દેશનિકાલ થયા, અને યહૂદ–નસારા પર જિઝયો નાખવામાં આવ્યો.

૨૪૯. અર્થાત રંગ જે રીતે કપડાના ઝાહિર અને બાતિનમાં ઘુસી જાય છે. એવી જ રીતે અલ્લાહના દીનના સત્ય અકાઈદ અમારી નસે નસમાં પેવસ્ત થઈ જાય છે. અમારૂં ઝાહિર અને બાતિન, શરીર અને રૂહ તેના રંગમાં રંગાઈ ગયાં છે. અમારો રંગ જાહેરી રંગ નથી કે જેનાથી કંઈ ફાયદો ન થાય. બલ્કે એ તો મનુષ્યના આત્માઓને પવિત્ર કરી દે છે. જાહેરમાં એનો અસર દેખાવ અને કાર્યોથી માલમ પડે છે, નસરાનીઓ જ્યારે કોઈને પોતાના ધર્મમાં દાખલ કરતા અથવા એમના ત્યાં કોઈ બાળક જન્મતું ત્યારે તેઓ પાણીમાં પીળો રંગ નાખીને તેને ઝબોળતા હતા અને કહેતા કે હવે આ પાકો નસરાની બન્યો. તેનો આ આયતમાં જવાબ આપવામાં આવ્યો છે કે આ જાહેરી રંગ કશા કામનો નથી.

**શાને નુઝૂલ** : ૨૫૦. યહૂદીઓએ મુસલમાનોને કહ્યું, અમે આગલી કિતાબવાળા છીએ. અમારો કિબ્લો જૂનો છે. અમારો ધર્મ પૂરાનો છે, નબીઓ અમારામાં થયા છે. જો હુઝૂર ﷺ નબી હોત તો અમારામાં જ હોત, ત્યારે આ આયત ઉતરી.

૨૫૧. તેને અધિકાર છે કે પોતાના બન્દાઓમાંથી જેને ઈચ્છે તેને બનાવે, અરબોમાંથી હોય કે બીજાઓમાંથી.

૨૫૨. કોઈ બીજાને અલ્લાહનો ભાગીદાર નથી બનાવતા અને ઈબાદત તથા બંદગી ફક્ત તેના માટે જ કરીએ છીએ, માટે ઈનામના પાત્ર અમે જ છીએ.

૨૫૩. એનો ખરો જવાબ એ જ છે કે અલ્લાહ જ વધુ જાણનાર છે, તે જ્યારે તેણે ફર્માવ્યું, **مَا كَانَ اِبۡرَاهِیۡمُ یَهُوۡدِیًّاوَّ لَا نَصۡرَانِیًّا** ઈબ્રાહીમ યહૂદી કે નસરાની ન હતા. તો તમારી આ વાત અસત્ય છે.

૨૫૪. આ યહૂદીઓની હાલત છે જેઓએ અલ્લાહની ગવાહીઓ સંતાડી કે જે તવરાતમાં બયાન થએલી હતી, અને તે એ હતી કે મુહમ્મદ ﷺ તેના નબી છે, અને આપના આવા ગુણો છે. આપની આ તારીફ છે, હઝરત ઈબ્રાહીમ મુસલમાન છે અને મકબૂલ દીન ઈસ્લામ છે, યહૂદીયત કે નસરાનિયત નહિ.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : **અંજુમને રઝાએ મુસ્તફા,** મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**હદીષ :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ رضي الله عنه થી[૧] રિવાયત છે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે આપે એક એક હાથ વડે કુલ્લી કરી (કોગળો કર્યો) અને નાકમાં પાણી લીધું[૨] આવું ત્રણવાર કર્યું. (અબૂ દાઊદ તથા તિર્મિઝી)

હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે નબી ﷺ પોતાના માથા તથા કાનોનો મસહ કર્યા કરતા હતા. કાનોની અંદરનો કલમાની આંગળીઓ વડે[3] અને કાનોની બહાર અંગૂઠા વડે[૪]. (નિસાઈ)

હઝરત રબીઅ બિન્તે મુઅવ્વઝથી[૫] રિવાયત છે, તેમણે નબી કરીમ ﷺ ને વુઝૂ કરતાં જોયા તો આપે આપના આગલા પાછલા હિસ્સાનો અને કાનપટ્ટીઓનો બંનેનો એકવાર મસહ કર્યો[૬]. અને એક રિવાયતમાં છે કે આપે વુઝૂ કર્યું તો પોતાની આંગળીઓ પોતાના કાનોના કાણાઓમાં નાખી[૭]. એને અબૂ દાઊદે રિવાયત કરી. તિર્મિઝીએ પ્રથમ રિવાયત અને અહમદ ઈબ્ને માજહએ બીજી રિવાયત નક઼લ કરી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદથી રિવાયત કરી કે તેમણે નબી ﷺ ને વુઝૂ કરતાં જોયા, અને આપે આપના માથાનો એ પાણી વડે મસહ કર્યો જે હાથોનું વધેલું હતું[૮]. એને તિર્મિઝીએ રિવાયત કરી અને મુસ્લિમે કેટલાક વધારા સાથે.

હઝરત અબૂ અમામાથી[૯] રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ના વુઝૂનું વર્ણન કર્યું. ફર્માવે છે કે આપ આંખના ખૂણાઓને પણ ઘસતા હતા. અને ફર્માવ્યું કે બંને કાનથી માથુ (મુરાદ) છે[૧૦]. એને ઈબ્ને માજહ, અબૂ દાઊદ તથા તિર્મિઝીએ રિવાયત કરી. બંનેએ કહ્યું. હમ્માદ ફર્માવે છે, મને ખબર નથી કે એ ક઼ૌલ કે "કાનથી માથુ (મુરાદ) છે" એ અબૂ અમામાનો ક઼ૌલ છે કે રસૂલુલ્લાહ ﷺ નું ફર્માન છે[૧૧].

હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે એક બદવી હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થઈને વુઝૂ વિશે પૂછવા લાગ્યા તો આપે એમને ત્રણવાર વુઝૂ કરીને બતાવ્યું, અને ફર્માવ્યું, વુઝૂ આ પ્રમાણે છે, જે એનામાં વધારો કરે તેણે ગુનોહ કર્યો, નાફર્માની કરી જુલ્મ કર્યો[૧૨]. એને નિસાઈ, ઈબ્ને હબ્બાને રિવાયત કરી. અબૂ દાઊદે એનો ભાવાર્થ.

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ અબ્દુર્રબ્બહ છે અન્સારી છે, ખઝરજી છે. બયઅતે ઉકબા અને જંગે બદર વગેરે તમામ ગઝવાતમાં હુઝૂર ﷺ ની સાથે રહ્યા. મસ્જિદે નબવીના બાંધકામ બાદ હિ.સ. ૧માં આપે જ ખ્વાબમાં અઝાન જોઈ. આપની જ અર્ઝ કરેલી અઝાન ઈસ્લામમાં રિવાજ પામેલી છે. પોતે પણ સહાબી છે અને માતા પિતા પણ સહાબી છે. ૬૪ વરસની ઉંમર પામ્યા.

**૨.** એના બે અર્થો થઈ શકે છે, એક એ કે દરેક કોગળાના અડધાથી કુલ્લી (કોગળો) કર્યો અને અડધાથી નાકમાં પાણી લીધું, જેવું કે શાફઈ મઝહબમાં છે. બીજુ એ કે હુઝૂર ﷺ એ કુલ્લી અને નાકમાં ખોબા વડે ન લીધું, જેમ કે મોં ધોતી વખતે, બલ્કે એક હાથથી કર્યું. જેથી આ હદીષ હનફીઓની વિરૂધ્ધ નથી.

**૩.** કલમાની આંગળીને અરબના કાફિરો સબ્બાબા કહેતા હતા, એટલે કે ગાળો આપવાવાળી આંગળી. કેમ કે ગાળ ગલોચ કરતી વખતે એ આંગળી વડે ઈશારો કરતા હતા, એટલા માટે એનું આ નામ રાખ્યું હતું. ઈસ્લામે એનું નામ સબ્બાહુદ્દિયહ્ મુસબ્બિહા રાખ્યું, એટલે તસ્બીહ પઢવાવાળી આંગળી. અને ઉર્દૂ બોલીમાં એને કલમાની આંગળી કહેવામાં આવે છે કેમ કે આંગળી તસ્બીહ તથા કલમામાં વપરાય છે, કેમ કે પહેલાં એના પર ગણત્રી કરવામાં આવે છે.

**૪.** એટલે કે માથાના મસહ પછી એ પાણી વડે, ન કે બીજા પાણી વડે. જેથી આ હદીષ હનફીઓની દલીલ છે. ઈમામ શાફઈને ત્યાં કાનનો અંદરનો ભાગ મોં સાથે ધોવામાં આવે છે અને બહારના હિસ્સાનો માથા સાથે મસહ થાય છે. આ હદીષ એમની વિરૂધ્ધ છે, તેમજ એક જ અંગને ધોવું તથા મસહ કરવો એ ક઼ાનૂનની વિરૂધ્ધ છે. ગુસ્લ તથા મસહ ભેગુ ન હોવું જોઈએ. અમુક ઈમામોની નજીક કાનના મસહના માટે અલગ પાણી લે છે. આ હદીષ એમની પણ વિરૂધ્ધ છે.

**૫.** આપ અન્સારિયા અન્જારિયા છે. બયતુર્રિદ્વાનમાં હાજર હતાં. આપના દાદાનું નામ અફરા છે.

**૬.** આ હદીષથી સ્પષ્ટપણે માલૂમ પડયું કે કાનની ગણના માથામાં છે, તેનો મસહ થશે, તેને ધોવામાં નહીં આવે ન તો ત્રણવાર. જેથી આ હનફીઓની કવી (મજબૂત) દલીલ છે. કાનપટ્ટીઓ ચહેરામાં દાખલ છે કેમ કે ચહેરાની હદ પહોળાઈમાં એક કાનની પટ્ટીથી બીજા કાનની પટ્ટી સુધી છે, જેથી ચહેરાની સાથે ત્રણવાર ધોવામાં આવશે. કાનના મસહની સાથે હુઝૂરની આંગળીઓ કાનપટ્ટી પર પણ લાગી ગઈ હશે અને એ સમજ્યાં કે આપ એનો મસહ કરી રહ્યા છે, જેમ કે અમામાની સાથે મસહમાં વર્ણન કરવામાં આવ્યું. જેથી આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી જેમાં કાનપટ્ટીઓને ધોવાનો હુકમ છે.

**૭.** આ પણ સુન્નત છે. યાદ રાખશો કે બંનેનો મસહ એક સાથે થશે, જમણાથી શરૂ કરવું એ અંગોમાં થાય છે જે બંનેવને એક સાથે ન ધોઈ શકાતાં હોય. એટલા માટે કાંડાં સુધી બંને હાથ એક સાથે ધોવામાં આવે છે અને કોણીઓ સુધી ક્રમવાર કે પ્રથમ જમણો પછી ડાબો. *(મિર્ક઼ાત)*

**૮.** એટલે કે મસહ માટે અલગ પાણી લીધું, હાથોના વધેલા પાણી વડે મસહ ન કર્યો.

**૯.** આપનું નામ સઅદ ઈબ્ને હુનૈફ છે. અન્સારી, ખઝરજી, અવસી છે. પોતાની કુન્નિયતમાં મશહૂર થયા. હુઝૂર ﷺની વફાતથી બે વરસ પહેલાં પેદા થયા એટલા માટે આપની ગણના તાબઈનમાં થાય છે. ૮૨ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૧૦૦માં વિસાલ ફર્માવ્યો. અબૂ અમામા બાહિલી એ બીજા છે જે સહાબી છે.

**૧૦.** એટલે કે તેમના જાહેર તથા બાતિન (આંત્રિક)નો મસહ માથાના જ પાણી વડે થશે, ચહેરા સાથે ધોવામાં નહીં આવે. યાદ રાખશો કે આંખના ખૂણાઓ પર આંગળી ફેરવી લેવી જેથી પાણી એમની અંદર ફેલાય જાય, સુન્નત છે. અહીં એ જ મુરાદ છે, કેમ કે ખૂણાઓના મસહને કોઈ માનનારુ નથી.

**૧૧.** જાહેર એ જ છે કે આ હુઝૂર ﷺનું ફર્માન શરીફ છે, કેમ કે અબૂ અમામા હુઝૂરના વુઝૂના બારામાં એવું ફર્માવી રહ્યા છે. તેમજ કાનોનું માથા કે ચહેરાથી હોવું સાંભળીને જ કહી શકાય છે, ન કે પોતાના મંતવ્ય હેઠળ. કેમ કે વુઝૂના હુકમો બુદ્ધિથી પર છે જેથી આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે.

**૧૨.** ગુનોહ તો સુન્નત ત્યજવાનો થયો અને નાફર્માની ત્રણથી વધુ કરવા પર થઈ, કેમ કે ધોવાની હદ ત્રણવાર છે અને જુલ્મ પોતાની જાન પર કર્યો કે હુઝૂર ﷺની વિરૂધ્ધતા કરી, પાણીમાં ફુઝૂલ ખર્ચી કરી, પોતાની જાન પર નિરર્થક તકલીફ નાખી. જે કોઈ ત્રણથી અધિકને સુન્નત સમજી લે તો એની માન્યતા પણ ગલત થઈ. હા, ત્રણથી કમી થઈ શકે છે, અધિક્તા નથી થઈ શક્તી. તેમજ ત્રણવાર ધોવામાં સર્વ અંગોના ધોવાય જવાનું યક઼ીન થઈ જાય છે. એમાં વધારો શૈતાની વસવસાના કારણે થઈ શકે છે.

## હદાઇકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**ઝાઈરો પાસે અદબ રખો હવસ જાને દો**
**આંખેં અંધી હૂઈ હૈં ઉન્કો તરસ જાને દો**

*(ઝાઈરો = હે ઝિયારત કરવાવાળાઓ !, પાસ = લેહાઝ, ખયાલ, હવસ = શોખ, લાલચ, તરસ = ડર)*

**અર્થાત** : "બા મુહમ્મદ હોશ્યાર"ની ફિલોસોફી વર્ણવવામાં આવી રહી છે કે હે મદીનાની ઝિયારત કરનારાઓ ! જો કે મદીનાની મહોબ્બત અને અત્યાર સુધી મહબૂબથી જુદા રહેવાનો ખયાલ એ વાત માટે ઉત્તેજીત કરી રહ્યો છે કે રોઝાએ રસૂલની જાળીઓને ચોંટી જઈએ અને દરો દીવારને સીનાથી લગાડીને રડીએ, પણ એ દીવાનગીનું પ્રદર્શન યોગ્ય નથી, કેમ કે આ હુઝૂર ﷺનો દરબાર છે. ખબરદાર ! હોશિયાર ! અદબને સાચવી રાખવામાં આવે. પોતાની આંખોને બેઅદબી કરવા પર ઈમાન નષ્ટ થઈ જવાનો ડર સંભળાવો અને પોતે પોતાની જાતને એના પાત્ર જ ન સમજો કે રોઝા મુબારકની જાળીઓને તમે હાથ લગાડી શકો છો ! ક્યાં આપણે અને ક્યાં તે અદબની જગા કે જે અર્શથી નાઝુકતર છે ! ફતાવાની કિતાબોમાં છે કે રોઝાએ પાકની સામે એ રીતે ઉભા રહો જેવી રીતે નમાઝમાં ઉભા રહેવામાં આવે છે. હાથ બાંધીને ઉભા રહો એટલે જમણો હાથ ડાબા હાથ પર રાખીને, અને એ જ પ્રમાણે અદબ તથા એહતેરામ કરવામાં આવે, જાણે કે આપણે હુઝૂરે ﷺની જાહેરી હયાતમાં આપની સામે બેઠેલા છીએ.

*હાઝિર હૂએ જિબ્રઈલે અમીન ભી તો અદબસે—નાઝિલ હુવા કુર્આં ભી તો બેસૂતો સદા થા*

**સૂખી જાતી હૈ ઉમ્મીદે ગુરબાકી ખેતી**
**બુંદિયાં લિકએ રહમતકી બરસ જાતી હૈ**

*(સૂખના = સૂકાવું, ઉમ્મીદે = ગુરબા = ગરીબોની તમન્ના, બુંદિયાં = ટીપાં, લિકએ રહમત = રહમતના વાદળનો ટુકડો)*

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! આપના ગુનેહગાર ઉમ્મતીઓ બિચારાની ઉમ્મીદની ખેતીઓ સૂકાતી જઈ રહી છે, તમારી રહમતના, કરમના વાદળથી થોડાંક છાંટાઓ પાડી દો જેથી સૂકી ખેતીઓ હર્યી ભર્યી થઈ જાય.

ડૉ. ઈકબાલે હુઝૂર ﷺની બારગાહમાં એ તમન્નાનો આ પ્રમાણે ઈઝહાર કર્યો :–

*હુઝૂર ! દહરમેં આસૂદગી નહીં મિલતી—તલાશ જિસ્કી હૈ વો ઝિંદગી નહીં મિલતી*
*હઝારો લાલાઓ ગુલ હૈં રિયાઝે હસ્તીમેં—વફાકી જિસમેં બૂ હો વો કલી નહીં મિલતી*

ઘણા બધા બનાવો કિતાબોમાં મૌજૂદ છે કે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થનારાઓની રૂહાની

ભૂખ તરસ તો ખત્મ થઈ જાય છે, શારીરિક તથા જાહેરી ભૂખ પ્યાસ પણ સરકાર ﷺના કરમથી મટી છે. *(જુઓ : જઝ્બુલ કુલૂબ, રૌઝુર્રિયાહીન, વફાઉલ વફા)*

એક બનાવ જઝ્બુલ કુલૂબના હવાલાથી નક્લ કરી રહ્યો છું અને તે એ કે ઈબ્ને જિલાઅ્ રحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું મદીના મુનવ્વરા હાજર થયો તો બે દિવસ સુધી ખાવાનું કાંઈ ન મળ્યું. સરકાર ﷺના રોઝાએ અત્હર પર હાજર થયો અને અર્ઝ કરી, હુઝૂર ! હું આપનો મહેમાન છું પણ ભૂખ્યો છું. બસ, આટલુ કહીને હું સૂઈ ગયો, તો સરકાર ﷺ ખૂદ તશરીફ લાવ્યા અને એક રોટલી મને અતા ફર્માવી. મેં ખ્વાબમાં જ અડધી રોટલી ખાધી અને પછી જાગ્યો તો જોયું કે બાકીની અડધી રોટલી મારા હાથમાં હતી ! *(જઝ્બુલ કુલૂબ, પેજ–૨૨૩)*

**પલ્ટી આતી હૈ અભી વજદમેં જાને શીરીં**
**નગ્મએ કુમ કા ઝરા કાનોંમેં રસ જાને દો**

*(પલ્ટી = પાછી ફરી, જાને શીરીં = મીઠી જાન, નગ્મા = ગીત, સૂરીલો અવાજ, કુમ = કયામથી છે, ઉભા થઈ જવું મુરાદ છે, મુડદુ જીવંત કરવું મુરાદ છે, રસ જાના = વસી જવું)*

**અર્થાત** : હે મારા આકા ! મારી રૂહ (જે ગુનાહોના કારણે અને ગફલતનો શિકાર થઈને) મુર્દા થઈ ચૂકી છે. જરા એના કાનમાં "કુમ બિઈઝનિલ્લાહ" (હે મુર્દા ! અલ્લાહના હુકમથી જીવંત થઈ જા !)નો હયાતબખ્શ નારો પોતાના સૂરીલા અવાજથી બુલંદ ફર્માવ ! પછી દુનિયા જોશે કે આ મુર્દા રૂહમાં કેવી રીતે જાન પડે છે, અને કેવી રીતે વજ્દ કરતી કરતી પોતાનું કામ શરૂ કરી આપે છે !

*જિસકી તસ્કીંસે રોતે હૂએ હંસ પળે–ઉસ તબસ્સુમકી આદતપે લાખોં સલામ*

જ્યારે તબસ્સુમ (સ્મિત)માં આટલી અસર છે તો **وما ينطق عن الهوىٰ ان هو الا وحى يوحىٰ** (હુઝૂર *પોતાની ઈચ્છાથી કાંઈ નથી કહેતા પણ અલ્લાહની વહીથી કહે છે*)ની કૌષર તથા તસ્નીમ (જન્નતી નહેર)માં ધોયેલી ઝબાનમાં કેટલી અસર હશે. શું દરેક નબીનો દરેક કમાલ હુઝૂર ﷺમાં હોવાનું માનવું જરૂરી નથી ? તો પછી ઈસા علیہ السلامના માટે (મુર્દાને જીવંત કરવું) તો માનવામાં આવે અને તેમના આકા (મુહમ્મદ મુસ્તફા ﷺ) માં કેમ ન માનવામાં આવે ?!

એક શખ્સ જે હુઝૂર ﷺની નક્લ ઉતારતો હતો અને એ રીતે આપ ﷺની તૌહીનમાં મઝાક કરતો હતો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે એ જ પ્રમાણે થઈ જા ! જેથી મરતાં સુધી વાંકુ મોઢું લઈને ફરતો રહ્યો. *(તિબ્રાની, મુસ્તદરક, બયહકી, ખસાઈસ, ૨/૭૯)*

મિશ્કાત શરીફમાં છે કે એક શખ્સને હુઝૂર ﷺએ ડાબા હાથે ખાવા ખાતો જોયો તો પૂછયું, જમણા હાથે કેમ ખાવા નથી ખાતો ? તે જૂઠુ બોલ્યો કે બીજો હાથ કામ નથી કરતો એટલે કે બેકાર છે. ફર્માવ્યું, જા ! તો બેકાર જ રહેશે. ત્યાર બાદ તે હાથ એવો નકામો થઈ ગયો કે મોં સુધી ઉઠી જ ન શક્યો. *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૫૩૬)*

હુઝૂર ﷺએ એક મુર્તદના બારામાં જમીનને હુકમ આપ્યો કે એનો સ્વીકાર ન કરતી. જેથી મૃત્યુ બાદ એને જમીનમાં દફન કરવામાં આવતો તો જમીન એને કાઢીને બહાર ફેંકી દેતી.

*વો ઝબાં જિસ્કો સબ કુનકી કુંજી કહેં–ઉસકી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ*

**હમ ભી ચલતે હૈં ઝરા કાફલેવાલો ઠહરો**
**ગઠરિયાં તોશએ ઉમ્મીદકી કસ જાને દો**

**અર્થાત :** આ'લા હઝરત رحمۃ اللہ علیہ મદીના શરીફની તરફ જનારા કાફલાને જોઈને તડપી ઉઠયા અને તેમને સંબોધીને ફર્માવ્યું કે હે મદીના જનારા કાફલા ! થોડીવાર રોકાઈ જા કે અમે પણ અમારી ઉમ્મીદોનો ઝાદે રાહ (વાટખર્ચ) બાંધીને તારી સાથે દયારે મહબૂબ ચાલીએ.

**દીદે ગુલ ઔર ભી કરતી હૈ કયામત દિલ પર**
**હમ સફીરો ! હમેં ફિર સૂએ કફશ જાને દો**

*(દીદ = જોવું, કયામત = મુસીબત, હમ સફીર = હમ આવાઝ, સૂએ કફશ = જાળની તરફ)*

**અર્થાત :** ફૂલને જોઉં છું તો (મહબૂબની યાદ આવી જાય છે જેનાથી) દિલ પર જાણે એક કયામત ગુજરી જાય છે, જેથી હે મારા સાથીઓ ! હવે હું તમારા કામનો નથી રહ્યો, મને હવે પિંજરા અને જાળની તરફ જ લઈ ચાલો, કેમ કે હવે હું શિકારી સાથે કાંઈક એવો હરી મળી ગયો છું કે હવે રિહાઈ (મહબૂબના ઈશ્કથી જુદાઈ) મૌત નજર આવે છે.

જો કે કબ્રથી વધીને શું કયામત તથા મુસીબત હશે ?! પરંતુ સિદીકે અકબર رضی اللہ عنہ હુઝૂર ﷺના વિસાલ બાદ જ્યારે બીમાર પડયા તો કોઈ ઈલાજ કરવા આવતુ તો ફર્માવતા કે એનો ઈલાજ વિસાલે યાર જ છે !

હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ એકવાર ઊંટોને નહર (ઝબહ) કરવા લાગ્યા તો ઊંટો દોડી દોડીને આપની તરફ આવતાં કે મહબૂબના હાથે અમારી ગરદન પર પ્રથમ છરી ચાલે !

**આતિશે દિલ ભી ભળકાઓ અદબદાં નાલો**
**કૌન કહતા હૈ કે તુમ ઝબ્તે નફસ જાને દો**

*(આતિશ = આગ, અદબદાં નાલો = અદબ જાણનાર ફરિયાદીઓ ! ઝબ્ત = કાબૂ)*

**અર્થાત :** હે વિરહ તથા ફિરાકના પછી મહબૂબના વિસાલ (મિલન) માટે આહોઝારી તથા આર્તનાદ સાથે ફરિયાદ કરનારા ! અને કેવળ આંખો વડે આંસૂં વહાવવા પર બસ કરનારા ! ઈશ્કના દર્દ માટે તને નથી કહેતો કે તું આંખોથી આંસૂ ન વહેવા દે, બેશક ! આંખોનાં આંસૂ ઘણા બરકતવાળાં છે, પરંતુ કેવળ આંખો સુધી જ સીમિત ન રહે, બલ્કે દિલની તરફ પણ આવ, અને મારા દિલને સરકાર ﷺના ઈશ્કમાં ગુલનાર કરી આપ, અથવા પછી નારથી ગુલઝાર કરી આપ, કેમ કે આ દિલ પણ આપનું છે અને જાન તથા રૂહ પણ સરકાર ﷺના માટે જ છે, અને બેહતર થશે કે આકા ﷺની મહોબ્બતમાં ફના થઈને બકા (સલામતી) પામી જઈએ.

ઈશ્કે રિસાલત મઆબ ﷺમાં ડૂબેલા આ જઝબાઓ પર કુર્બાન થવા દિલ ચાહે છે ! કોઈ દૌલતની તલાશમાં માર્યો માર્યો ફરે છે, કોઈ ખ્યાતિનો, નામનાનો ભૂખ્યો છે અને આપણા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہતો પોતાનું સર્વ કાંઈ કુર્બાન કરીને કેવળ નિગાહે મુસ્તફા ﷺને હાંસલ કરવાના માટે તડપી રહ્યા છે અને આકાની ગલીના ગદા બનવા માટે મર્યા માર્યા ફરી રહ્યા છે.

*યહ મર્તબા જિસકો મિલા, મિલ ગયા !*

**યૂં તને ઝાર કે દરપે હુએ દિલ કે શોઅલો**
**શેવએ ખાના બરઅંદાઝીએ ખસ જાને દો**

*(તનેઝાર =કમજોર શરીર, દરપે હોના = પીછો કરવો, શેવા = અંદાઝ, તૌર તરીકો, ખાના બરઅંદાઝીએ ખસ = તણખલાંની ઝુપડીનું ઘર)*

**અર્થાત** : જ્યારે દિલમાં ઈશ્કની આગના શોલાઓ ભડકી ઉઠે તો તણખલાંની બનેલી આ શરીરની ઝુપડીની પરવા ન કર ! એનું સળગી જવું જ બેહતર છે કે એ મહબૂબના દીદાર માટે રુકાવટ બનેલ છે. એટલા માટે જાનની કુર્બાની આપીને પણ યારનો જલ્વો (દીદાર) નસીબ થાય તો સોદો મોઘો નથી.

**અય 'રઝા' આહ કે યૂં કટેં જુર્મ કે સાલ**
**દો ઘળીકી ભી ઈબાદત તો બરસ જાને દો**

**અર્થાત** : ઝોહદો તક્વા, તહારત તથા પાકીઝગીની જાન, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મહબૂબ ﷺની ઝિયારતના નુસ્ખા બતાવતાં ફર્માવે છે : હે રઝા ! આખી જિંદગી તેં નાફર્માનીઓ, ગુનાહો તથા જુર્મોમાં આસાની સાથે ગુજારી આપી અને વાતો એમને મળવાની કરે છે જે રૂશ્દો હિદાયતનો શ્રોત છે ?! કમસે કમ થોડી ઘડીઓની ઈબાદત તો કરી લીધી હોત ! જેથી કયામતમાં એમના દરબારમાં મોં બતાવતાને પાત્ર થઈ જાત ! જ્યારે હઝરત રબીઅહ رضی اللہ عنہને સરકાર ﷺએ "સલ" (માગ !) શું માગે છે ?! તેમણે અર્ઝ કરી, હુઝૂર ﷺ મને જન્નતમાં પણ આપનો સાથ જોઈએ ! તો અલ્લાહના મહબૂબ ﷺએ એ જ નુસ્ખો ફર્માવ્યો, કે સારું ! સજદાઓ પર સજદા કરતો રહે કે જેથી તને તારી ચહીતી ચીજ મળી જાય.

માગવાની પધ્ધતિઓ વિવિધ પ્રકારની હોય છે, કોઈ હસીને યારને મનાવી લે છે અને કોઈને આંસૂંઓ વહાવવાથી આ દોલત નસીબ થઈ જાય છે, કેમ કે એમની બારગાહમાં કોઈ કમી નથી, ત્યાં તો સાચી તલબ તથા દિલનો ખુલૂસ જોવામાં આવે છે. ત્યાં તો સખાવતનો આલમ એ છે કે કાસા (ભીખનું પાત્ર) પણ મળે છે અને ભીખ પણ મળી જાય છે !

પેજ નં. ૩૫નું ચાલુ...

મુર્તદ થઈ જશે, એની પત્ની એના નિકાહથી નીકળી જશે.

(ક) પત્નીને તલાકે રજઈ આપીને તકલીફ આપવાના ઈરાદાથી તેનાથી રજઅત કરવું ગુનોહ છે.

وَلَا تُمۡسِکُوۡهُنَّ ضِرَارًا لِّتَعۡتَدُوۡا "અને પત્નીઓને તકલીફ આપવાના ઈરાદાથી ન રોકી લો કે હદથી આગળ વધી જાવ" *(સૂ. બકરહ, ૨/૨૩૧)*

છતાં પણ જો કોઈ પતિ એવી હરકત કરી બેસે તો રજઅત દુરૂસ્ત થશે.

આ દૃષ્ટાંતો તથા સાક્ષીઓથી સાબિત થયું કે ફેઅલ (કાર્ય)નું ગુનોહ હોવું અલગ વાત છે અને તેનું લાગુ થવું અલગ વાત છે. જેથી **એક મજલિસમાં ત્રણ તલાકો આપવી જો કે ગુનોહ છે છતાં પણ ત્રણ તલાકો ચોક્કસ પડી જશે** અને કાર્યનું ગુનોહ હોવું તેના લાગુ થવા તથા માટે આડરૂપ થશે નહીં. વલ્લાહુ તલાઆ અઅ્લમ.

***લખનાર** : (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી*

*ખાદિમુલ ઈફતા દારુલ ઉલૂમ અશ્રફિયહ મિસ્બાહુલ ઉલૂમ, મુબારકપુર, જિ. આઝમગઢ, (૧૪–રજબ, હિ.સ. ૧૪૧૪, ઈ.સ.૨૮/૧૨/૧૯૯૩ યૌમે ષલાષા) ................ક્રમશઃ*



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### *(મલ્ફૂઝાતે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہ)*

*(સંપાદક : હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)*

પછી ફર્માવ્યું કે મુરીદે પોતાની પીરની મૌજૂદગી તથા ગૈર મૌજૂદગીમાં એક સરખી ખિદમત કરવી જોઈએ. જેવી રીતે કે તેમની જિંદગીમાં ખિદમત કરતો હતો, એ જ પ્રમાણે એમના વિસાલ પછી પણ કરવી એના માટે લાઝિમ છે, બલ્કે મુનાસિબ છે કે એનાથી પણ વધુ કરે.

પછી સમાઅના બારામાં ચર્ચા શરૂ થઈ તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે દુઆગોની નજીક સમાઅમાં કાંઈક એવો ઉમંગ છે કે મને કોઈ ચીજમાં લુત્ફ નથી આવતો જેટલો સમાઅમાં આવે છે.

પછી ફર્માવ્યું કે તરીક઼તવાળાઓ તથા હક઼ીક઼તના મુશ્તાક઼ લોકોને સમાઅમાં એ પ્રકારના ઝોક઼ (ઉમંગ) હાંસલ થાય છે જેવો કે બદનમાં આગ ભડકી ઉઠે છે. જો એ ન હોત તો લિક઼ા (મુલાક઼ાત) ક્યાંથી થાત અને લિક઼ાનો લુત્ફ જ શું થાત.

ત્યાર બાદ ફર્માવ્યું કે ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ એકવાર શયખ અલી સંજરી رحمۃ اللہ علیہની ખાનકાહમાં હતા, ત્યાં સમાઅ થઈ રહ્યો હતો. અને ક઼વ્વાલ આ ક઼સીદો ગાઈ રહ્યા હતા :–

કુશ્તગાને ખંજરે તસ્લીમ રા–હર ઝબાં અઝ ગયબ જાને દિગરસ્ત (અર્થાત) : "ખંજરે તસ્લીમના મક઼તૂલો (ક઼ત્લ થનારાઓ)ને દરેક પળે એક નવી જાન મળે છે."

અમારા બંનેવ પર આ બયતે કાંઈક એવી અસર કરી કે અમો ત્રણ દિવસ રાત એ જ બયતમાં બેહોશીની હાલતમાં રહ્યા. પછી જ્યારે અમે ઘરે આવ્યા તો પણ ક઼વ્વાલોથી એ જ સાંભળતા, જેથી વધુ ત્રણ દિવસ રાત અમે એ જ બયતની હાલતમાં રહ્યા કે અમને પોતાની જાતની કાંઈ સુઝબુઝ ન રહી હતી. આ રીતે સાત દિવસ અને સાત રાતો અમે એ બયતમાં ગુજારી દીધી, અને દરેક વખતે જ્યારે ગાવાવાળા એને ગાતા તો અમારા પર એક ખાસ પ્રકારની હાલત છવાઈ જતી જેનું વર્ણન નથી કરી શક્તા.

પછી આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવારનું વર્ણન છે કે હું અને ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ એક શહેરમાં ગયા. ત્યાં શું જોયું કે બાર માણસોની એક જમાઅત (ટોળી) આલમે હયરાનીમાં ઉભેલી છે અને એમની આંખો આસ્માનની તરફ લાગેલી છે. તેઓ રાત દિવસ મુતહૈયિર (હેરાનીની હાલતમાં) રહે છે, પણ જ્યારે નમાઝનો સમય થતો તો નમાઝ અદા કરીને ફરી આલમે હયરાનીમાં વ્યસ્ત થઈ જતા. પછી ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે હા ! અવલિયા અલ્લાહની આ જ વિશિષ્ટતા (ખૂબી) હોય છે જે એમનામાં છે કે ભલે તેઓ હયરાનીના આલમમાં હતા, પણ નમાઝનો સમય જવા દેતા ન હતા.

એ મોક઼ા પર આપે ફર્માવ્યું કે એકવાર શયખ મુઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہની સાથે ખાનાએ

કા'બાની ઝિયારતના માટે હું સફર કરી રહ્યો હતો. ચાલતાં ચાલતાં અમે એક શહેરમાં પહોંચ્યા. ત્યાં એક બુઝુર્ગને જોયા જે એક ઝુપડીમાં મોઅ્તકિફ હતા અને ગુફાની અંદર ઉભા રહીને બંનેવ આંખો આસ્માનની તરફ લગાડેલ હતા, જાણે કે કોઈ સૂકુ લાકડુ ઉભુ કરેલ હોય. આ જોઈને શયખ મોઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہએ મારી તરફ જોઈને ફર્માવ્યું કે જો તું કહે તો થોડા દિવસ અહીં રોકાય જઈએ ?! મેં અર્ઝ કરી, ખુશીથી ! સારાંશ કે અમે લગભગ એક મહિનો તેમની પાસે રહ્યા. એ અરસામાં એક દિવસ તે બુઝુર્ગ હેરતના આલમમાંથી હોશમાં આવ્યા. અમે ઉઠીને સલામ કરી, એમણે સલામનો જવાબ આપ્યો અને ફર્માવ્યું, હે અઝીઝો ! તમે તકલીફ ઉઠાવી, ખુદા તમને એનો અજ્ર (બદલો) આપશે. એટલા માટે કે બુઝુર્ગોનો કૌલ છે કે જે શખ્સ દુરવેશોની ખિદમત કરે છે તે કોઈક મર્તબા પર પહોંચી જાય છે. પછી ફર્માવ્યું કે બેસી જાવ ! તો અમે બેસી ગયા. તો હિકાયત આ પ્રમાણે વર્ણવી શરૂ કરી કે શયખ મુહમ્મદ અસ્લમ તૂસી رحمۃ اللہ علیہના ફરઝંદોમાંથી છું અને લગભગ ૩૦ વરસથી આલમે તહૈયૂરમાં ડૂબેલો છું. મને રાત દિવસની કોઈ તમીઝ નથી. આજે અલ્લાહ તઆલા તમારા લીધે મને હોશમાં લાવ્યો. હે અઝીઝો ! તમો પાછા ચાલ્યા જાવ ! ખુદા તમને આ તકલીફનો બદલો આપશે. પરંતું એક વાત ફકીરની યાદ રાખશો કે, "**જ્યારે તમે તરીક઼તના માર્ગે ક઼દમ રાખ્યો છે તો દુનિયા અને નફ્સાની ખ્વાહિશની તરફ વળશો નહીં, અને લોકોથી કિનારાકશી કરજો, અને જે તમને નઝરો ન્યાઝ મળે તેને પોતાની પાસે જમા ન કરશો. જો એવું કરશો તો ભૂલમાં પડશો.**" જ્યારે એ બુઝુર્ગે નસીહત ખતમ કરી તો ફરીથી આલમે તહૈયૂરમાં વ્યસ્ત થઈ ગયા અને અમે ત્યાંથી પાછા ચાલ્યા આવ્યા. જ્યારે ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ આ ફવાઈદને ખત્મ કર્યા તો આલમે સુકરમાં મશગૂલ થઈ ગયા. અને દુઆગો પાછો ચાલ્યો આવ્યો અને એક વિરાનામાં ઘર બનાવ્યું હતું ત્યાં આવીને યાદે ઈલાહીમાં વ્યસ્ત થઈ ગયો.

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## ★ રાહે સુલૂકના દરજાઓ ★

સોમવારના દિવસે હિ.સ. ૫૮૪ શવ્વાલના રોજ ક઼દમબોસીનો શરફ હાંસલ થયો. કેટલાક દુરવેશ અહલે સફા અવલિયા તથા બુઝુર્ગ મશાઈખ અને બહરોબરના ચાલવાવાળાઓએ સુલૂકના (સૂફીપણાના માર્ગના) નીચે મુજબ દરજાઓ નિશ્ચિત કર્યા છે.

અમુકે સુલૂકના એકસો ઍંસી દરજ્જા નિશ્ચિત કર્યા છે, પરંતું તબક઼ાએ જુનૈદિયાએ એકસો મર્તબા નિશ્ચિત કર્યા છે, અને બસરિયાએ ઍંસી, અને ઝુન્નૂન મિસરીએ સિત્તેર, અને બિશ્ર હાફીવાળાઓએ પંચાવન, અને ખ્વાજા બાયઝીદ તથા અબ્દુલ્લાહ મુબારક તથા સુફયાન થૌરીએ પીસ્તાળીસ, અને શુજાઅ કિર્માની તથા ખ્વાજા સમ્નૂન મુહિબ્બ તથા ખ્વાજા મુહમ્મદ અર્શીએ વીસ મતર્બા (દરજા) સુલૂકના નિશ્ચિત કર્યા છે. પછી ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે ઉપરોક્ત તબક઼ાએ સુલૂકના દરજા નિશ્ચિત કરીને નીચે મુજબનું વર્ગીકરણ તેનું દર્શાવ્યું છે.

જેમ કે જેમણે એકસો ઍંસી દરજા નિશ્ચિત કર્યા છે તેમણે ઍંસીમો હિસ્સો કશ્ફો કરામતનો રાખ્યો છે. જો ઍંસીમા દરજા પર પહોંચીને પોતાને કશ્ફો કરામતથી બચાવી લે તો બાકીના સો પણ પામી લેશે. ત્યાર બાદ જે ચાહે કશ્ફ કરે, પરંતું જો ઍંસીમા દરજામાં જ કશ્ફ કરે તો બાકીના સો દરજા પાર પાડી શકશે નહીં. પરંતું કામિલ મર્દ તે છે જે પોતે જાતે તે સમય સુધી કશ્ફ ન કરે જ્યાં સુધી દરજા પ્રાપ્ત ન કરી લે.

જુનૈદિયા વર્તુળ (હલક઼ા)માં સો મર્તબા નિશ્ચિત છે, તેમણે સિત્તેરમો મર્તબો કશ્ફો કરામતનો નિશ્ચિત કર્યો છે. તો જે શખ્સ એ જ સિત્તેરમા દરજામાં કશ્ફો કરામતમાં મશગૂલ થઈ જાય તો તે આગળ પ્રગતિ નથી કરી શક્તો, પરંતું કામિલ મર્દ તે જ છે જે સર્વ મર્તબા પાર પાડયા પહેલાં કશ્ફો કરામત ન કરે.

પછી ખ્વાજા કુત્બુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ

દુઆગોની તરફ સંબોધન કરીને ફર્માવ્યું કે આ વાત અહલે તરીકૃતે એટલા માટે કહી છે કે જ્યારે સાલિક (રાહે સુલૂકનો મુસાફિર) એકસો એંસીમા દરજા પર પહોંચીને પણ પોતે જાતે કશ્ફ ન કરે તો તે અધિક તરક્કી કરી શકે છે. પરંતુ સાલિક સામાન્યત : એ જ દરજામાં જે કશ્ફો કરામતના માટે મુક્ર્રર કરવામાં આવેલો છે તેમાં પોતે પોતાને જાહેર કરી આપે છે તો પછી આગળ પ્રગતિ ક્યાંથી કરી શકે છે ?!

બસરિય્યહ તબક્ાના પ્રમાણે એંસીમા દરજા પર કશ્ફો કરામતમાં મશ્ગૂલ ન થાય તો બેહતર છે, જેથી અન્ય મર્તબાઓમાં પણ તરક્કી કરી શકે.

પરંતું ખ્વાજા ઝુન્નૂન મિસ્રીવાળાઓએ સિત્તેર દરજાઓ નિશ્ચિત કરીને પચ્ચીસમો દરજો કશ્ફો કરામતનો માન્યો છે. તો સાલિકે જોઈએ કે પચ્ચીસમા દરજા પર પહોંચીને પોતે જાતે કશ્ફ ન કરે. જો કરશે તો એ જ દરજામાં રહી જશે અને બાકીના ૪૫ દરજા હાંસલ નહીં કરી શકે. પરંતું ખ્વાજા બાયઝીદવાળાઓએ ૪૫ દરજા મુક્ર્રર કરીને તેરમો દરજો કશ્ફો કરામતનો માન્યો છે. જ્યારે સાલિક આ તેરમા દરજામાં પોતે કશ્ફ જાહેર કરી આપે તો બાકી દરજા પ્રાપ્ત નથી કરી શક્તો.

પછી આપે ફર્માવ્યું કે અમુક અવલિયા તથા મશાઈખ જેમણે જાતે પોતે એ મર્તબાઓમાં કશ્ફ કરી દીધું તેઓ એ જ મર્તબામાં રહી ગયા છે. એમને કામિલ નથી કહેવામાં આવતા, કેમ કે તેમણે પોતાને એ મર્તબામાં જાહેર કરી દીધા. પરંતુ કામિલ હાલ તે હસ્તીઓ છે કે જ્યાં સુધી સર્વ મર્તબાઓ પામી નથી લેતા ત્યાં સુધી કશ્ફો કરામતની વાત જાહેર નથી કરતા, જો સર્વ દરજાઓ પાર પાડયા બાદ કશ્ફો કરામત કરે છે તો બરાબર એવું જ થાય છે જેવું તેઓ કહે છે. વળી અવલિયા અલ્લાહની દુઆમાં જે ફરક આવી જાય છે એનું કારણ આ જ છે કે એ મર્તબાની શરૂઆતમાં જ પોતાની રીતે કશ્ફ કરી આપે છે અને બાકીના દરજાઓમાં મેહરૂમ (વંચિત) રહી જાય છે. અને જેઓ કામિલ છે તેઓ જ્યાં સુધી પૂરા દરજા પ્રાપ્ત નથી કરી લેતા ત્યાં સુધી કશ્ફ નથી કરતા, જેથી એમની દુઆ બેકાર નથી જતી.

પરંતું તરીક્તના ઈમામોએ જે સુલૂકના ત્રીસ દરજા મુક્ર્રર કર્યા છે તેમણે આઠમા મતર્બાને કશ્ફો કરામતનો નિશ્ચિત કર્યો છે. પરંતું જ્યાં સુધી ત્રીસમા દરજા સુધી નથી પહોંચી જતા ત્યાં સુધી તેઓ કશ્ફો કરામત નથી કરતા. પરંતું શાહ શુજાઅ કિર્માનીના તબક્ા તથા સમ્નૂન મુહિબ્બ તથા ખ્વાજા મુહમ્મદ અર્શીના તબક્ાએ વીસ દરજા નિશ્ચિત કર્યા છે અને દસમો દરજો કશ્ફો કરામતનો રાખ્યો છે. પછી જે શખ્સ પોતે એ જ દસમા મર્તબામાં કશ્ફ કરી આપે તો એમાં જ રહે છે અને આગળ પ્રગતિ નથી કરી શક્તો. પણ ખ્વાજગાને ચિશ્તે પંદર મર્તબા સુલૂકના નિશ્ચિત કરીને પાંચમો કશ્ફો કરામતનો નિશ્ચિત કર્યો છે. જો કોઈ શખ્સ પોતાને પાંચમા મર્તબામાં જાહેર કરી આપે તો બાકીના મર્તબા હાંસલ નથી કરી શક્તો. પરંતું ખ્વાજાગાને ચિશ્તમાં કામિલ તે છે કે જ્યારે પંદરમા દરજાએ પહોંચી જાય ત્યાં સુધી પોતાને જાહેર ન કરે. જ્યારે ખ્વાજા કુત્બુલ ઈસ્લામે આ વિગત સુલૂકની વર્ણવી આપી તો આપની આંખો ભરાય આવી અને રડવા લાગ્યા અને આ દુઆગોની તરફ સંબોધીને ફર્માવવા લાગ્યા કે દાઈરાએ મુહમ્મદિયામાં એવા મર્દ પણ છે જેઓ ઉપર વર્ણવેલ મર્તબાઓને પાર પાડીને લાખો દરજા અન્ય પણ પાર પાડી જાય છે અને છતાંય પોતાના દોસ્તનું રૂજમાત્ર રાઝ જાહેર નથી કરતા. તેમને પોતાને પોતાની ખબર નથી હોતી કે પોતે કોણ છે અને શું છે ! જ્યારે આવી હાલત થાય છે તો મક્ામ (મર્તબા)ના લેહાઝથી પ્રગતિ કરતા જાય છે અને જેમ જેમ તરક્કી કરતા જાય છે તેમ તેમ આલમે તહય્યૂરમાં પડતા જાય છે. અને જ્યારે આલમે તહય્યૂરમાં પડે છે તો તેમનો ફિરાક્ (વિરહ) વસ્લ (મિલન)થી બદલાય જાય છે. જેવા ખ્વાજા કુત્બુલ ઈસ્લામે આ ફવાઈદને ખત્મ કર્યા તેવા જ આલમે તહય્યૂરમાં મશગૂલ થઈ ગયા, અને દુઆગો એક વિરાનામાં ઝુપડી હતી ત્યાં જઈને મશ્ગૂલ થઈ ગયો. اَلحَمدُ اللهِ عَلىٰ ذٰلِكَ

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## બુઝુર્ગ શખ્સિયતોને મનાવવાની પદ્ધતિ

કેટલાક લોકો જેઓ શખ્સિયતપરસ્તી (વ્યક્તિગત ચાહના)માં હદથી આગળ વધી ગયા છે તેઓ પોતાની મહબૂબ અને મનપસંદ વ્યક્તિઓ (બુઝુર્ગો)ને બીજાઓ પાસે મનાવવા માટે લડાઈ ઝઘડા કરે છે અને જે મહોબ્બત તેમને છે તેવી જો બીજી વ્યક્તિ ન કરે તો તેઓને ખરાબ લાગી જાય છે અને તેઓ બીજી વ્યક્તિઓને ગુમરાહ અને બદ્દીન સુધી માની બેસે છે અને જબરદસ્તી બીજાઓને મનાવવા ઈચ્છે છે. જો કે મહોબ્બત ક્યારેય બળજબરીથી કરી શકાતી નથી અને ન તો ફક્ત ફત્વાઓ લગાડીને અને ન તો બુઝુર્ગ વ્યક્તિઓના નામના નારા લગાડીને અને ન તો જોશીલી અને જઝબાતી (લાગણીપ્રેરક) તક઼રીરો કરીને.

પરંતુ સાચો તરીક઼ો એ છે કે જેઓ વાસ્તવિક રીતે તે બુઝુર્ગ, ઉચ્ચ ચારિત્ર્યવાળા, અલ્લાહવાળાઓ છે એટલે કે હક઼ીક઼તમાં તેઓ ઈસ્લામી દષ્ટિકોણથી મહાન વ્યક્તિત્વના માલિક છે તો તેમના આ સદ્ગુણો, સદ્કાર્યો, જિંદગી જીવવાનો તરીક઼ો, દીનની સેવાઓ, ખુદાનો ખૌફ અને પાકદામનીને ગંભીરતાથી સમજાવવાના હેતુસર તક઼રીર અથવા તહરીર (લખાણ) વડે લોકોની સમક્ષ રજૂ કરો અને જે બાબતોના લીધે તમને તે ઈલ્મવાળા બુઝુર્ગ સાથે મહોબ્બત છે તે વાતો અને કાર્યો બીજાઓને કહો.. પછી જો બીજાઓ પણ તે બુઝુર્ગના આશિક઼ અને દીવાના બની જાય તો ઠીક નહિતર ફક્ત કોશિશ કરવું એ તમારું કામ છે, પરંતુ હવે તમે બળજબરીથી મનાવવાની કોશિશ કરશો નહીં.

હા ! જે લોકો સામાન્ય રીતે બુઝુર્ગોની શાનમાં ગુસ્તાખી કરે છે અથવા એવા આલિમ કે બુઝુર્ગ કે જેની બુઝુર્ગી અને શ્રેષ્ઠતાને પૂરી ઉમ્મતે મુસ્લિમા એકમત છે એમની શાનમાં બકવાસ કરનારાઓ છે તેઓ ખરેખર ગુમરાહ અને બેદીન છે. આવા લોકો જો સમજાવવાથી ન સમજે તો તેઓથી દૂર રહેવું અને બેધ્યાન થઈ જવું જરૂરી છે.

અને જે લોકો ગુસ્તાખી અને બેઅદબી કરતા નથી પરંતુ તમારી જેમ મહોબ્બત અને અક઼ીદત પણ ધરાવતા નથી તો તેમની બાબતમાં ચૂપ રહેવું બેહતર છે અને જો તેઓની વિચારધારા સારી છે, ઈસ્લામી છે તો તેઓને મુસલમાન માનવું જોઈએ અને પોતાના ઈસ્લામી ભાઈ સમજવા જોઈએ.

ઈસ્લામી શખ્સિયતો અને પોતાના બુઝુર્ગો, પીરો અથવા મશાઈખોને બીજાઓ પાસે મનાવવા માટે સૌથી સારો રસ્તો અને સારી પદ્ધતિ તમારું પોતાનો ચારિત્ર્ય (સારો કિરદાર) છે. આજે એવા લોકો ઘણા છે જેઓ હલાલ અને હરામમાં ફરક રાખતા નથી, નમાઝો છોડે છે, ગાવું વગાડવું અને તમાશાઓમાં વ્યસ્ત રહે છે, તેમની નિય્યતો ખરાબ થઈ ચૂકી છે, તેમનામાં ઈસ્લામી અખ્લાક઼ નામની કોઈ વસ્તુ નથી અને પછી આવા લોકો બુઝુર્ગોના નામના ઠેકેદાર બની બેઠા છે, ઉર્સ કરાવે છે, મઝારો બનાવે છે અને બુઝુર્ગોનાં નામથી મોટી મોટી ન્યાઝો બનાવે છે, તેમના નામે જલ્સાઓ જુલૂસો અને મહેફિલોનું આયોજન કરે છે તો આવા લોકો ક઼ૌમને બુઝુર્ગોથી નઝદીક લાવવાને બદલે બુઝુર્ગોથી દૂર કરે છે અને એમનાં આવાં કાર્યો લોકોના દિલોમાં અલ્લાહવાળાઓની

મહોબ્બત (સાચી) ક્યારેય પેદા કરી શકશે નહીં.

ભાઈઓ ! અલ્લાહવાળાઓથી મહોબ્બત કરવાવાળાઓ અને તેમની મહોબ્બતનું બીજ લોકોના દિલમાં રોપવાવાળાઓ તે લોકો છે જેને જોવાથી જ અલ્લાહવાળાઓની યાદ આવી જાય, અને અલ્લાહવાળાઓ તે લોકો છે જેને જોવાથી અલ્લાહની યાદ આવી જાય, નહિતર આ બીજાના માલ ઉપર નજર રાખવાવાળા, હરામખોર, અપ્રમાણિક, ખરાબ લોકો ખુદાએ તઆલાના તે બંદાઓની અઝમત (મહાનતા) અને ઈજ્જત લોકોના દિલોમાં નથી ઉતારી શક્તા કે જે બુઝૂર્ગોએ અલ્લાહની રાહમાં તેમનું સર્વસ્વ લૂટાવી દીધું, અને આ લાલચીઓ, કરોડપતિ બનવાની ઈચ્છા ધરાવનારા મુકર્રિરો, શાયરો અને કવ્વાલો, નામ પાત્ર પીરો, ફકીરો વડે અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની અઝમત અને ઈઝ્ઝતના ઝંડા લોકોના દિલોમાં નથી રોપી શક્તા.

એ જરૂરી છે કે દરેક મુરીદ તેના પીરનો અને શાગિર્દ તેના ઉસ્તાદનો અને દરેક અક઼ીદતમંદ તેના મહબૂબ (પ્યારા)નો નમૂનો હોય ત્યારે જ તેનાથી તેના શેખ અને ઉસ્તાદના કારનામાંઓ પ્રકાશમાં આવશે અને તેનાથી તેના ચહીતા મહબૂબની મહાનતા લોકોના દિલોમાં બેસશે. અને જે લોકો કોઈ બુઝુર્ગનાં કારનામાઓ અને તેમની ઈસ્લામની સેવાઓ પોતાની ચાલ ચલગત, રહનસહન અને બોલચાલના માધ્યમ વગર, બળજબરીપૂર્વક લોકો પાસે મનાવવામાં લાગેલા છે તેઓ ક઼ૌમમાં જૂથવાદ, પક્ષાપક્ષી કરી રહ્યા છે અને મુસ્લિમ ક઼ૌમને છિન્ન ભિન્ન કરી રહ્યા છે અને મુસલમાનોને વિભાજિત કરી રહ્યા છે.

### ફિલ્મી ગીતોની તર્ઝ ઉપર નઅત શરીફ પઢવું

આજકાલ જલ્સાઓ અને મુશાએરોમાં શાયરો અને નઅત પઢવાવાળાઓ ફિલ્મી ગીતોની તર્ઝ ઉપર હમ્દ, નઅત શરીફ અને ક઼સીદાઓ પઢવા લાગે છે, જો કે આ મના છે. તેઓએ આમ કરવાથી દૂર રહેવું અને મુસલમાનો એ જોઈએ કે એવા લોકોથી હરગિઝ નઝમો (વગેરે) ન સાંભળે આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત ફર્માવે છે "જો ગીતની તર્ઝ પર રાગનીનો લેહાઝ હોય, તો નાપસંદ છે. કેમ કે આ કાર્ય ઝિક્ર શરીફને અનુરૂપ નથી."

*(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, કિ઼સ્ત : ૨, પેજ : ૧૮૫)*


એક નઝર ઈધર ભી !

## જામિઆ નૂરીયહ રઝવિય્યહ-બરેલી શરીફ

ઈસ્લામી મદરસાઓનો મક઼સદ કેવળ તલબાને ઈસ્લામી તા'લીમાતથી માહિતગાર કરવાનો છે અને વર્તમાન સમય પ્રમાણે તાલીમથી સજ્જ કરીને અમલના મેદાનમાં ઉતારવાનો છે. અલ્હમ્દુલિલ્લાહ ! જામિઆ નૂરીયહ રઝવિય્યહએ આ દિશામાં ક઼દમ ઉઠાવવાનો અઝીમ મનસૂબો તૈયાર કરીને સમયની ડિમાન્ડને પૂરી કરી છે. એનો વાર્ષિક જલસો ઉર્સે રઝવીના આગલા દિવસે ૨૪-સફરના થાય છે. હાલમાં ૨૫ કાબેલ ઉસ્તાદો તદરીસી ખિદમત આપી રહ્યા છે. તલબાને હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ છે. નૂરી મસ્જિદનું બાંધકામ ચાલુ છે તેમાં સહાય કરી શકો છો તેમજ એક તાલિબે ઈલ્મના રહેલા જમવાનો ખર્ચ વાર્ષિક ચાર હજાર થાય છે. આપ એક તાલિબે ઈલ્મનો ખર્ચ માથે લઈ લેશો.

**નૂરી હોસ્ટેલ** : તલબા માટે બને છે તેમાં કમરો બનાવવા ૪૮ હજાર રૂમદીઠ જમા કરાવો. આ સવાબે જારીઆનાં કામો છે, તો જરૂરથી હિસ્સો લેશો. **સંપર્ક કરો** : નબીરએ આ'લા હઝરત, **મૌલાના મન્નાન રઝા મન્નાની મિયાં**, ૮૪ સૌદા ગ્રાન-બરેલી શરીફ, જામિઆ નૂરીયા રઝવિય્યહ.

(સરનામુ) : ઈદગાહ, બાકરગંજ-બરેલી શરીફ. મો. ૦૯૩૫૯૧૦૧૦૦૨

(બેંક A/c નં. ૨૬૭૩૦૧૦૦૦૦૩૩૪૨, બેંક ઓફ બરોડા, બિહારીપુર-બરેલી)

# મક઼ામે અવલિયા

## કુર્આન વ હદીષની રોશનીમાં

રજૂકર્તા : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

અગ્યારમી શરીફનો સંબંધ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની પવિત્ર રૂહાનિયતથી છે. આપણો અક઼ીદો છે કે બુઝુર્ગોની રૂહાનિયત ઝિંદા છે અને આ રૂહાનિયતનો જે ફૈઝ તથા તેની જે બરકતો છે તે જારી (ચાલુ) છે. અગ્યારમી શરીફ વાસ્તવમાં ગૌષપાક رضی اللہ عنہની રૂહાનિયતના ફૈઝનો દરવાજો છે. ખુશનસીબ છે તે લોકો જેઓ આ દ્વારથી ફૈઝ (લાભ) પ્રાપ્ત કરતા રહે છે. કેમ કે અગ્યારમી શરીફનો સબંધ હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہથી છે, અને હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની રૂહાનિયત (આધ્યાત્મિકતા)ની સાથે આપણને એટલા માટે અક઼ીદત (શ્રધ્ધા) છે કે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ તમામ અવલિયા અલ્લાહના સરદાર છે. અને સ્પષ્ટ છે કે જે અવલિયા અલ્લાહનો સરદાર હશે તે ઘણો મોટો (ઉચ્ચતમ કક્ષાનો) વલી હશે, તો ગૌષે પાક رضی اللہ عنہ સૌથી મોટા વલી છે, કુતૂબ છે, વિલાયતના ઉચ્ચતર દરજ્જાઓ પર બિરાજમાન છે.

### ★ ખબરદાર ! કહીને રબની ચેતવણી ! ★

અલ્લાહ તઆલા કુર્આને પાકમાં ઈર્શાદ ફર્માવે છે :–

اَلَا اِنَّ اَوْلِیَاءَ اللّٰہِ لَا خَوْفٌ عَلَیْھِمْ وَلَا ھُمْ یَحْزَنُوْنَ○
ذٰلِکَ ھُوَ الْفَوْزُ الْعَظِیْمُ-------

"ખબરદાર ! બેશક ! અલ્લાહના વલીઓને ન કોઈ ખૌફ છે ન કોઈ ગમ. તેઓ જે ઈમાન લાવ્યા તથા પરહેઝગારી કરે છે તેમને બશારત છે દુનિયાવી જિંદગીમાં તથા આખેરતમાં પણ, અલ્લાહની વાતો બદલાય નથી શક્તી, આ ઘણી મોટી કામયાબી છે." *(સૂ. યૂનુસ, આ. ૬૨ થી ૬૪)*

ઉપરોક્ત આયતમાં અવલિયા અલ્લાહનું વર્ણન اَلَا (અલા) શબ્દની સાથે કરવામાં આવ્યું છે. اَلَا (ચેતવણી આપતો શબ્દ છે) જેનો અર્થ ગાફેલ, અસાવધ તથા બેખબર લોકોને હોશિયાર તથા સાવધાન કરવું છે. એમ સમજો કે અવલિયા અલ્લાહની શાનથી લોકો બેખબર હતા તો અલ્લાહ તઆલાએ તેમની ગફલત તથા બેખબરી દૂર કરવા માટે તેમને સાવધાન કર્યા કે اَلَا લોકો ! ખબરદાર થઈ જાવ કે તેઓ (અલ્લાહના વલીઓ) મામૂલી દરજ્જાના લોકો નથી પણ ઘણા ઊંચા દરજ્જાના લોકો છે.

અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં અગણિત વાતોનું વર્ણન ફર્માવ્યું છે : નમાઝ ક઼ાયમ કરવાનું, ઝકાત અદા કરવાનું પણ વર્ણન ફર્માવ્યું. પરંતુ અલ્લાહ તઆલાએ اَلَا શબ્દની સાથે તેનું વર્ણન નથી ફર્માવ્યું કે લોકો ! ખબરદાર થઈ જાવ ! નમાઝ પઢો ! ઝકાત અદા કરો ! એ જ પ્રમાણે ફર્ઝો તથા વાજિબ હુકમોનું વર્ણન ફર્માવ્યું તેમાં પણ ચેતવણી આપતા શબ્દનો ઉલ્લેખ નથી કર્યો, પરંતું જ્યારે અવલિયા અલ્લાહની વાત આવી તો ફર્માવ્યું اَلَا સાવચેત થઈ જાવ ! કેમ કે જો કોઈ અવલિયા અલ્લાહની શાનથી જ્યારે ગાફેલ થઈ જાય અથવા અવલિયા અલ્લાહથી નફરત કરે તો તેનો સદક઼ો પણ બેકાર ! ખૈરાત પણ બેકાર તથા ઈબાદત પણ બેકાર છે ! કેમ કે બુખારી શરીફ તથા મિશ્કાત શરીફમાં પણ આ હદીષ છે કે, "જેણે મારા વલી સાથે દુશ્મની રાખી તેની સામે મારા તરફથી એલાને જંગ છે" *(બુખારી શરીફ, ૯૬૩–૨, મિશ્કાત શરીફ, ૧૭૮–૧)*

### ★ દુશ્મની વલીથી અને જંગ રબ સાથે ! ★

આ એક આશ્ચર્યજનક વાત છે કે દુશ્મની વલીથી અને જંગ અલ્લાહની સાથે ! કારણ એ

છે કે ખુદાની કુદરત, ખુદાની તાક઼ત, ખુદાની મદદ વલીની સાથે હોય છે. અને વલીને એવી સ્થિતિમાં જોઈને કે તેનાં કપડાં ગંદાં છે, મેલાં છે, એવી હાલતમાં જોઈને એવું ન વિચારશો કે તેઓ કશું જ નથી ! હકીર (નીચ) છે ! એવો ખયાલ પણ ન કરશો. તેમને નીચ ન સમજશો, કેમ કે (આવો વિચાર) અલ્લાહને પસંદ નથી. કારણ કે અલ્લાહની કુદરત, અલ્લાહની તાક઼ત, અલ્લાહની રહમત, અલ્લાહની મદદ તેમની સાથે જ લાગેલી હોય છે તથા તેમનું પીઠબળ હોય છે. તમે વલીની જાહેરી હાલતને ન જુઓ બલ્કે એ જુઓ કે તેનું પીઠબળ શું છે ?! તેની તાક઼ત કોની તરફથી છે, તેની મદદ કોણ કરી રહ્યું છે ?!

સમજવા માટે એક ઉદાહરણ રજૂ કરુ છું. એક પોસ્ટમેન જઈ રહ્યો હતો તેની પાસે મનીઓર્ડર પણ હતા તથા પાર્સલ પણ હતાં. ગુંડાઓએ વિચાર્યું કે રાત જાગીને ધાડ પાડવાની શું જરૂરત છે ! આ દૂબળો પાતળો ટપાલી ગલીમાં એકલો જઈ રહ્યો છે તેને જ ઘેરીને લૂટી લઈએ. જો તે ગુંડાઓ એવું સમજતા હોય કે આપણો મુક઼ાબલો આ દૂબળા પાતળા ટપાલીથી છે તો તેઓ ભૂલ કરી રહ્યા છે. તે ટપાલી તેમને કાંઈ પણ નહીં કરે અને કશું બોલશે પણ નહીં, તેમની સાથે લડાઈ (મુક઼ાબલો) પણ નહીં કરે. કેમ કે તે લૂટારાઓનો મુક઼ાબલો ટપાલી સાથે નથી બલ્કે હુકૂમત તથા સત્તા સાથે છે. ચોરોએ વિચાર્યું કે ટપાલી બીચારો એકલો છે તેનાથી છીનવી લઈએ, કોણ પૂછવાવાળુ છે ? પરંતુ સત્તા તથા હુકૂમત પૂછપરછ કરનારી છે. કેમ કે ગવર્નમેન્ટની શક્તિ તે ટપાલી સાથે છે, તેનું પીઠબળ હુકૂમત છે. એ જ પ્રમાણે અલ્લાહના વલીઓનું પીઠબળ અલ્લાહની તાક઼ત છે. એટલા માટે કહેવામાં આવ્યું કે જેણે અલ્લાહના વલીઓથી અદાવત તથા નફરત રાખી તો તેમના હરીફ અલ્લાહના વલીઓ નથી, ખૂદ અલ્લાહ તેમનો હરીફ છે, અલ્લાહની તાક઼ત સામે તેમનો મુક઼ાબલો છે !

સહીહ હદીષમાં છે : હઝરત અબૂ હરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કે કેટલાયે ધૂળમાં રગદોળાયેલા (ધૂળમય) વિખરાયેલા વાળવાળા, દરવાજાઓથી ધક્કા દેવામાં આવેલા એવા છે કે જો તેઓ અલ્લાહ તઆલા પર ક઼સમ ખાય લે તો અલ્લાહ તઆલા તેમની ક઼સમને પૂરી ફર્માવી આપે છે. *(મુસ્લિમ શરીફ, ૩૨૯–૨)*

મતલબ કે તેઓ અલ્લાહ પર ક઼સમ ખાયને કહે કે હે અલ્લાહ આવું કરી દે ! તો અલ્લાહ તેમની દુઆને પૂરી કરી આપે છે.

## ★ શરીર તથા રૂહનો તફાવત ★

સિદ્દીકિ઼યત, શહાદત, ગ઼ૌષિયત, કુત્બિયત તથા વિલાયત આ સર્વે રૂહ (આત્મા)ના કમાલો છે. નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, ખૈરાત, નેકી, રિયાઝત, મુજાહિદા, નવાફિલ પઢવી તથા કુર્આનની તિલાવત આ સર્વે રૂહના કમાલો છે, શરીરના નહીં. આપણુ શરીર ચાર તત્વોથી (આગ, પાણી, હવા, માટીથી) બનેલું છે. આ શરીરના અસ્તિત્વ તથા તેની શક્તિ માટે જે ખોરાક જરૂરી છે તે ખોરાક ક્યાંથી આવશે ? જ્યાંથી શરીર આવ્યું છે ત્યાંથી તેનો ખોરાક પણ આવશે. જે પણ ખોરાક છે શરીરના માટે તે પણ ચાર તત્વોથી જ છે, જમીનથી નીકળે છે. કેમ કે શરીર પણ તત્વો (આગ, પાણી, હવા, માટી)થી બનેલું છે એટલા માટે તેનો ખોરાક પણ એ તત્વોથી જ આવશે. જે રીતે શરીરને ખોરાકની જરૂરત છે એ રીતે રૂહ (આત્મા)ને પણ ખોરાકની જરૂરત છે. પરંતુ રૂહનો ખોરાક ઘઉં, ગોશ્ત વગેરે નથી. આપણે જમીનથી પેદા થયા છીએ અને જમીનમાં જ જઈશું અને આપણો ખોરાક પણ ત્યાંથી જ આવશે.

مِنۡهَا خَلَقۡنٰكُمۡ وَفِيۡهَا نُعِيۡدُكُمۡ وَمِنۡهَا نُخۡرِجُكُمۡ تَارَةً اُخۡرٰى

"અમે તમને જમીનથી જ બનાવ્યા છે અને ફરીથી તેમાં લઈ જઈશું અને ફરી તેમાંથી તમને બીજી વાર કાઢીશું." *(સૂ. તાહા–૫૫)*

જે વસ્તુ જમીનથી થઈ છે તેનો ખોરાક પણ જમીનથી જ નીકળશે. શરીર કહે છે કે મારો ખોરાક ત્યાંથી જ આવશે જ્યાંથી હું પેદા કરવામાં આવ્યો છું, અને રૂહ કહે છે કે મારો ખોરાક ત્યાંથી જ આવશે જ્યાંથી હું આવી છું. શરીરની નજર જ્યાં જ્યાં પડી

ત્યાં તેને ખોરાક નજર આવ્યો. શરીરના માટે મકાન દેખાયું, કપડાં દેખાયાં, દવાઓ નજર આવી, ખેતરો દેખાયાં, આ સર્વે શરીરના માટે છે. રૂહને તેમની જરૂરત નથી કેમ કે રૂહ જમીનથી પેદા થઈ નથી, પરંતુ જેવી રીતે શરીરને લિબાસની જરૂરત છે એવી જ રીતે રૂહને પણ લિબાસની જરૂરત છે. શરીરનો લિબાસ કપડાં છે તો રૂહનો લિબાસ તક્વો છે. એક શારીરિક વ્યવસ્થા છે અને બીજી રૂહાની વ્યવસ્થા છે. પરંતુ શરીર ફાની (નાશવંત) છે તેની વ્યવસ્થા પણ ફાની છે. એકવાર ભોજન લીધુ ફરીવાર પાછી જરૂરત ઉભી થઈ. શરીરનો કમાલ પણ ફાની છે, કેટલાયે શક્તિમાનો પેદા થયા પરંતુ જ્યારે મોત આવી તો તેઓની આંગળી પણ હલી ન શકી ! આ રૂહાની નિઝામના સરબરાહો તથા સંચાલન કરનારાઓ અંબિયા છે, સિદ્દીકો છે, શહીદો છે, વલીઓ છે, ગૌષ છે, કુતૂબો છે. અને જે તેમને નથી માનતા, તેમનું રૂહાની નિઝામ પર ઈમાન નથી, કેમ કે તેઓ ભૌતિકવાદી છે, જાહેરને જોવાવાળા છે. દુનિયામાં વકીલોને વકીલ માને છે, ડોકટરોને ડોકટર માને છે, પરંતુ વલીને વલી નથી માનતા કે વલી શું હોય છે ?! જે કહે છે કે એક કોન્સ્ટેબલ (થાનેદાર)માં અને મારામાં કોઈ ફરક નથી, તો તે બેવકૂફ છે. કેમ કે તે થાનેદારનો દરજ્જો અલગ છે અને તારી પોઝિશન અલગ છે. તો નબી, સિદ્દીક, શહીદ તથા સાલેહીન તે પવિત્ર લોકો છે જેઓ રૂહાની નિઝામના સરબરાહ (વ્યવસ્થાપકો) છે. અને જેવી રીતે શારીરિક વ્યવસ્થા માટે મહેનત કરીને શારીરિક શક્તિ પ્રાપ્ત કરી શકાય છે, એ જ રીતે રૂહાની (આધ્યાત્મિક) કોશિશો કરીને રૂહાની શક્તિ પ્રાપ્ત કરી શકાય છે. જો માનવી જિસ્માની ગિઝા (શારીરિક ખોરાક) ખાયને તાકતવર બની શકે છે, તો જેઓ રૂહાની ખોરાક ખાય, રિયાઝત તથા મુજાહેદાઓ કરે તેમની રૂહાની શક્તિ કેવી હશે ?! હવે જાણીએ કે રૂહાની ખોરાક શું છે ? રૂહાની ગિઝાના વિશે કુર્આન કરીમમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : أَلَا بِذِكْرِ اللهِ تَطْمَئِنُّ الْقُلُوبُ "સાંભળી લો ! અલ્લાહની યાદ જ દિલોનું ચૈન છે." *(સૂ. રઅ્દ–૨૮)*

### ★ વલીઓની ગિઝા ખુદાનો ઝિક્ર ★

આપણુ પેટ ભરાય છે રોટીથી અને રૂહને ખોરાક મળે છે અલ્લાહના ઝિક્રથી, તેની યાદથી .

અવલિયા અલ્લાહ વિશે કુર્આને પાકનું બયાન છે : وَالَّذِينَ يَبِيتُونَ لِرَبِّهِمْ سُجَّدًا وَّقِيَامًا "અને જેઓ રાત વીતાવે છે પોતાના રબને સજદો કરવામાં તથા કયામ કરવામાં." *(સૂ. ફુરકાન–૬૪)*

આ અલ્લાહના મુકર્રબ બંદાઓ ઉભા હોય તો પણ અલ્લાહનું ઝિક્ર કરતા હોય, બેઠા હોય, સૂતા હોય, આરામમાં હોય, દુનિયામાં હોય અથવા આખેરતમાં હોય, દરેક હાલતમાં અલ્લાહનું ઝિક્ર કરતા હોય છે. જમીનની ઉપર હોય તો પણ અલ્લાહનું ઝિક્ર, જમીન નીચે હોય તો પણ અલ્લાહનું ઝિક્ર કરતા હોય છે✪.

*✪ અલ્લાહની યાદ તે લોકોની ગિઝા છે. આ ગિઝા (ખોરાક) કુર્આન છે, આસ્માની સહીફા દ્વારા મળી, આસ્માની તાલીમાત દ્વારા મળી. રૂહાની તાલીમાત આસ્માનથી આવી તો તેનો ખોરાક પણ આસ્માનથી આવ્યો. ઈસ્લામની ફિલોસોફી એ છે કે તે શરીરને કાંઈ પણ નથી સમજતો તે રૂહને સમજે છે. શરીરથી રૂહ નીકળી જાય તો શરીર બેજાન થઈ જાય છે, કેમ કે હકીકત તો રૂહ છે. શરીર નાશવંત છે, તેનો ખોરાક પણ નાશવંત છે, તેની શક્તિ પણ ફાની છે. તેનો હુકમ પણ ફાની છે, તેની વિશિષ્ટતાઓ પણ ફાની છે, પરંતુ રૂહ બાકી છે, તેનો ખોરાક પણ બાકી, તેના કમાલો પણ બાકી, તેની શક્તિ પણ બાકી. અવલિયા અલ્લાહ રૂહાનિયતના આકાશના ચમકતા સિતારા છે. એટલા માટે હુઝૂર ﷺના ગુલામો કયામત સુધી તેમના દામનથી જોડાયેલા રહેશે.*

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺના એક સહાબીએ એક જગ્યા પર પોતાનો ખેમો (તંબૂ) તાણ્યો. પરંતુ તેમને તે જગ્યાએ કબર હોવાની જાણ ન હતી. થોડીક વાર પછી તેમને ખબર પડી કે આ જગ્યાએ કોઈ વ્યક્તિની કબર છે અને તેમાંથી સૂરએ*

*(ફૂટ નોંધ વધુ આગળ પેજ પર.....)*

જ્યાં સુધી રૂહ બાકી છે ત્યાં સુધી તેની વિશિષ્ટતાઓ (કમાલો) પણ બાકી છે. જ્યારે રૂહ તથા કમાલ બન્નેવ બાકી રહેશે તો તેની સાથે નિસ્બત (અક઼ીદત) પણ બાકી રહેશે.

**વાંધો** :– જ્યાં સુધી વલી દુનિયામાં હતા તો તેમના કમાલો પણ બાકી હતા. જેઓ જીવતા છે તેમનાથી દુઆ પણ કરાવો. એ પણ કહો કે અલ્લાહના વલી ! અમને યાદ કરતા રહો ! અમારી તરફ તવજ્જોહ (ધ્યાન) ફર્માવો ! તમારી રૂહાનિયતથી અમે ફૈઝ (લાભ) પામીશું. આ બધી વાતો તો ઠીક છે. પરંતુ જ્યારે વલી મરી ગયા તો આ સર્વ વાતો પણ ખતમ થઈ ગઈ. હવે તમે તેમની કબરોને પૂજો છો ! હવે શા માટે જાવ છો મઝારો ઉપર ?

**જવાબ** :– જિસ્માની સબંધ તો ખતમ થઈ શકે છે પરંતુ રૂહાની સબંધો ખતમ નથી થઈ શકતા. રૂહ બાકી છે તો રૂહની સુંદરતા પણ બાકી છે. રૂહ બાકી છે તો તેની ખૂબીઓ (કમાલો) પણ બાકી છે.

**વાંધો** :– આ બધી વાતો તમે અક઼ીદતના આધારે કહો છો, પણ જ્યારે મોત આવે તો કમાલો પણ ખતમ થઈ જાય છે !

**જવાબ** :– નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત નેકીનાં કામો છે. આ સર્વ અલ્લાહની ઈબાદતો છે, અલ્લાહનું ઝિક્ર છે. આ રૂહની ગિઝા છે. જે ખોરાક જેના માટે ખાવામાં આવે તેને જ શક્તિ મળે છે. શું મરી ગયા પછી ઈમાન ખતમ થઈ જશે અથવા બાકી રહેશે ? મૃત્યુ પછી નમાઝ તથા અથવા નેકીઓ ખતમ થઈ જશે અથવા બાકી રહેશે ? નિશ્ચિત રીતે બાકી રહેશે. મરી ગયા પછી તમારા તમામ રૂહાની કમાલો ખતમ થઈ જશે ?! આ એક આશ્ચર્યજનક વાત છે.

જો મરી ગયા પછી તમારું ઈમાન બાકી રહેશે તો વલીના કમાલો પણ બાકી રહેશે. વિલાયત રૂહની વિશિષ્ટતા છે, શરીરની વિશિષ્ટતા નથી. વિલાયત શબ્દ ''વિલા''થી બન્યો છે. ''વિલા''નો અર્થ મહોબ્બત થાય છે. મહોબ્બત શરીરનું કામ નથી રૂહનુ કામ છે. વલી કહેવાય છે મહોબ્બતવાળાને તે જે ખુદાથી મહોબ્બત કરશે અથવા ખુદા તેની સાથે મહોબ્બત કરશે, બન્ને વાતો એક જ છે. જે ખુદાની સાથે મહોબ્બત કરશે ખુદા તેની સાથે જરૂર મહોબ્બત કરશે. અને ખુદાની મહોબ્બત ખુદાની મારેફત (પેહચાન) છે, ખુદાનો કુર્બ (નજીક થવું) છે. જેને ખુદાની મારેફત નથી તેને ખુદાનો કુર્બ પણ પ્રાપ્ત નથી. કેમ કે મહોબ્બત મારેફત વિના નથી થઈ શકતી. મારેફતનો અર્થ છે ઓળખવું, પહેચાનવું (અને ઓળખ વિના મહોબ્બત ન થઈ શકે)

કન્ઝુલ ઉમ્માલ, ભાગ ૧, પેજ ૨૬૭ ઉપર એક લાંબી હદીષ છે કે યહયા ઈબ્ને ઐયૂબ ખઝાઈ رضی اللہ عنہ ફર્માવે છે કે સય્યદુના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં એક ઈબાદતગુઝાર, પરહેઝગાર, નેક નૌજવાન હતો જે વધુ પડતો મસ્જિદમાં જ રહેતો હતો. હઝરત સય્યદુના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તેની ઈબાદત તથા પરહેઝગારીના કારણે તેને ખૂબ જ પસંદ ફર્માવતા હતા. તે નૌજવાનના બાપ વૃધ્ધ હતા.

*(ફૂટ નોંધ : પાછળના પેજની ચાલુ..)* *મુલ્ક પઢવાનો અવાજ આવ્યો. જ્યારે તે સહાબી હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા તો આખી ઘટના જણાવી, હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''સૂરએ મુલ્ક રોકવાવાળી તથા નજાત આપનારી છે પોતાના પઢવાવાળાને કબરના અઝાબથી.'' (તિર્મિઝી, બયહક઼ી, શરહુસ્સુદૂર, તફસીરે ખાઝિન, તફસીરે અઝીઝુલ બયાન)*

*કિતાબુસ્સુન્નહમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો ક઼ૌલ નક઼લ કરવામાં આવ્યો છે. તેમણે ફમાવ્યું કે ''મોમિનને ક઼બરમાં એક મુસ્હફ (કુર્આન શરીફ) આપવામાં આવે છે જેમાં જોઈને તે પઢે છે.'' (શરહુસ્સુદૂર)*

*હઝરત જુબૈર رضی اللہ عنہ કહે છે કે હું ખુદાએ વહદહુ લા શરીકની ક઼સમ ખાઈને કહું છું કે મેં ષાબિત બુનાની رضی اللہ عنہને જ્યારે ક઼બરમાં ઉતાર્યા. મારી સાથે હુમૈદ પણ હતા. જ્યારે અમે ઈંટો રાખી ચૂક્યા તો અચાનક એક ઈંટ પડી ગઈ અને મેં ષાબિત બુનાનીને જોયા કે તેઓ ક઼બરમાં નમાઝ પઢી રહ્યા છે. (શરહુસ્સુદૂર, પેજ–૧૭૪)*

એકવાર તે નૌજવાન ઈશાની નમાઝથી ફારિગ થઈને પોતાના વાલિદ તરફ જઈ રહ્યો હતો. તેનો રસ્તો એક એવી ઔરતના દરવાજાની સામે હતો જે ઔરત તેના ઉપર આશિક હતી. તે ઔરતનો દરરોજનો નિત્યક્રમ હતો કે તેણી તે નૌજવાનના માર્ગમાં આવીને ઉભી રહેતી હતી. તે રાત્રે જ્યારે નૌજવાન તે રસ્તા પરથી પસાર થવા લાગ્યો તો દરરોજની જેમ તે ઔરત રસ્તા ઉપર આવીને ઉભી થઈ ગઈ અને તેને બેહકાવવા લાગી, ત્યાં સુધી કે તે નૌજવાન તેણીની પાછળ લાગી ગયો. જ્યારે તે તેણીના દરવાજા સુધી પહોંચ્યો તે સ્ત્રી પોતાના મકાનમાં દાખલ થઈ ગઈ. આ નૌજવાન જ્યારે (તેની પાછળ પાછળ) દાખલ થવા લાગ્યો તો તેને અચાનક જ અલ્લાહની યાદ આવી ગઈ. અલ્લાહની યાદ આવતાં જ તેના દિલ પરથી અંધકારના પડદાઓ તથા ગફલતની ચાદરો દૂર થઈ ગઈ અને આ આયત તેની જીભ ઉપર ચાલુ થઈ ગઈ :–

اِنَّ الَّذِيْنَ اتَّقَوْا اِذَا مَسَّهُمْ طٰٓئِفٌ مِّنَ الشَّيْطٰنِ
تَذَكَّرُوْا فَاِذَا هُمْ مُّبْصِرُوْنَ

"બેશક ! પરહેઝગારોને જ્યારે કોઈ શૈતાની ખયાલ અડી જાય તો તેઓ તુરંત સાવધાન થઈ જાય છે અને ગફલતનો પર્દો તેમની આંખોથી દૂર થઈ જાય છે અને તેઓ તે જ સમયે પાકીઝગીના માર્ગોને જોવા લાગે છે." *(સૂ. અઅરાફ–૨૦૧)*

આ આયતે કરીમા યાદ આવતાંની સાથે જ તે નૌજવાન બેહોશ થઈને પડી ગયો. તે (ફિત્નાબાઝ) ઔરતે પોતાની બાંદીને બોલાવી અને બંનેવે થઈને ઘણી મુશ્કેલીથી તે નૌજવાનને ઉઠાવીને તેના દરવાજા સુધી પહોંચાડયો. અને દરવાજો ખખડાવી જલ્દીથી ત્યાંથી ભાગી આવી. બાપ પોતાના દિકરાની ખોજમાં આવ્યો અને જોયું કે તેનો પ્યારો દિકરો દરવાજા ઉપર બેહોશ પડયો છે, તેણે તરત જ ઘરવાળાઓને બોલાવ્યાં અને તેઓ તેને ઘરમાં લઈ ગયાં. તે જવાન ઘણીવાર સુધી બેહોશ રહ્યો, જ્યારે રાત વધુ વીતી ગઈ તો તેને હોશ આવ્યો. બાપે પૂછયું,

પ્યારા બેટા ! તારો શું હાલ છે ? તેણે કહ્યું, અબ્બાજાન ! હું ખૈરિયતથી છું. બાપે કહ્યું, બેટા ! હું તને અલ્લાહનો વાસ્તો આપીને પૂછું છું કે તું મને આખી વાત જણાવ. નૌજવાને આખી ઘટના બયાન કરી તો બાપે પૂછયું, તે વખતે તેં કઈ આયત પઢી હતી ? નૌજવાને તે જ આયત પઢીને સંભળાવી અને આયત પઢતાંની સાથે જ ફરી બેહોશ થઈ ગયો. ઘરવાળાંઓએ તેને હલાવ્યો તો તેની રૂહ પરવાઝ કરી ચૂકી હતી. છેવટે તેને ગુસલ આપીને કફન પહેરાવ્યું અને રાત્રે જ કબ્રસ્તાન લઈ જઈને તેની દફનવિધિ પૂર્ણ કરી નાખી. સવારે આ ઘટના હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સમક્ષ રજૂ કરવામાં આવી. તો અમીરૂલ મોમિનીન رضی اللہ عنہ તે નૌજવાનના બાપ પાસે તશરીફ લઈ ગયા અને તેની તાઝિયત ફર્માવી, અને પૂછયું કે, તમોએ મને રાત્રે ખબર કેમ ન કરી ? મર્હૂમ નૌજવાનના બાપે અરજ કરી કે હુઝૂર ! રાતનો સમય હતો, આપને તકલીફ ન થાય તે હેતુથી આપને ખબર ન આપી શકયા. ફર્માવ્યું, સારું ! મને તેની કબર ઉપર લઈ જાવ. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ તેની કબર પાસે ઉભા થઈને ફર્માવ્યું, હે ફલાણા વ્યક્તિ ! જે પોતાના અમલોનો જવાબ આપવામાં પોતાના રબની બારગાહમાં ઉભા રહેવાથી ડરતો રહ્યો તેના માટે જન્નતના બે બાગો છે. *(સૂ. રહમાન–૪૬)*

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના જવાબમાં તે નૌજવાને કબરની અંદરથી કહ્યું : હે ઉમર ફારૂક رضی اللہ عنہ ! મારા પરવરદિગારે પોતાના વાયદા મુજબ બે વાર એટલે કે બે બાગો અતા ફર્માવ્યા છે.

આ વાક્યાને હાકિમે મુસ્તદરકમાં બયાન ફર્માવેલ છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૨૬૭–૨)*

આ પરથી જાણવા મળ્યું કે ખુદાની મહોબ્બતમાં તેના ખૌફથી મરી જનાર એવા ઝિંદા હોય છે કે જો કોઈ કામિલ મોમિન તેમની કબર ઉપર ઉભા રહીને તેમને પોકારે તો તેઓ જવાબ આપે છે.

કામિલો, વલીઓને કબર પાસે ઉભા રહીને

તેમને પોકારવા શિર્ક નથી બલ્કે જાઈઝ છે, તથા હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہનો મુબારક તરીકો છે જેમના વિશે ઝબાને રિસાલત ﷺથી ઈર્શાદ થયો કે મારા પછી અબૂબકર તથા ઉમર رضی اللہ عنہما નું અનુસરણ કરજો. *(સુનને કુબ્રા બયહકીની ઈમામને જાણ કરવા વિશેના પ્રકરણમાં)*

**સવાલ** :– તમે લોકો કબરો પર જઈને પોકાર કરો છો પરંતુ ક્યારેય જવાબ નથી આવતો જેથી હદીષો ગલત છે.

**જવાબ** :– એવું શા માટે કહે છે કે જવાબ નથી આવતો ! એવું કહે કે તું સાંભળી નથી શક્તો ! જોઈ નથી શક્તો ! તારી સાથે કિરામન કાતિબીન ફરિશ્તા છે કે નહીં ? ફરિશ્તાઓ નૂરથી પેદા કરવામાં આવ્યા છે. જો અંધારી રાત છે અને આ તરફ બન્ને ફરિશ્તા પણ નૂર છે, પરંતુ અમને તો કોઈ નૂર દેખાતુ નથી ! તો શું આમ કહેવાથી કુર્આન તથા હદીષ ખોટાં થઈ જશે ?!

સારાંશ કે નૂરને જોવા માટે પણ નૂરની જરૂરત છે. જુઓ ચાંદ નૂર છે પરંતુ જેની આંખોમાં જોવાની શક્તિનું નૂર ન હોય તે ચાંદને કેવી રીતે જોઈ શકશે ? અરે ! ફરિશ્તાઓ તો નૂર છે પરંતુ તેમને જોવા માટે આપણે બેનૂર છીએ. તો માની લો કે વફાત પામેલાઓ જવાબ આપે છે પરંતુ આપણી પાસે તેને સાંભળવાની શક્તિ નથી. હા ! જો ફારૂકે આઝમ رضی اللہ عنہ કબરવાળાથી પૂછી લે તો હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہનો કાન સાંભળી શકે છે પણ આપણો કાન નથી સાંભળી શક્તો. જાણવા મળ્યું કે અલ્લાહના જે મહબૂબ મુકદસ પાક બંદાઓ છે ખુદાની કસમ ! તેમના મઝારો ઉપર જવું પણ સવાબ છે, અને એ માન્યતા રાખવી કે તેઓ સાંભળે પણ છે, તે પણ હક્ક છે. જો કોઈ તેમને પોકારે અને અકીદો પણ સારો હોય તો તેમાં કોઈ વાંધો નથી. આ શિર્ક હોય તો દરેક જમાનામાં દરેક યુગમાં શિર્ક હોય, માત્ર આજે શિર્ક કેમ ?!

અવલિયા અલ્લાહનો મર્તબો એ છે કે જ્યાં ખૌફ ન હોય, ડર ન હોય, અને ગમ પણ ન હોય. અને જે સ્થાને ખૌફ તથા ગમ ન હોય ત્યાં શું હોય ? ત્યાં બેખૌફી હોય, નીડરતા હોય, સુકૂન જ સુકૂન હોય ! અને જ્યાં બેખૌફી તથા બેગમી હશે ત્યાં ઈમાનથી કહો કે તે કેટલી ઊંચી બારગાહ હશે ? કેટલી આરામદાયક જગ્યા હશે ?!

તો પ્યારા વાંચકો ! વલીઓની બારગાહો રૂહના માટે આરામદાયક જગ્યાઓ છે. ખૌફથી બચવું હોય, રંજો ગમથી બચવું હોય તો વલીની બારગાહમાં આવી જાવ ! આ વલીઓ ખૌફ તથા ગમથી મેહફૂઝ છે અને જે વલીનો દામન પકડી લેશે તે પણ ખૌફ તથા ગમથી મેહફૂઝ તથા સુરક્ષિત થઈ જશે.

**સવાલ** :– આ અગ્યારમી ક્યારથી શરૂ થઈ ?

**જવાબ** :– હઝરત શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ (જેમને દેવબંદીઓ પણ માને છે તે) ફર્માવે છે : આપણા દેશમાં આજકાલ અગ્યારમી તારીખ મશહૂર છે, અને એ જ તારીખ તેમની (ગૌષે પાકની) ઔલાદના હિન્દુસ્તાની મશાઈખો નજીક જાણીતી છે. *(મા ષબત બિહિસ્સુન્નહ, ૧૬૮)*

હઝરત શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૧૦૫૨) એ અગ્યારમી તારીખની હિફાઝત કરનારી હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની ઔલાદને પામી, અને જે ગૌષે પાકની ઔલાદ છે તે તો સોનાની સાંકળનો (સુવર્ણ સાંકળ)નો સિલસિલો છે.

જેમ કે કોઈ રિવાયતના રાવીઓ (રિવાયત કરનારાઓ) ઉચ્ચ કોટીના હોય તો તેને મોતીની હેર કહેવામાં આવે છે. તો આ હેર મુસલમાનોની એક મોટી જમાઅત હતી. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષ છે અને આ હદીષ મૌકૂફ★ છે કે "જે કામને મુસલમાનો સારું જાણે તે કામ અલ્લાહ તઆલાના નજીક પણ સારું છે." *(શામી, ૩૭૫–૩)* –નૂરુલ હબીબ મંથલી–પાક., જાન્યુ–૨૦૧૫

★ **મૌકૂફ** : *તે હદીષને કહેવામાં આવે છે જેની સનદ સહાબાએ કિરામ સુધી પહોંચી હોય.*

# હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

મોગલ બાદશાહ અકબરનો યુગ હિંદુસ્તાની મુસલમાનો માટે અત્યંત પડતીનો યુગ હતો. અકબર એક મુસલમાનના રૂપમાં જાહેર થયો. પછી ફતેહપુર સિક્રીમાં ઈબાદતખાનાનું બાંધકામ થયું, જ્યાં ઈસ્લામી ઉલ્માની ઈલ્મી બહષો થતી, ત્યારબાદ ત્યાં ઈસાઈ, પાદરીઓ અને બુદ્ધિવાનોનો પણ દખલ શરૂ થયો અને પછી ધીરે ધીરે વાત બગડવા લાગી. "દીને ઈલાહી"નો પ્રારંભ થયો અને તે સર્વ થયું જેના વર્ણનથી જબાન અચકાય છે. દરેક તે કામ થવા લાગ્યું જે ઈસ્લામના વિરુદ્ધ હતું. કલ્મએ તૈયબહ્ "લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" ﷺના બદલે "લાઈલાહ ઈલ્લલ્લાહુ અકબર ખલીફતુલ્લાહ" પઢવામાં આવ્યો. ગાયની કુર્બાની પર પ્રતિબંધ લાદવામાં આવ્યો, ઈસ્લામી પર્દો કરવાને ગુનોહ ઠરાવવામાં આવ્યો. જેના કારણે ઔરતોની બેપર્દગી આમ થઈ ગઈ. શરાબ અને જૂગાર ગર્વથી આમ થવા લાગ્યાં. સુવ્વર અને કૂતરાનું સન્માન થવા લાગ્યું. અકબરે સામાન્યજનો સિવાય ઉલ્માને જબરદસ્તીપૂર્વક શરાબ પીવડાવી. ઝમીનબોસીના નામથી સજદાની શરૂઆત થઈ અને પછી બાદશાહને સજદો કરવું અનિવાર્ય કરી દેવામાં આવ્યું. સામાન્ય તથા ખાસ લોકો કહેવાતા ઉલમા પણ અકબર સામે સિજદા કરતા, ઈસ્લામી નિશાનીઓની ખુલ્લેઆમ મજાક ઉડાડવામાં આવતી, દાઢીઓ મૂડાવી દેવામાં આવી, ત્યાં સુધી કે અમુક મસ્જિદો અને મદ્રસા પણ તોડી નાખવામાં આવ્યા ! 'હિંદુ મુસ્લિમ એક'નો નારો લગાડવામાં આવ્યો અને મુશ્રિકાના રસ્મો રિવાજ પર મુસલમાનોને મજબૂર કરવામાં આવ્યા. સારાંશ કે જ્યારે ઈસ્લામી નિશાનીઓ અને ઈસ્લામી તસવ્વુફના લીલાછમ બાગ પર શિર્કભરી માન્યતાઓનું કાળુ વાદળ છવાઈ જવા લાગ્યું તો ઈસ્લામી ચમનની હિફાઝત માટે કુદરતે શયખ અહમદ મુજદ્દિદ અલ્ફેષાની નકશબંદી સરહિંદી رحمۃ اللہ علیہને મોકલ્યા.

મુજદ્દિદ અલ્ફેષાની હઝરત શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ હિ.સ. ૯૭૧માં હિંદુસ્તાનના પશ્ચિમી પંજાબના સરહિંદમાં જન્મ્યા. આપના વાલિદે માજિદ હઝરત શૈખ અબ્દુલ અહમદ ચિશ્તી رحمۃ اللہ علیہ (વિસાલ મુબારક હિ.સ. ૧૦૦૭/ઈ.સ. ૧૫૯૭) પોતાના સમયના અત્યંત પ્રતિભાશાળી આલિમે દીન તથા આરિફ બિલ્લાહ હતા. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની વંશાવલી ૨૯ વાસ્તાથી અમીરુલ મુ'મિનીન હઝરત સૈયદોના ઉમર ફારૂક رضی اللہ عنہની મળે છે. આપે અધિકતમ ઉલૂમ પોતાના વાલિદે માજિદથી પ્રાપ્ત કર્યા, તેમજ મૌલાના કમાલુદ્દીન કશ્મીરી, મૌલાના યાકૂબ કશ્મીરી અને કાઝી બહલૂલ બદખ્શી વગેરેથી ઉલૂમે મા'કૂલા વ મન્કૂલા પ્રાપ્ત કર્યા. ગ્વાલિયરના કિલ્લામાં કૈદના જમાનાનામાં કુર્આને હકીમ હિફ્ઝ કર્યુ. થાનેસરના શૈખ સુલ્તાન થાનેસરીનાં સાહબઝાદીથી નિકાહ થયા, જેઓ અકબર બાદશાહના ખાસ લોકોમાંથી હતા. આ કારણે શાહી દરબારથી સંબંધ સ્થાપિત થયો જે દીનની તબ્લીગનું કારણ બન્યો. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ અખંડ ભારતના પ્રસિદ્ધ બુઝુર્ગ હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہ (વિસાલ મુબારક : હિ.સ. ૧૦૧૨/ઈ.સ. ૧૬૦૩)થી નકશબંદી સિલસિલામાં બયઅત થયા અને હિ.સ. ૧૦૦૮માં ઈજાઝત અને ખિલાફત મળી. તેમજ સિલસિલએ ચિશ્તિયામાં વાલિદે માજિદ શૈખ અબ્દુલ અહમદ ચિશ્તી અને સિલસિલએ કાદરિયામાં હઝરત શાહ કમાલ કાદરી رحمۃ اللہ علیہથી ખિરકએ ખિલાફત પહેલાંથી જ પ્રાપ્ત હતો. આપ હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہના ચહીતા મુરીદોમાંથી હતા જેના કારણે ઈલ્મો ઈર્ફાનના આકાશ પર સૂરજ બની ચમક્યા અને અકબરીયુગના અંધકારને ઈમાનના નૂરથી રોશન કરી દીધો. આપની ઈસ્લાહી કોશિશોની શરૂઆત અકબરના યુગથી થઈ અને જહાંગીર બાદશાહના યુગમાં આ કોશિશો ફળદાયી

પુરવાર થઈ.

અકબરે જે હેતુઓની પ્રાપ્તિ માટે પ્રયાસો કર્યા તેમને ત્રણ વિભાગોમાં આ રીતે વહેંચી શકાય છે :–

(૧) હિંદુઓથી સમઝોતો (૨) કૌમી હુકૂમતની સ્થાપ્ના (૩) અખંડ હિંદુસ્તાન

આ ત્રણેવ હેતુઓ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના મહાન હેતુઓથી વિપરિત હતા. આપે ઈસ્લામી હુકૂમતની સ્થાપ્ના, ઈસ્લામી હિંદુસ્તાનનું બંધારણ તથા વિકાસ અને હિંદુઓથી સમઝોતો ન કરવા માટે ભરપૂર કોશિશો કરી. રાજકીય હેતુઓના લાભાર્થે અકબરે "દીને ઈલાહી" નામથી એક નવા ધર્મનો પાયો નાખ્યો, જેનો મક઼સદ મુસલમાનો અને હિંદુઓને ભેગા કરી એક (નવી મિશ્ર) કૌમ બનાવવાનો હતો. અકબરના આ એક કૌમી નઝરિયા (માન્યતા)ના વિરુદ્ધમાં હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہએ બે કૌમી નઝરિયાનું એલાન કર્યું અને જણાવ્યું કે કુફ્ર અને ઈસ્લામ બે અલગ વસ્તુઓ છે, જે કોઈપણ રીતે એક નથી થઈ શકતી. આ પવિત્ર નઝરિયાના ફેલાવા માટે આપે અસંખ્ય મક્તૂબાત લખ્યા જે મક્તૂબાતે મુજદ્દિદે અલ્ફેષાનીના નામથી કિતાબના સ્વરૂપમાં પ્રકાશિત થયા. આ તે જ બે કૌમી ખયાલ છે જેની સૈયદોના ઈમામ અહમદ રઝા કાદરી હનફી رحمۃ اللہ علیہએ ચૌદમી સદીમાં......કરી ડોકટર ઈક઼બાલ અને મુહમ્મદ અલી જિન્નાહને સર્તક કર્યા.

હિંદુસ્તાનમાં મુસલમાનોની ઈસ્લાહ અને તરક્કી માટે જે કાંઈ કર્યું તે કોઈનાથી છુપુ નથી. શરીઅતથી વિમુખ થઈ જવાવાળાઓને પોતાના મક્તૂબાત વડે શરીઅતથી વાકેફ કર્યા. તરીક઼તના માર્ગની હક઼ીક઼તથી અજાણ હોવાના કારણે ભટકી ગયેલા સૂફીઓને



તરીક઼તથી સન્માર્ગે કર્યા. વહદતુલ વુજૂદના નઝરિયાના ખોટા અર્થઘટનના કારણે લોકો ગુમરાહ થઈ રહ્યા હતા. આપે તેની સાથે વહદતુશ્શહૂદનો નઝરિયો રજૂ કર્યો જે દિલ અને દિમાગ, બંનેવથી નજીક હતો. અને આ જ એ માન્યતા હતી જેણે શાઈરે મશ્રિક ડૉકટર ઈક઼બાલની ફિક્રમાં ઈન્કેલાબ પેદા કર્યો. વહ્દતુલ વુજૂદની માન્યતાના ખોટા અર્થઘટનના કારણે જે તબાહી ફેલાય રહી હતી, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના તસવ્વુફે વહ્દતુશ્શહૂદે અસરકારક રીતે તેની રોકથામ કરી અને સમજમાં ન આવે તેવી બાબતને સામાન્ય લોકો માટે સમજવાપાત્ર બનાવી દીધી જેણે મુસલમાનોની વિચારણાની દરેક સ્તરે ઈસ્લાહ કરી એક મહાક્રાંતિનું કારણ બન્યું. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہએ જાલિમ હાકિમે વક્તના ખોટા ફૈસલાઓની ટીકા કરી જેના કારણે આપને કેદ પણ કરવામાં આવ્યા. ગ્વાલિયરના કિલ્લામાં કેદ અને પછી નજરબંદી આપની ઈસ્લાહી કોશિશોને અવામ તેમજ હુકૂમતમાં અધિક પ્રભાવશાળી કરી દીધી. આપની કૈદ ઈસ્લામી નિઝામે હુકૂમત માટે રહમત બની ગઈ. આપે અડગતાના એવા ઉદાહરણો સ્થાપિત કર્યા જેનાથી મુડદા દિલો જીવંત થઈ ગયાં. બાદશાહ સમક્ષ તા'ઝીમી સજદો બંધ થયો, શરાબ અને બીજી ખુરાફાત પર પ્રતિબંધ લાગ્યો. આપની અનથક કોશિશોના કારણે ઈસ્લામી તા'લીમાતનો ખૂબ ફેલાવો થયો. ત્યારબાદ જહાંગીર બાદશાહના શાસનકાળ માં રાજકીય અને ધાર્મિક બાબતોના મશ્વરા માટે કાયદેસર રીતે ઉલ્માનું કમિશન નક્કી કરવામાં આવ્યું જે સમયની હુકૂમતની ઈસ્લામી હુકમો વડે સમયસર ખબર રાખતુ હતું.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના ઈસ્લાહી કારનામાઓને વર્ણન કરવા માટે મોટી

લાયબ્રેરીની જરૂરત છે. પાકિસ્તાનના પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી તથા ઈતિહાસકાર પ્રોફેસર ડૉકટર મુહમ્મદ મસઊદ અહમદની નિગરાનીમાં ઈ.સ. ૨૦૦૭માં હજારો પેજ પર આધારિત ૧૫ ભાગમાં "ઈન્સાક્લોપિડિયા જહાંને ઈમામ રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની" સંપાદિત થયેલ છે જેને ઈમામે રબ્બાની ફાઉન્ડેશને પ્રકાશિત કર્યો છે.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ અખંડ ભારતના સુધારકોમાં એક શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. આપની ઈમાની સુઝબુઝે થોડા જ વરસોમાં લોહીનું એક ટીપું વહાવ્યા વિના એક મહાન ક્રાંતિ સર્જીને અખંડ ભારતના મુસલમાનોને મઝહબી, રાજનૈતિક અને રૂહાની સ્તરે મજબૂત કર્યા.

આપની કિતાબોમાં "મક્તૂબાતે મુજદ્દિદ અલ્ફેષાની, ફારસી" ઘણા જ પ્રખ્યાત છે. અરબી, ઉર્દૂ, તુર્કી અને અંગ્રેજી ભાષાઓમાં તેમનો અનુવાદ પણ પ્રકાશિત થઈ ચૂક્યો છે. તે સિવાય ઈષ્બાતુન્નુબુવ્વત, રિસાલા દર ઈલ્મે હદીષ, રિસાલા દર મસ્અલએ વહ્દતુલ વુજૂદ, મબદઅ વમઆદ, મુકાશિફાતે ગયબિયા, મુકાશિફાતે અયાનિયા, મઆરિફે લદુન્નિયા, રદ્દુર્રફઝા શર્હે રૂબાઈયાતે ખ્વાજા બેરંગ, રિસાલા મક્સૂદુસ્સાલિહીન, આદાબુલ મુરીદીન, રિસાલા જઝબો સુલૂક પણ આપની યાદગાર કિતાબો છે. હદીષમાં છે કે મોટો જેહાદ જાલિમ સત્તાધારીની સામે હક્ક વાત કહેવી છે. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની આ હદીષની અમલી તસ્વીર હતા, આપે બે જાલિમ હુકમરાનો સમક્ષ હક્કનો પ્રચાર કરી ઈહયાએ ઈસ્લામ અને તજદીદે દીનનો (દીનને જીવંત કરવાનો) મહત્વનો ફરજ અદા કર્યો, જેના લીધે મુસલમાનોએ આપના મુજદ્દિદ હોવાનો એકરાર કર્યો. સૌથી પહેલાં મુલ્લા અબ્દુલ હકીમ સિયાલકોટી (વિસાલ : હિ.સ. ૧૦૬૮/ઈ.સ. ૧૬૫૭)એ આપને એક પત્રમાં મુજદ્દિદ કરી સંબોધ્યા. ત્યાર પછી આ લકબ એટલો આમ થયો કે આપના નામથી વધુ પ્રસિદ્ધ થઈ ગયો. આપની ઈલ્મી અને રૂહાની ફઝીલત હિંદો પાકના દરેક મસ્લક અને સિલસિલાના ઉલમા અને બુઝુર્ગોએ સ્વીકારી અને પોતાની કિતાબોમાં ઠેક ઠેકાણે આપના હવાલા આપ્યા, જેમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જેવી મહાન હસ્તીઓ સામેલ છે. શાઈરે મશ્રિક ડૉકટર ઈક્બાલ જ્યારે સરહિંદ શરીફ આવ્યા તો હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના રૂહાની કમાલાતથી એટલા પ્રભાવિત થયા કે આ અશ્આરમાં ખિરાજે અકીદત રજૂ કર્યુ :–

**હાઝિર હુવા મૈં શૈખ મુજદ્દિદ કી લહદ પર**
**વો ખાક કે હૈ ઝેરે ફલક મત્લએ અન્વાર**

**ઉસ ખાક કે ઝર્રોં સે હૈં શર્મિંદા સિતારે**
**ઉસ ખાક મેં પોશીદા હૈં વો સાહિબે અસ્રાર**

**ગરદન ન ઝૂકી જિસ કી જહાંગીર કે આગે**
**જિસ કે નફ્સે ગર્મસે હૈં ગર્મીએ અહ્રાર**

**વો હિંદ મેં સરમાયએ મિલ્લત કા નિગેહબાન**
**અલ્લાહને બર વક્ત કિયા જિસ્કો ખબરદાર**

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہએ મુસલમાનોની હિદાયત માટે તરીકતના સિલસિલાઓ અને ચિશ્તિયા, કાદરિયા અને નક્શબંદિયાને રિવાજ આપ્યો, અને સિલસિલએ નક્શબંદિયા તો બાદમાં આપની નિસ્બતથી "નક્શબંદિયા મુજદ્દિદિયા"ના નામથી પ્રસિદ્ધ થયો. આજે દુનિયાના દરેક ભાગમાં આ સિલસિલાનો ફયૂઝ જારી છે.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ પોતાની ઈસ્લાહી કોશિશો દરમિયાન હિ.સ. ૧૦૨૭થી હિ.સ. ૧૦૨૮ સુધી એક વરસ ગ્વાલિયરના કિલ્લામાં કૈદ રહ્યા. જ્યારે કે પાંચ વરસ સુધી પ્રતિબંધ અને છ માસ સુધી ઝબાનબંદી રહી. જીવનના અંતિમ દિવસોમાં આપ પોતાની ખાનકાહ (સરહિંદ)માં ખલ્વતનશીં થઈ ગયા અને એ જ દરમિયાન ૨૯ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૦૩૪માં વિસાલ ફર્માવ્યો.

સરહિંદ શરીફમાં આજે શિખ વસ્તી અધિક હોવા છતાં આપનો મઝારે પુર અન્વાર દરેક આમ તથા ખાસની ઝિયારતગાહ છે. અલ્લાહ તબારક વ તઆલા આપણને બુઝુર્ગોને દીનની તા'લીમાત પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*–માહનામા નૂરુલ હબીબ–પાક. નવેમ્બર–૨૦૧૪*

# ત્રણ તલાક઼નો શરઈ હુકમ

અઝ : મુહક્કિકે અસ્ર મુફ્તી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

હપ્તો :૨

## ★ શંકાઓનું નિવારણ ★

કિતાબ તથા સુન્નત અને સહાબીઓના ઈજમાઅની વિરૂધ્ધ બે રિવાયતોથી એ શંકા થાય છે કે એક મજલિસની ત્રણ તલાકો ત્રણ થશે નહીં. બલ્કે તેનાથી કેવળ એક જ તલાક઼ લાગુ થશે. તે રિવાયતો આ પ્રમાણે છે :–

(૧) ઈબ્ને જુરૈજ કહે છે કે મને અબૂ રાફેઅના પુત્રોમાંથી અમુકે ખબર આપી કે ઈકરમાએ બતાવ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું :–

طلّق أبور كانة أمّ ركانة----ثم قال : راجع امر أتك أُمّركانة، فقال: أِنِّی طلّقتُها ثلاثاً یا رسو اللّٰه،
قال : قد علمتُ راجعها۔

''અબૂ રુકાનાએ ઉમ્મે રુકાનાને તલાક઼ આપી......... રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારાં પત્ની ઉમ્મે રુકાનાને પલટ લઈ લો. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં તો તેણીને ત્રણ તલાક઼ આપી દીધી છે. આપે ફર્માવ્યું, મને ખબર છે ! (નિકાહ કરીને) પરત કરી લો. *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૮)*

(૨) હઝરત તાઉસ રિવાયત કરે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ અને હઝરત અબૂબક رضی اللہ عنہના જમાનામાં, તેમજ હઝરત ઉમર رضی اللہ عنہની ખિલાફતના બે વરસો સુધી ત્રણ તલાક઼ એક ગણવામાં આવતી હતી. તો હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું, જે વાતમાં લોકો માટે ઢીલ હતી એમાં એમણે ઉતાવળ કરી નાખી. અમે એને એમના પર લાગુ કરી દઈશું. પછી આપે એને એમના પર લાગુ કરી આપ્યું. *(મુસ્લિમ શરીફ, ૧/૪૭૭,૪૭૮)*

આ હદીષોથી માલૂમ થાય છે કે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہના જમાનામાં ત્રણ તલાક઼ોને ત્રણ ઠરાવવામાં આવી, એનાથી પહેલાં ત્રણ તલાક઼ોને એક જ તલાક઼ માનવામાં આવતી હતી.

પણ આ ઈસ્તેદલાલ (દલીલો)ની હૈસિયત એક કમજોર શંકાથી અધિક નથી. એની કાંઈક સ્પષ્ટતા આ પ્રમાણે છે :–

**(અ)** પ્રથમ હદીષ 'ઝઈફ' તથા 'મુન્કર' છે એના રાવી 'મજહૂલ' લોકો છે :–

أما الرواية التی رواها المخالفون أنّ ركانة طلّق ثلاثاً فجعلها واحدة فرواية ضعيفة عن قوم مجهو لين۔

એ રિવાયત કે, ''રુકાનાએ ત્રણ તલાક઼ આપી હતી અને રસૂલુલ્લાહ ﷺએ એને એક તલાક઼ ઠરાવી દીધી,'' ઝઈફ રિવાયત છે, જેના રાવી મજહૂલ લોકો છે.

સહીહ મુસ્લિમની શરહ (૧/૪૭૮)માં ઈમામ અબૂ ઝકરિયા નવવી શાફઈ رحمۃ اللہ علیہએ આ પ્રમાણે ખુલાસો આપ્યો છે :–

**(બ)** તલાક઼નો મામલો સામાન્યત : ઘરમાં ઉપસ્થિત થાય છે એટલા માટે ઘરવાળાઓને

બનાવની સાચી જાણ હોય છે અને ઘરવાળાંઓની રિવાયત આ પ્રમાણે છે કે રુકાનાએ ''તલાકે બત્તહ'' આપી હતી, અને ખુદ રુકાનાએ હુઝૂર ﷺના દરબારમાં કસમ ખાયને એ સ્વીકાર કર્યો હતો કે તેમની નિય્યત એક તલાકની હતી. પરંતુ એનાથી વિરૂધ્ધ ત્રણ તલાકની રિવાયત ઘરવાળાઓના સિવાય અન્ય લોકોની છે. તો તલાકના મામલામાં ઘરવાળાઓની રિવાયતની વિરૂધ્ધ અન્ય લોકોની રિવાયત મકબૂલ (સ્વીકાર્ય) થશે નહીં. જેમ કે મુહદ્દિષે જલીલુશ્શાન હઝરત મૌલાના અબૂ દાઊદ رحمۃ اللہ علیہ નાફેઅ ઈબ્ને અજીર તથા અબ્દુલ્લાહ ઈબ્ને અલી رضی اللہ عنہما ની ''તલાકે બત્તહ''વાળી રિવાયતોને નકલ કરીને ફર્માવે છે :–

قال أبـو داؤد : وهـذا أصحّ من حديث ابن بن جريج أنّ ركـانة طلّق امرأتهٗ ثلاثاً لأنهم أهل بيتهٖ وهم أعلم بهٖ وحديث ابن جريج رواه عن بعض بنى أبى رافع۔

''અબૂ દાઊદ કહે છે કે આ હદીષ ઈબ્ને જરીહની આ રિવાયતથી કે ''રુકાનાએ પોતાની પત્નીને ત્રણ તલાક આપી હતી'' સહીહ છે, એટલા માટે કે 'તલાકે બત્તહ'ના રાવી રુકાનાના ઘરવાળાં છે, અને ઘરવાળાઓને બનાવનો સહીહ ઈલ્મ વધારે હોય છે. અને ઈબ્ને જરીહની રિવાયત તો અબૂ રાફેઅના અમુક પુત્રોએ કરી છે. (જેઓ રુકાનાના ઘરવાળાંમાંથી નથી)

આ જ મુહદ્દિષ અબૂ દાઊદ એક અન્ય સ્થળે ઈબ્ને જરીહવાળી રિવાયત નકલ કર્યા બાદ ફર્માવે છે :

قال أبوداؤد : وحديثُ نافع بن عجير و عبد للّٰه بن على بـن يـزيد بن ركانة عن أبيه عن جدهٖ أنّ ركانة طلّق امر أتهٗ فـردّهـا أليه البنى صلى اللّٰه عليه وسلم أصحّ، لأنهم ولـد الـرجـل وأهـلـهٗ أعلم بهٖ أنّ ركانة أنما طلّق امر أتهٗ البتة فجعلها البنى صلى اللّٰه تعالىٰ عليه وسلم واحدة۔

''અબૂ દાઊદે કહ્યું કે નાફેઅ બિન અજીર અને અબ્દુલ્લાહ ઈબ્ને અલીની આ રિવાયત કે રુકાનાએ પોતાની પત્નીને ''તલાકે બત્તહ'' આપી હતી અને નબી ﷺએ તેણીને રુકાનાને પરત કરી આપ્યાં હતાં, એ સહીહ છે. એટલા માટે કે એ લોકો રુકાનાની ઔલાદ છે. અને બીવી બચ્ચાંને એ વાતનો સારી રીતે ઈલ્મ હતો કે રુકાનાએ પોતાની પત્નીને કેવળ ''તલાકે બત્તહ'' આપી છે. એટલા માટે નબી કરીમ ﷺએ (રુકાના પાસે કસમ લઈને) તેને એક તલાક ઠરાવી. *(સુનને અબૂ દાઉદ, ૧/૨૯૯)*

ઈમામ અબૂ ઝકરિયા નવવી, શરહે મુસ્લિમ શરીફમાં લખ્યા બાદ કે ત્રણ તલાકવાળી રિવાયતના રાવી 'મજહલ' લોકો છે, અને એ રિવાયત ઝઈફ છે. સ્પષ્ટતા કરે છે કે :

وإنما الصحيح منها ما قدّمناه أنّهٗ طلّقها البتة۔

સહીહ રિવાયત તો કેવળ તે રિવાયત છે જે અમે પ્રથમ નકલ કરી ચૂક્યા કે રુકાનાએ ''તલાકે બત્તહ'' આપી હતી. *(૧/૪૭૮)*

એક અન્ય મુહદ્દિષ ઈમામ ઈબ્ને હજર શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

إنّ أباداؤد رجّح أنّ ركانة إنـمـا طلّق امر أتهٗ البتة كما أجر جهٗ هـو من طريق اٰل بيتِ ركانة وهو تعليلٌ قوىٌ الـجـواز أن يـكـون بـعـض رواتـهٖ حـمـل "البتة" عـلـى الثلاث، قـفـال : طـلّـقهـا ثلاثـا فبهٰذه النكتة يقف الاء ستدلال بحديث ابن عباس۔

''મુહદ્દિષ અબૂ દાઊદે આ રિવાયતને અગ્રતા આપી છે કે રૂકાનાએ પોતાની પત્નીને કેવળ ''તલાકે બત્તહ'' આપી હતી. કેમ કે આ હદીષના રાવી બીવી બચ્ચાં (ઘરવાળાં) છે અને એ મજબૂત દલીલ છે. અને ઈબ્ને જરીહવાળી રિવાયતમાં એ શક્ય છે કે અમુક રાવીઓએ શબ્દ ''અલ્લાહ''ને ત્રણ તલાક પર મહબૂબ કરીને (ધારીને) આ રિવાયત કરી આપી હોય કે તેમણે ત્રણ તલાકો આપી હતી. તો આ પોઈન્ટના કારણે ઈબ્ને અબ્બાસની આ રિવાયતથી દલીલ કરવું

અવિશ્વાસનીય થશે. *(ફત્હુલ બારી શરહે સહીહ બુખારી, ૯/૩૬૩, દારૂલ ફિક્ર)*

મતલબ એ છે કે શબ્દ ''અલ્‌બત્તહ'' એક તલાક઼ની પણ સંભાવના ધરાવે છે અને ત્રણની પણ. જેમ કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું, તો કોઈ રાવીએ એની બીજી સંભાવનાને સામે રાખીને 'અલ્‌બત્તહ''ની જગાએ ''ષલાષન્‌'' એટલે ''ત્રણ'' રિવાયત કરી આપી. રુકાનાએ શબ્દ ''ષલાષા''થી તલાક઼ આપી ન હતી, બલ્કે શબ્દ 'અલ્‌બત્તહ'થી આપી હતી.

(ક) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના હવાલાથી મજહૂલ રાવીઓએ જે હદીષ રિવાયત કરી છે કે રુકાનાએ ત્રણ તલાક઼ આપી અને રસૂલુલ્લાહ ﷺએ તેને એક ઠરાવી આપી. આ હદીષ એટલા માટે પણ અમલને અપાત્ર તથા દલીલને અપાત્ર છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ફત્વો એનાથી વિરૂધ્ધ છે જેમાંથી ચાર ફત્વા અમે પાછલાં પૃષ્ઠોમાં નકલ કર્યા છે. સહાબાએ કિરામમાંથી કોઈ પણ સહાબીથી એ અશક્ય છે કે તે રસૂલુલ્લાહ ﷺની હદીષ રિવાયત કરે પછી એના બાદ તેના વિરૂધ્ધ ફત્વો બહાર પાડે. એટલા માટે ઉલમા ફર્માવે છે કે જો કોઈ સહાબી હદીષે રસૂલની રિવાયત બાદ એનાથી વિરૂધ્ધ અમલ કરે અથવા ફત્વો આપે તો તે એ વાતની દલીલ છે કે તે હદીષ ક્યાં તો બાદમાં મન્સૂખ થઈ હશે અથવા કોઈકની ઘડેલી છે, એટલા માટે અમલને પાત્ર નથી, જેમ કે નૂરુલ અન્વારમાં છે :–

والمروی عنه اذا عمل بخلافه بعد الرواية مماهو خلاف بيقين سقط العمل به لأنه اِمّا خالفهٗ للو قوف علىٰ نسخه أو موضو عيته فقد سقط الا حتجاج به۔۔۔اه

''હદીષનો રાવી રિવાયત કર્યા પછી જ્યારે એની વિરૂધ્ધ અમલ કરે અને એ અમલ હદીષની વિરૂધ્ધ હોવાનું યક઼ીની હોય તો એ હદીષથી અમલ સાક઼િત થઈ (હુકમ ઉઠી) જશે. એટલા માટે કે રાવીએ એ હદીષના મન્સૂખ હોવા પર માહિતગાર થઈને તેની વિરૂધ્ધતા કરી છે, અથવા એ હદીષ ઘડેલી છે જેથી એના પર અમલનો હુકમ ઉઠી (સાક઼િત) જશે. *(નૂરુલ અન્વાર, પેજ–૧૯૪,૧૯૫)*

સારાંશ એ કે ત્રણ તલાક઼ને એક ઠરાવનારી હદીષ ત્રણ ત્રણ રીતે અમલને અપાત્ર છે અને દલીલને લાયક નથી :–

**૧.** એટલા માટે કે એ હદીષ ઝઈફ તથા મુન્કર છે, એટલા માટે કે રાવી મજહૂલ હઝરાત છે.

**૨.** એટલા માટે કે આ હદીષ હઝરત રુકાનાનાં ઘરવાળાંઓની રિવાયતની વિરૂધ્ધ છે.

**૩.** એટલા માટે કે હદીષના રાવી ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ફત્વો એની વિરૂધ્ધ છે.

બીજી હદીષ જેને હઝરત તાઉસે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ અને હઝરત અબૂબક્ર સિદ્દિક઼ رضی اللہ عنہ ના દૌરમાં અને હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિલાફતના પ્રારંભના બે વરસોમાં ત્રણ તલાક઼ એક માનવામાં આવતી હતી, એ વાત પણ બે કારણે દલીલને અપાત્ર છે :

(૧) આ હદીષ મુત્લક઼ છે, જેના ઉમૂમ (સમાન્યપણા)માં મદખૂલા, ગૈર મદખૂલા, એક મજલિસ તથા વિવિધ મજલિસો સર્વ સામેલ છે. જેથી હદીષનો જાહેરી ફાયદો એ છે કે પતિ, મદખૂલાને ત્રણ તલાક઼ આપે અથવા ગૈર મદખૂલાને, એક સાથે એક જ વાક્યમાં ત્રણ તલાક઼ આપે અથવા કેટલીયે વારમાં અને કેટલાયે વાક્યોમાં આપે, એક જ મજલિસમાં ત્રણ તલાક઼ આપે કે અલગ અલગ કેટલીયે મજલિસોમાં, ગમે તેમ પણ ત્રણ તલાક઼ એક જ માનવામાં આવશે. જ્યારે કે આ ક઼ત્અન, યક઼ીનન ઉમ્મતના

ઈજમાઅની વિરૂધ્ધ છે અને **ઉમ્મતનો ઈજમાઅ ગુમરાહી પર નથી હોઈ શક્તો.** એટલા માટે આ હદીષ પોતાના ઉમૂમ તથા ઈત્લાક઼ (લાગુ થવા)ના લેહાઝથી દલીલને પાત્ર નથી.

(૨) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના ફત્વા આ હદીષની પણ વિરૂધ્ધ છે જેથી આ હૈસિયતથી પણ આ હદીષ પોતાના ઉમૂમની સાથે દલીલને પાત્ર રહી નથી.

આ બંનેવ કારણે રજૂ કરેલી હદીષથી એ દલીલ નથી થઈ શક્તી કે એક મજલિસની ત્રણ તલાક઼ો એક જ હોય છે, કેમ કે આ હદીષના ઉમૂમમાં જેમ કે એક મજલિસ દાખલ છે એ જ પ્રમાણે ત્રણ મજલિસો પણ તો દાખલ છે. સાથોસાથ ત્રણ તહર (પાકીના પીરિયડ) પણ તો સામેલ છે. તો પછી એ પણ દલીલ કરી શકાય છે કે ત્રણ મજલિસમાં અને ત્રણ તહરમાં અને ત્રણ વાક્યમાં આપવામાં આવેલી ત્રણ તલાક઼ો પણ એક જ તલાક઼ ગણાશે ! **જ્યારે કે એને માનનારો કોઈ પણ નથી.** જેથી જાણવા મળ્યું કે આ હદીષ તાવીલ થયેલી છે એટલા માટે ઉમ્મતના ઉલમાએ એની કેટલીયે તાવીલો (અર્થઘટનો) કરેલ છે.

એમાંની એક તાવીલ એ છે કે આ હદીષ ખાસ ગૈર મદખૂલાના સંબંધે છે. રિસાલતકાળમાં અને સિદ્દિક઼ી યુગમાં તથા કારૂક઼ી ખિલાફતના પ્રારંભિક બે વરસો સુધી ગૈર મદખૂલાને જ્યારે કોઈ તલાક઼ આપતું તો અલગ અલગ એક એક તલાક઼ આપતુ. એટલા માટે બાદની (એક પછીની) બે તલાક઼ બેકાર થઈ જતી અને કેવળ પહેલીવાળી તલાક઼નો એતબાર થતો. પરંતુ બાદમાં હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ના યુગમાં લોકો એક સાથે એને ત્રણ તલાક઼ આપવા લાગ્યા એટલા માટે હવે ત્રણેવ તલાક઼ોનો એતબાર જરૂરી હતો. એ જ પૂરી મુસ્લિમ ઉમ્મતનો મૌક઼ફ પણ છે. આ તાવીલનું સમર્થન અબૂ દાઊદ શરીફની આ હદીષથી થાય છે :–

**عن طاؤس أنّ رجلاً يقال لهٗ أبو الصهباء كان كثير السؤال لا بن عباس، قال : أما عملتَ أنّ الرجل كان اِذا طلّق امر أتهٗ ثلاثاً قبل أن يدخل بها جعلوها واحدة علىٰ عهد رسول اللّٰه صلى اللّٰه عليه وسلم وأبى بكر وصدراً من امارة عمر ؟ قال ابن عباس بلىٰ-- كان الرجل اذا طلّق امرأته ثلاثاً قبل أن يدخل بها جعلو ها واحدة علىٰ عهد رسول اللّٰه صلى اللّٰه عليه وسلم وأبى بكر وصدراً من امارة عمر، فلمّا رأى الناس قد تتابعوا فيها، قال: أجيز وهنّ عليهم۔**

''હઝરત તાઊસ કહે છે કે અબૂ સહાબા નામના એક શખ્સ હઝરત ઈબ્ને અબ્બાસથી મોટાભાગે સવાલ પૂછતા રહેતા હતા. તેમણે અર્ઝ કરી કે શું આપને ખબર છે કે પતિ પોતાની ગૈર મદખૂલા પત્નીને ત્રણ તલાક઼ આપી દેતો તો તેને રસૂલુલ્લાહ ﷺ ના, અબૂબક્ર સિદ્દિક઼ رضی اللہ عنہ ના જમાનામાં અને ઉમર ફારૂક઼ની ખિલાફતના પ્રારંભિક દૌરમાં એક તલાક઼ ઠરાવવામાં આવતી હતી ? હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, કેમ નહીં ? પતિ જ્યારે પોતાની પત્નીની સાથે દખૂલ (એકાંત કે સંભોગ)થી પહેલાં તલાક઼ આપી દેતો તો રિસાલતકાળ તથા સિદ્દિક઼ી યુગમાં અને હઝરત ઉમર ફારૂક઼ની ખિલાફતના પ્રારંભિક યુગમાં તેને એક તલાક઼ માનવામાં આવતી હતી. પછી જ્યારે હઝરત ઉમરે એ અનુભવ્યું કે લોકો એક સાથે ત્રણ તલાક઼ આપવા માંડયા છે તો આપે ફર્માવ્યું કે ત્રણેવ તલાક઼ો એમના પર લાગુ થશે. *(સુનને અબૂ દાઊદ, ૧/૨૯૯)*

મુસ્લિમ શરીફની હદીષ જે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત થયેલી છે એના શબ્દો **أناة فى أمرٍ كانت لهم قد استجعلوا**નો ફાયદો પણ એ જ છે કે અલગ અલગ ત્રણ તલાક઼ોમાં ઢીલ હતી, પરંતુ તેમણે ઉતાવળ કરીને એક સાથે ત્રણેવ તલાક઼ો આપવી શરૂ કરી દીધી.

આ હદીષે પાકથી ખૂબ જ ઉઘાડી રીતે એ સાબિત થયું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની બીજી રિવાયત જેનાથી ત્રણ તલાક઼ના એક હોવાની શંકા પેદા થઈ રહી હતી, **એનો સંબંધ ખાસ આ સ્થિતિથી છે, જ્યારે કે પતિએ પોતાની ગૈર મદખૂલાને ત્રણવાર ત્રણ તલાક઼ આપી હોય.** અને આ પ્રકરણમાં આપણો મઝહબ એ જ છે કે ગૈર મદખૂલાને આ રીતે તલાક઼ આપવામાં આવે તો કેવળ એક જ તલાક઼ પડશે. સાથોસાથ એ પણ જાણ થઈ ગઈ કે ફારૂક઼ી ખિલાફતમાં લોકોની આદત બદલાઈ ચૂકી હતી અને તેઓ ત્રણ વારમાં તલાક઼ આપવાને બદલે એક સાથે જ એકી વખતે ત્રણ તલાક઼ આપવા લાગ્યા હતા. એટલા માટે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ તેને સહાબાએ કિ઼રામની મૌજૂદગીમાં ત્રણ તલાક઼ ઠરાવી. કેમ કે હવે મસ્અલાની સ્થિતિ બદલાય ચૂકી હતી, અને એ જ આપણો મઝહબ છે. કેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ નો એ ફૈંસલો ઈસ્લામી શરીઅતના તદન મુતાબિક઼ હતો એટલા માટે સહાબાએ કિ઼રામે કોઈ પ્રકારના ઈન્કાર વિના એને સ્વીકારી લીધો, જે એમના **ઈજમાઅની દલીલ** છે.

સારાંશ કે કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ તથા ઈજમાએ ઉમ્મતથી એ સાબિત થઈ ગયું કે જો કોઈ મુસલમાન પોતાની મદખૂદા પત્નીને એક મજલિસમાં ત્રણ તલાક઼ આપી દે, ચાહે એક જ વખતમાં અથવા કેટલાય વખતમાં, તો ગમે તેમ પણ તેના પર ત્રણેવ તલાક઼ો લાગુ થઈ જશે. અને જો પોતાની ગૈર મદખૂલા પત્નીને એક મજલિસમાં એક સાથે ત્રણ તલાક઼ો આપે તો પણ ત્રણેવ તલાક઼ો પડી જશે. હા ! જો ગૈર મદખૂલાને એક મજલિસમાં અથવા વિવિધ મજલિસોમાં, કેટલીયે વારમાં, અથવા કેટલાયે વાક્યોમાં અલગ અલગ ત્રણ તલાક઼ો આપે તો કેવળ પ્રથમ તલાક઼ જ પડશે અને બાદની બે તલાક઼ો બેકાર જશે.

એ જ મઝહબ સર્વ હનફીઓ, માલિકીઓ, શાફઈઓ તથા હંબલીઓનો છે, અને એ જ મઝહબ સહાબાએ કિરામનો છે. એ જ હદીષોથી સાબિત છે. એની વિરૂધ્ધ જો કોઈ હાકિમ મુસ્લિમ કે ગૈર મુસ્લિમ ફૈંસલો આપે તો તે લાગુ થશે નહીં બલ્કે ન હોવા બરાબર તથા બાતિલ થશે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ બીજા સવાલનો જવાબ ★

એક મજલિસમાં ત્રણ તલાક઼ો આપવી નાજાઈઝ છે, પરંતુ જો કોઈ ત્રણ તલાક઼ એક મજલિસમાં આપી દેશે તો ત્રણેવ તલાક઼ો પડી જશે. જેમ કે હૈઝ (માસિક)ની હાલતમાં તલાક઼ આપવી નાજાઈઝ છે, પરંતુ તેમ છતાં હૈઝની હાલતમાં પણ તલાક઼ પડી જાય છે. પાછલા પૃષ્ઠોમાં જે હદીષો નક઼લ કરવામાં આવી છે એનામાંથી હદીષ નં. ૩,૪,૬,૭,૯ને એકવાર ફરી વાંચી લો, એનાથી ધોળા દિવસની જેમ જાહેર થઈ જાય છે કે એક બેઠકમાં ત્રણ તલાક઼ આપવી અથવા હૈઝની હાલતમાં તલાક઼ આપવી નાજાઈઝ છે, ગુનોહ છે પણ તલાક઼ તો લાગુ થઈ જશે. જાહેર છે કે પતિ તલાક઼નો માલિક છે તો તે પોતાના માલિકીપણામાં જે રીતે ઉપયોગ કરે તે જરૂર લાગુ પડશે. ઈસ્લામી શરીઅતમાં એના ઘણા બધાં દૃષ્ટાંતો છે કે કામ તો ગુનાહનું છે છતાં તે લાગુ થઈ જાય છે. દા.ત. (અ) ઝેહાર (પત્નીને માં સમાન કહેવા)ને કુર્આન હકીમમાં મુન્કર અને બાતિલ બતાવવામાં આવેલ છે : وَاِنَّهُمْ لَيَقُوْلُوْنَ مُنْكَرًا مِّنَ الْقَوْلِ وَزُوْرًا- "બેશક ! તેઓ બુરી તથા એકદમ જૂઠી વાત બોલે છે. *(સૂ. મુજાદિલા, આયત–૨, પારા : ૨૮)*

તેમ છતાં ઝેહાર એકમતિએ લાગુ થાય છે.

(બ) ઈસ્લામ ધર્મથી મુર્તદ થવું (ફરી જવું) ઘણો જ મહાન ગુનોહ છે બલ્કે એ સૌથી મહાન જુર્મ છે, પરંતુ જો કોઈ શખ્સ ઈસ્લામથી ફરી જાય તો તે એકમતિએ કાફિર વધુ પેજ નં. ૧૬....પર

# હિન્દુસ્તાનમાં શુધ્ધિનું તોફાન !

(કાર્યાલય)

નવેમ્બર–ડિસેમ્બર ૨૦૧૪ ઉત્તર પ્રદેશના પ્રખ્યાત શહેર આગ્રામાં ૬૦ કુટુંબોના ૩૮૪ મુસલમાનોને બાકાયદા ટોપી તથા બુર્ખા પહેરાવીને તેમનું શુધ્ધિકરણ કરવામાં આવ્યું. હકીકતમાં આ બનાવ દેશવ્યાપી ચળવળનો એક ભાગ છે કે જેના હેઠળ એ તમામ મુસલમાનોને હિંદુ ધર્મમાં પરત લાવવામાં આવશે જેમણે ઈતિહાસના કોઈ પણ વળાંક પર ઈસ્લામ સ્વીકાર કર્યો છે. આ ચળવળને ''ઘર વાપસી''નું નામ આપવામાં આવ્યું છે. ૧૪ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ દૈનિક પત્ર ઉર્દૂ ટાઈમ્સ મુંબઈમાં પ્રકાશિત થયેલ એક રિપોર્ટના થકી એ વાત જાહેર થઈ કે એ ચળવળના માટે મુકુંદરાવ પાશેકરની આગેવાનીમાં ૫૮ પ્રચારકોને એ જિમ્મેદારી સોંપવામાં આવી છે કે તેઓ ''ઘર વાપસી'' ચળવળ ની કામયાબીના માટે એડી ચોટીનું જોર લગાડે. નોંધપાત્ર વાત એ છે કે ''ઘર વાપસી''ના માટે નાસિકના કુંભ મેળામાં ધર્માંતરણ કરનારાઓને ગોદાવરી નદીમાં પવિત્ર કરવાનો મનસૂબો પણ બનાવવામાં આવ્યો છે જે ઓગસ્ટ ૨૦૧૫માં થવાનો છે. ૭ થી ૯ નવેમ્બરના રોજ નાગપુરમાં યોજાયેલ મીટિંગના પ્રમાણે આગ્રા પછી આગલુ નિશાન અલીગઢ છે, જ્યાં ૨૫ ડિસેમ્બર ક્રિસમસ ડેના મોકા પર ઈસાઈઓની શુધ્ધિ કરવામાં આવશે. જેના પર ચર્ચાઓ, ખબરો અને તેના પર પાબંદી વિશેનાં નિવેદનો ચેનેલોના ટાઈટલોમાં ચાલી રહેલ છે. એનો શો મતલબ છે એને આપ આગલા લખાણોમાં વાંચશો. ધર્મ જાગરણ કમિટીના રાજેશ્વર સિંઘે આ ચળવળને ૨૦ જિલ્લાઓમાં ચલાવવાની તૈયારી કરી છે. રાજેશ્વર સિંઘે અપીલ પણ કરી છે કે ''ઘર વાપસી ચળવળ''ની કામયાબીના માટે લોકો દિલ ખોલીને ચંદો આપે.

આગ્રામાં થયેલ એ બનાવ કેવળ ડ્રામો હતો, એનું કારણ એ હતું કે સેંકડો મુસલમાનોને રેશન કાર્ડ તથા આધાર કાર્ડ બનાવવાની લાલચ આપીને ધોકા વડે હિંદુમતમાં સામેલ કરી લેવામાં આવ્યા હતા, પરંતુ પછી હકીકત ઉઘાડી થયા બાદ સર્વ લોકો ઈસ્લામની પનાહમાં આવી ગયા હતા.

આગ્રામાં ઈર્તેદાદ (મુર્તદ કરવાની) આ પ્રથમ જ કોશિશ નથી બલ્કે આર્ય સમાજના લાલા મુન્શીરામે વર્ષો પહેલા આગ્રામાં એક સેન્ટર સ્થાપ્યું હતું, જેનો હેતુ એ હતો કે મુસલમાનોને ધર્મથી ફેરવી દેવામાં આવે. પછી ફેબ્રુઆરી ૧૯૨૫માં આર્યમતના સ્થાપક સ્વામી દયાનંદની સો વરસની જયંતીના મોકા પર મુસલમાનોને ઈસ્લામ ધર્મથી વિમુખ કરવાના માટે વિવિધ કમિટીઓ બનાવવામાં આવી. એ જમાનામાં વર્તમાન પત્ર તન્ઝીમ–અમૃત્સર, ઝમીનદાર–લાહોર અને મિલાપ–લાહોર વગેરેમાં લાલા હરદયાળ એમ.એ.નો લેખ પ્રસિધ્ધ થયો જેના થકી હિંદુ વિચારધારા ખુલીને સામે આવી ગઈ. એ લેખનું આ લખાણ ધ્યાન કરવાને પાત્ર છે :

''હિંદુઓનો ઈસ્લામની સાથે હરગિઝ ઈત્તેફાક નથી થઈ શક્તો, એટલા માટે સર્વ મુસલમાનોને દરેક જાઈઝ કે નાજાઈઝ કોશિશ વડે હિંદુ બનાવીને હિંદુઓના કોઈ ન કોઈ ગૃપમાં સામેલ કરી લો, અને એ રીતે સ્વરાજ્ય હાંસલ કરી લો અને ભારત વર્ષને

સર્વ ગૈર હિંદુઓથી પવિત્ર તથા શુધ્ધ કરી લો, અને હિંદુ રાષ્ટ સ્થાપીને શામ, દામ તથા દંડ વડે તમામ મુસલમાનોને ગુમરાહ કરીને હિંદુ બનાવી લો. *(ખુલફાએ મુહદ્દિષે બરેલ્વી, પેજ–૪૭)*

એમની તબ્લીગનો મતલબ પોતાના ધર્મનો પ્રચાર અને ધર્મની તબ્લીગ ન હતો અને ન તો તેઓ એના પાબંદ છે કે જેને મુર્તદ કરે (ધર્મથી ફેરવે) તેને આર્ય જ બનાવે. (આર્ય સમાજ ખુદ જાત પાતના બંધનોને તોડી ન શક્યો. જો આર્ય સમાજ આ'લા તથા અદનાના ફર્કને મિટાવી શકત તો દલીતોને ધર્મ પરિવર્તનની કદાચ જરૂરત જ ન પડત. હા ! એ જુદી વાત છે કે ઈસ્લામ એમને પોતાની સચ્ચાઈ મનાવીને રહે છે) બલ્કે મુસલમાન અલ્લાહની પનાહ ! જો મૂર્તિપૂજા પણ સ્વીકાર લે તો પણ એમના માટે ખુશીની વાત છે, એને જ તેઓ પોતાની કામયાબી સમજે છે. એનાથી સ્પષ્ટ જાહેર છે કે મક્સદ કહેવાતા સનાતન ધર્મની તબ્લીગ નથી બલ્કે મુસલમાનોની સંખ્યા ઘટાડવાનો છે ભલે ગમે તેવો તરીકો અપનાવવો પડે.

## ★ શુધ્ધિ ચળવળની પૂર્વભૂમિકા ★

શુધ્ધિનો અર્થ છે પાક (પવિત્ર) કરવું. હિંદુ એનાથી એ મુરાદ લે છે કે જે લોકો પહેલાં હિંદુ હતા પછી ઈસ્લામ સ્વીકારી લીધો તેઓ અપવિત્ર થઈ ગયા છે, તેમને ફરી હિંદુ બનાવીને પવિત્ર કરવામાં આવે. એ ખયાલથી તેમણે પોતાની ચળવળનું નામ "શુધ્ધિ ચળવળ" રાખ્યું હતું. ૧૯મી સદી સુધી હિંદુત્વમાં દાવત તથા તબ્લીગનો ખાસ કરીને કોઈ વિભાગ ન હતો. પંડિત સ્વામી દયાનંદ સરસ્વતીએ હિંદુત્વની તબ્લીગ (પ્રચાર)નો પ્રારંભ કર્યો. પ્રચાર કાર્ય દેશવ્યાપી ક્ષેત્રે ઈ.સ. ૧૯૨૦થી શરૂ થયું. ખાસ કરીને રાજપૂતાના ઈલાકાને જંગના મેદાનની હૈસિયતથી પસંદ કરવામાં આવ્યો. કદાચ એનું કારણ એ રહ્યું હોય કે મોગલ બાદશાહ અકબરનું પાટનગર અકબરાબાદ (આગ્રા) હતું જેની અસર હેઠળ દીને ઈલાહીને ઉત્તેજન મળ્યું હતું. એ મહાન ફિત્નાનો ખાત્મો ઉલમાએ કિરામ વિશેષત : હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہએ કરી નાખ્યો હતો પણ એની અસર કાંઈ ન કાંઈ હદ સુધી અહીંના રહેવાસીઓમાં મૌજૂદ હતી. પંડિત દયાનંદ સરસ્વતી અને આગ્રામાં સ્વામી શ્રધ્ધાંનંદની "ભારતી શુધ્ધિ સભા"નો કેવળ એ જ મક્સદ હતો કે મુસ્લિમ રાજપૂતાના કૌમને એ દિમાગી રીતે સમજાવવામાં આવે કે તમે લોકો હિંદુ છો, તમારા બાપદાદાઓ હિંદુ હતા. શુધ્ધિ ચળવળ ક્રમે ક્રમે પોતાની અસરોને વિકસાવી રહી હતી. મુસલમાનોને મુર્તદ બનાવીને હિંદુત્વમાં દાખલ કરવાની આ ચળવળનો તૌફાની તબ્લીગી દૌરો ઈ.સ. ૧૯૨૩થી શરૂ થયો અને લગભગ સાડા ચાર લાખ રાજપૂતાના મુસલમાનોનો શિકાર કરવામાં આવ્યો. ગામે ગામે, મહોલ્લે મહોલ્લે જઈને ભોળાભાળા મુસલમાનોને શુધ્ધિ થવાના માટે કહેવામાં આવતુ હતું. રૂપિયા પૈસા અને સ્ત્રીઓની લાલચ પણ રજૂ કરવામાં આવતી હતી અને ન જાણે કેટકેટલી જાતના પ્રયોગો કરવામાં આવ્યા.

## ★ આર્યોનો તબ્લીગી તરીકો ★

આર્યોનો શુધ્ધિ કરવાનો તરીકો ખૂબ જ ઘૃણાસ્પદ હતો. ધર્મનો પ્રચાર તથા તબ્લીગ લાલચથી નથી કરવામાં આવતી, બલ્કે એનો પયગામ દરેક માણસ સુધી પહોંચાડો, પોતાના ધર્મની સચ્ચાઈ તથા સદાકત તેની સમક્ષ સ્પષ્ટ કરો, ત્યાં સુધી કે તે રજૂ કરેલો મઝહબ અપનાવી લે. પણ શુધ્ધિ ચળવળના સમર્થકોએ બીજા તરીકા અપનાવ્યા. દા.ત. માલ તથા સ્ત્રીનો ઉપયોગ, સાહિત્યનો ઉપયોગ જેમાં ઈસ્લામ પર પાયાવિહોણા આક્ષેપોની લંગાર હતી, અધિકતર પ્રમાણમાં શુધ્ધિ સભાઓનું આયોજન, એવા મદરસાઓની સ્થાપ્ના જ્યાં આર્ય સમાજની તાલીમ દિમાગમાં બેસાડવામાં આવે, અને મુસલમાનોને ઠસાવવામાં આવે કે તમે લોકો અમારી કૌમના છો,

તમારા બાપદાદા હિંદુત્વ પર હતા. અને પાંચમો તરીકો મેડિકલ કેમ્પો તથા દવાખાનાંઓની સ્થાપ્ના, જેથી ઢોંગી સેવાના બહાને હેતુ પ્રાપ્તિ શક્ય બને.

### ★ પ્રભાવિત થનારા વિસ્તારો ★

એ જમાનામાં આર્ય સમાજીઓની ચળવળે જે જે વિસ્તારોને અસર પહોંચાડી હતી એમનાં નામો નીચે મુજબ છે :

મેરઠ જિલ્લો, ગોંદી સલાઈ, તોળી, સરાદાખટુર, શાહજહાંપુર, પયાલા, લકવા, બુનિયાના, સુલ્તાનપુર મુરાદપુર, જિલ્લા બુલંદ શહર, આગ્રા, સુલ્તાનપુર, ખળવાઈ, અતિયાના, નવબસ્તા, ફતહપુરા, રાઈભા, સીકચા, મથુરા, બળ ાવલી, વંદાવન, નવગાંવાં, સમીરી, ઉન્દી, એટા, ઈટાવા, જસવંતનગર, મેનપૂરી જેવા જિલ્લાઓ, શહેરો અને કસ્બાઓના વિસ્તારો તેમજ નાનાં મોટાં કેટલાંય ગામો શુધ્ધિ ચળવળનો શિકાર બની ગયાં અને લાખો લોકો મુર્તદ થઈ ગયા હતા.

### ★ જમાઅતે રઝાએ મુસ્તફાનો હંગામી ઈજલાસ ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہના વિસાલ (ઈ.સ.૧૯૨૧, હિ.સ.૧૩૪૦) પછી ખતરનાક ફિત્નો ''ફિત્નાએ ઈર્તેદાદ'' (શુધ્ધિ ચળવળ) ૧૯૨૩માં અસ્તિત્વમાં આવી. ફિત્નાને નાબૂદ કરવા માટે ૮ જમાદિયુલ આખર હિ.સ. ૧૩૪૨, ઈ.સ. ૧૯૨૩ના રોજ ''જમાઅતે રઝાએ મુસ્તફા'' બરેલીની તરફથી એક હંગામી ઈજલાસનું આયોજન કરવામાં આવ્યું જેમાં આર્ય સમાજની શુધ્ધિ ચળવળના ફિત્નાઓથી મુસલમાનોને બચાવવા માટેનો પ્રોગ્રામ નક્કી કરવામાં આવ્યો. આ'લા હઝરતના ખલીફાઓએ એમાં મુખ્ય રોલ અદા કર્યો. ખાસ કરીને સરકાર મુફતીએ આ'ઝમે હિંદ અલ્લામા મુસ્તફા રઝા નૂરી, મૌલાના હકીમ ગુલામ અહમદ સંભલી, ઉસ્તાઝુલ ઉલમા મૌલાના રહમ ઈલાહી મેંગલોરી, સદરુલ અફાઝિલ સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી, નવાબ વહીદ અહમદખાં બરેલ્વી, મૌલાના હશ્મતઅલીખાં લખનવી, હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝાખાં વગેરે رحمۃ اللہ علیہم اجمعین ધન, દૌલત, તાકત તથા કુવ્વત અને કાર્યકરોની અધિકતાથી સજ્જ શુધ્ધિ ચળવળનો સામનો કરવાના માટે ૨૭ જાન્યુઆરી ઈ.સ. ૧૯૨૩ના રોજ સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની સરદારીમાં દસ મહાન ઉલમાએ કિરામનું પ્રતિનિધિમંડળ સર સામાન વિનાની સ્થિતિમાં અલ્લાહ વ રસૂલની મદદ પર કામિલ યકીન તથા ભરોસો કરીને બરેલીની ભૂમીથી રવાના થયું.

### ★ શુધ્ધિ ચળવળની અસરો ★

ઉપરોક્ત કાફલાની રવાનગી સુધીમાં શુધ્ધિ ચળવળની અસરોથી ઘણા વિસ્તારો પ્રભાવિત થઈ ચૂક્યા હતા, જેના કારણે આખા ને આખા ગામોનો નકશો જ બદલાઈ ગયો હતો. ''જમાઅતે રઝાએ મુસ્તફા''ના પ્રતિનિધિ મંડળે જે મન્ઝર વર્ણવ્યો છે એને મૌલાના શહાબુદ્દીન રઝવીએ કિતાબ ''તારીખે જમાઅતે રઝાએ મુસ્તફા''માં લખેલ છે. એ જ કિતાબમાંથી આગ્રા વિસ્તારના ઈર્તેદાદનું એક દૃશ્ય રજૂ કરીએ છીએ જેથી એહસાસ થાય કે કેટલા મુસ્લિમ રાજપૂતોને આર્યોએ મુર્તદ કરી નાખ્યા હતા.

''શુધ્ધિ ચળવળવાળા વિસ્તારમાં નવ મુસ્લિમોની હાલત જોઈને અમારા પ્રતિનિધિમંડળના મુબલ્લિગોને એવા આઘાત લાગ્યા કે રડતાં રડતાં એમની હિચકીઓ બંધાઈ ગઈ ! નામ પૂછો તો ભૂપસંગ, રૂપસંગ, વલીસંગ, હિંદુમય નામો ! ચહેરો જોવા તો દાઢી વિનાનો, ધોતી બાંધેલી છે, માથા પર વેંત જેટલી પાઘડી છે, દરવાજાઓ પર રામ રામ લખેલ છે, થાળી–લોટા ખાવા પીવાનાં વાસણો છે, ચોઘડીયુ જોઈને ખાવા પકાવવામાં આવે છે, મુસલમાનોથી છૂત માને છે, પોતાનાં વાસણો તેમને સ્પર્શવા નથી દેતા, તેમના વાસણોને સ્પર્શતા નથી,

સુગની એ સ્થિતિ છે કે પાસે બેસવા અને વાત સાંભળ વા પણ તૈયાર નથી." *(પેજ–૧૭)*

મૌલાના હશ્મત અલી રઝવી લખનવીના શબ્દોમાં : "અમે વસ્તીમાં પ્રવેશયા તો અહીંના મુસલમાન કહેવાતા રાજપૂતોની હાલત એનાથી પણ બદતર જોવા મળી જે અખ્બારોમાં જોઈ અને લોકોથી સાંભળી હતી. મુસલમાનોના નામ મુરલીસંગ, હરીસંગ હતાં. સલામના બદલે રામ રામ કહેતા હતા ! ..... મુલાકાત થતાં જ કહ્યું, સાહેબ ! અમને નમાઝ રોઝા ન બતાવશો, એનાથી ખાનદાન બગડી જાય છે અને અમારી રાજપૂતીમાં ફરક પડે છે." *(પેજ–૨૨૭)*

મુસ્લિમ રાજપૂતોની હાલત જોઈને અને તેમની વાતો સાંભળીને એવું જણાતુ હતું કે આખુ ગામ હિંદુઓનું જ છે, ઈસ્લામ નામની કોઈ ચીજ નથી, બલ્કે ઈસ્લામ એમની નજીકથી પણ નથી પસાર થયો. ચો તરફ મુસલમાનો પર ઘેરાવ હતો અને જંગના મેદાનમાં કેવળ "જમાઅતે રઝાએ મુસ્તફા"ની દસ હસ્તીઓનો બનેલો કાફલો બેયારો મદદગાર ઈસ્લામની રક્ષા કરતો કરતો દર બ દર, મહોલ્લા મહોલ્લા, ગામે ગામની સફર કરી રહ્યો હતો.

## ★ મુસ્લિમોના પ્રતિનિધિમંડળને તકલીફોનો સામનો ★

એક તરફ શુધ્ધિ ચળવળના કારકૂનો રાજપૂતી મુસ્લિમોના ઈમાનને લૂટી રહ્યા હતા, અને બીજી બાજુ સાડા ચાર લાખ મુસલમાનોનું દસ જય્યદ ઉલમાએ કિરામનું બનેલુ પ્રતિનિધિમંડળ જાન લગાડીને કોશિશ કરી રહ્યું હતું. આવા ગંભીર સંજોગોમાં જ્યારે એ પ્રતિનિધિમંડળ ચળવળથી પ્રભાવિત વિસ્તારોમાં પહોંચ્યું તો તેમને જાત જાતની તકલીફોનો સામનો કરવો પડયો.

મૌલાના સૈયદ ઐયૂબ અલી બરેલ્વીના કથન પ્રમાણે :– "પ્રતિનિધિમંડળના મુબલ્લિગો જ્યારે તેમના ગામો પર પહોંચે છે તો તેમના પર કાદવ ફેંકે છે, કૂતરાં દોડાવે છે, દૂર દૂરથી હંસી મજાકો કરે છે, અને ગામોમાં આર્યોના પ્રભાવથી એવી વ્યવસ્થા કરી દેવામાં આવી છે કે ઈસ્લામના મુબલ્લિગોને લોટ, દાળ, મરચુ કોઈ ચીજ મળવા ન પામે. *(તારીખે જમાઅતે રઝાએ મુસ્તફા, પેજ–૨૧૮)*

## ★ અલ્લાહની મદદથી કામયાબી ! ★

સખત તેજ ધૂપમાં, મુશ્કેલીવાળા વિસ્તારોમાં સખત પ્યાસ અને પગોમાં છાલાં પડવા પર સબ્ર કરતા ઈસ્લામના આ જાંબાઝ મુજાહિદોએ રસૂલુલ્લાહ ﷺની ભોળીભાળી ઉમ્મતના માળખાને વિખેરાવાથી બચાવવાના માટે જે પ્રયત્નો કરતા હતા તેમની મેહનત બેકાર ન થઈ, અલ્લાહની મદદ તેમની સાથે રહી, ગુંબદે ખઝરાથી પ્રકટ થતો રહમતો અન્વારનો સૂરજ ઉમ્મીદનું કિરણ બનીને એ પાક હસ્તીઓ પર રહમતો નૂરની વર્ષા કરવા લાગ્યો. "મન જદ્દ વજદ" (જેણે કોશિશ કરી તે સફળ થયો) ના જલ્વા નજર આવવા લાગ્યા, ઈસ્લામે એક વાર ફરી પોતાની સચ્ચાઈ અને સત્યતા સ્વીકારવા ગૈરોને મજબૂર કરી દીધા, બાતિલની છત્રછાયામાં પનાહ લેનાર મુસલમાનોને પોતાની ભૂલનો એહસાસ થયો. તેઓ એ તૌબા કરી અને અલ્લાહના પસંદીદા દીનને સાચા દિલે ફરી કૃબૂલ કર્યો. આ નૂરાની તથા ઈરફાની કૈફિયતોને પ્રતિનિધિમંડળના રિપોર્ટ દ્વારા જાણો. અને તેમની મહેનત પર રબની રહમત તથા કરમનો નઝારો કરો. "અલ્હમ્દુ લિલ્લાહ ! મુબલ્લિગોએ જે સબ્ર તથા સંયમના નમૂના પેશ કર્યા તે એમના દિલો પર અંકિત થઈ ગયા અને ઈસ્લામી અખ્લાકે તેમના દિલોને એ રીતે તાબે કર્યા કે તેઓએ સ્વેચ્છાએ પોતાનાં નામો બદલાવી નાંખ્યા, ચોટલીઓ કપાવી, મીલાદ શરીફ પઢાવી, વારંવાર કુર્આને કરીમ સાંભળ્યું અને તો પણ ઈચ્છા કરતા રહ્યા, સંતુષ્ટ ન થયા, પાકી અને નમાઝના તરીકા શીખ્યા. જ્યાં દાણા

પાણી બંધ કરી રાખ્યું ત્યાં ઈસ્લામની શાન નજર આવવા લાગી. *(પેજ–૨૧૮)*

### ★ હિંદુસ્તાનવાસીઓ ધર્મ પરિર્વતન કેમ કરે છે ★

મુસલમાનોએ જ્યારે હિંદુસ્તાનમાં ક઼દમ રાખ્યો ત્યારે અહિંયાના લોકો ભેદભાવ અને જાતપાતના કુરિવાજથી પરેશાન હતા. તેઓ સમક્ષ મુસલમાનોનો સીધો સાદો અને ન્યાય તથા સમાનતા પર આધારિત ધર્મ અને માન્યતા આવી તો તેઓ ઈસ્લામના દામનમાં પનાહ લેવા લાગ્યા. એ જ રીતે ઈસાઈ પ્રચારકોએ જનસેવા દ્વારા હિંદુસ્તાનવાસીઓને પોતાના નજીક કર્યા. અંહિયાના રહેવાસીઓ મુસલમાન બન્યા અથવા ઈસાઈ. તેમની સંખ્યા કદી એટલી અધિક ન થઈ કે હિંદુઓને બહુમતિમાંથી લઘુમતિમાં પરિવર્તિત થઈ જવાનો ભય ઉત્પન્ન થઈ જાય. ધર્મ પરિવર્તનનું એક અન્ય કારણ ઊંચી જાતના હિંદુઓ દ્વારા દલિતો અને પછાત વર્ગના લોકોનું શોષણ છે, હિંદુસ્તાનની સમાજના લઘુમતિ વર્ગમાં છૂતઅછૂતના ભેદભાવની બીમારી શરૂઆતથી જ ફેલાએલી છે અને સમયની સાથે તેમાં કમી થવાના બદલે વધારો થઈ રહ્યો છે. જેના વિરોધમાં આઝાદીના ૬૭ વરસો દરમિયાન ઘણીવાર પછાત વર્ગના લોકો દ્વારા સામૂહિક રીતે ધર્મ પરિવર્તન કરી પ્રદશનનો તરીક઼ો અપનાવવામાં આવ્યો છે. જેમ કે ૧૯૮૦ના દશક દરમિયાન તમિલનાડુના મિનાક્ષીપૂરમના દલિતોની ઘટના સામે આવી હતી કે તેઓએ પોતાના સ્વમાનની રક્ષા માટે ઈસ્લામ સ્વીકારી લીધો હતો. ડૉકટર આંબેડકર અને તેમના સહયોગીઓના ધર્મ પરિવર્તનની ઈચ્છા હોવા વિશે પણ સાંભળવામાં આવે છે, જેનું કારણ પણ શોષણ જ જણાવવામાં આવે છે. ઉત્તર પ્રદેશના મેરઠ, રાજસ્થાનના ચકવારા, હરિયાણાના ઝનઝર, દીલ્હી તથા અન્ય કેટલાય વિસ્તારોમાં ધર્મ પરિવર્તનની ઘટનાઓ થતી રહી છે, તેમનું કારણ પણ ન્યાય પ્રાપ્તિમાં નિષ્ફળતા અને જુલ્મો સિતમના શિકાર દલિતોનો ક્રોધ હતો. કહેવાતા સનાતન ધર્મના મુજબ એવી વ્યક્તિ જે એકવાર કોઈ અછૂત જાતિમાં પેદા થઈ જાય તે જીવન સુધી અછૂત જ રહે છે ! એટલે કે ઊંચી જાતિના હિંદુ તેને સ્પર્શી નથી શકતા ! બલ્કે તેમના પર દરેક પ્રકારનો જુલ્મ ઉચિત જાણે છે ! આ વાતનું સબૂત ૧૨ ડિસેમ્બર ઈ.સ. ૨૦૧૪ના દૈનિક ઉર્દૂ ટાઈમ્ઝ મુંબઈ પ્રકાશિત એક રિપોર્ટના મુજબ શેડૂલ્ડ કૉસ્ટર અને શેડૂલ્ડ ટ્રાઈસકમિશનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કેવળ એક વરસ દરમિયાન ૨૩ હજાર ૭૪૨ દલિતો પર જુલ્મ કરવાના કેસો ઊંચી જાતિના લોકો વિરૂધ્ધ નોંધવામાં આવ્યા છે. જેમાંથી ૧૦૩૪ કેસ દલિત સ્ત્રોઓ પર બળાત્કારના અને ૩૨૪૧ કેસ ક઼ત્લના હતા. આ આંકડાઓ પરથી અંદાજો થાય છે કે પ્રતિ દિવસ ત્રણ ઘટનાઓ દલિત સ્ત્રીઓ પર બળાત્કારની અને પ્રતિદિન નવ નવ ઘટનાઓ દલિતોના ક઼ત્લની આ દેશમાં થાય છે. આ તે ઘટનાઓ છે જે પોલિસ રેકોર્ડમાં નોંધાએલી છે, એ સિવાય પોલિસ રેકોર્ડમાં નોંધાએલી નથી તેમની સંખ્યા આનાથી ઓછી નહીં હોય. જ્યારે ગરીબ અને પછાત વર્ગના લોકો ઊંચી જાતિના લોકોથી બદલો નથી લઈ શકતા તો તેમની સામે એક જ માર્ગ બચે છે કે તેઓ હિંદુ ધર્મ ત્યજીને બુધ્ધ ધર્મ, ઈસાઈ ધર્મ, અથવા શિખ ધર્મ યા ઈસ્લામ ધર્મ સ્વીકારી લે.

### ★ દીનથી ફરી જવાના દુષ્પ્રભાવનો ખાત્મો કરવા માટે ઉલમાએ શું કરેલું ?! ★

આ ભયાનક ફિત્નાનો ખાત્મો તો થઈ ગયો પરંતુ તેની અસર રહી ગઈ હતી. તેને ખત્મ કરવા હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہ અને આપના સહયોગીઓએ તે સ્થળો પર મોટા મોટા જલ્સાઓ આયોજિત કર્યા, મદ્રસાઓ સ્થાપ્યા, ઈસ્લામી તાલીમાત પર આધારિત પુસ્તિકાઓ, કિતાબો અને

પ્રભાવશાળી લખાણો વિના મૂલ્યે વહેંચ્યાં, પ્રભાવિત વિસ્તારોમાં તબ્લીગી દૌરા લાંબા સમય સુધી થતા રહ્યા, ઈમામોને મુસલમાનોની તરબિયત માટે તૈયાર કરવામાં આવ્યા, અમુક વિસ્તારોમાં મુબલ્લિગોએ રહેઠાણ કર્યું જેથી બીજીવાર આ ફિત્નો ઉભો ન થાય. આર્ય સમાજના પંડિતોને વારંવાર મુનાઝરાની ચેલેંજ કરવામાં આવી પરંતુ તેઓ ન આવ્યા, જેનાથી ઈસ્લામની સચ્ચાઈ દરેક પર રોશન થઈ ગઈ, અખ્બારો અને તક્‌રીરો દ્વારા મુસલમાનોને જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા. બિહમ્દિહી તઆલા દસ લોકોએ તેહરીકનો પ્રારંભ કર્યો હતો પરંતુ એ મુજાહિદોનો દર્દભર્યો અવાજ એ રીતે પ્રભાવશાળી થયો કે વિવિધ સમિતીઓના કાર્યકરો, અગ્રણીઓ, ઉલ્મા, હાફિઝોની એક મોટી જમાઅત તેમની સહભાગી થઈને આ ફિત્નાને ખત્મ કરવા અને ઈસ્લામની ઉચ્ચતા લોકોના દિલોમાં બેસાડવા તૈયાર થઈ ગઈ. સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ''અંજુમને મુસ્લિમ રાજપૂત''ની સ્થાપના કરી જેમાં અગ્રણી અને પ્રભાવશાળી મુસ્લિમ રાજપૂતો જમાઅતે રઝાએ મુસ્તફાના દિશા નિર્દેશ પ્રમાણે અજાણ લોકોને ગૈર માર્ગે જવાથી રોકવા માટે ફાયદાકારક યુક્તિઓ કરવા લાગ્યા.

## ★ ધર્માંતરણ પર પાબંદી ★

અમુક લોકો દ્વારા એક તરફ તો ઈસાઈઓ અને મુસલમાનોને બહેકાવવાની દરેક કોશિશ કરવામાં આવે છે તો બીજી તરફ તેઓ જ પોતાના ધર્મના લોકોના ધર્મ પરિવર્તનથી એટલા ભયભીત છે કે કેટલાય રાજ્યોમાં પોતાની તાકાતનાં બળે ''ધર્મ પરિવર્તન'' પર કાનૂની પ્રતિબંધ લાદી દીધો છે. છત્તીસગઢ ઈ.સ. ૨૦૦૦, રાજસ્થાન ઈ.સ. ૨૦૦૮ અને ગુજરાતમાં ઈ.સ. ૨૦૦૩માં ધર્મ પરિવર્તન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો. ઉડ઼િસામાં ધર્માંતરણના નામ પર સંઘ પરિવારના લોકોએ એક અત્યંત જુલ્મભર્યું કૃત્ય કર્યું હતું. ઓસ્ટ્રેલિયાઈ મિશનરીના ગ્રાહમ એસ્ટન્સને તેના બે બાળકો સહિત એક ગાડીમાં જીવતા સળગાવી દીધા હતા. ગ્રાહમ પર ઉડ઼િસામાં હિંદુઓને ઈસાઈ બનાવવનો આક્ષેપ મૂકવામાં આવ્યો હતો. મિનાક્ષીપુરમના રમખાણો જગ જાહેર છે. અમુક મહિના પૂર્વે મેરઠ અને મુઝફ્ફરનગરનાં રમખાણોનું કારણ પણ સ્પષ્ટ છે. એક તરફ મુસલામનો પર યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી મુસલમાન બનાવવાનો આરોપ તો બીજી તરફ પોતે જ આ કૃત્યમાં સંડોવણી !

હિંદુસ્તાનનું બંધારણ કોઈ પણ વ્યક્તિને તેની મરજી મુજબ ધર્મ અપનાવવાની અને તેનો પ્રચાર કરવાની અનુમતિ આપે છે. પરંતુ તેની સાથે જ બંધારણમાં તે લોકો માટે સજાની જોગવાઈ પણ છે જેઓ કોઈને લાલચ આપી અથવા ભયભિત કરી ધર્માંતરણ કરવા પર મજબૂર કરે છે. આગ્રાની ઘટના પણ આ જ ક્રમમાં આવે છે. એટલા માટે જ આગ્રા પોલિસે ધર્મ જાગરણ મંચના રાષ્ટ્રીય કન્વિનર નંદકિશોર વાલ્મિકી વિરૂધ્ધ **F.I.R.** પણ નોંધી છે.

## ★ ધર્માંતરણની ઘટનાનું વિશ્લેષણ ★

વિશ્લેષણ કરવામાં આવે તો ઘણા બધાં આ કારણો સામે આવે છે : (૧) હાલમાં મુસલમાનો પણ વર્ગીકરણના શિકાર થઈ રહ્યા છે, અમીર અને ગરીબ વચ્ચે અંતર વધી રહ્યું છે. માલદાર લોકો ઝકાત સદ્‌કા ખૈરાત અદા કરવાથી જીવ બચાવે છે જેના કારણે ગરીબ વર્ગ ગૈરોની ઠોકરો ખાવા પર મજબૂર છે. (૨) ગરીબ વર્ગ મૂળ જરૂરતોથી પણ વંચિત છે. તેમનું વર્તમાન પણ અંધકારમય છે અને ભવિષ્ય પણ. ઈતિહાસ સાક્ષી છે કે ભૂખના કારણે તડપતાં બાળકોનાં આંસૂ માં બાપને ધર્માંતરણનો રસ્તો બતાવે છે. હદીષે પાકમાં આ વાત તરફ સ્પષ્ટ નિર્દેશ મળે છે કે ભૂખ ઈન્સાનને કુફ્ર સુધી લઈ જાય છે. (૩) ક્યાંક આનું કારણ મસ્જિદોની કમી છે. જ્યારે મસ્જિદો સમાજમાં

કિલ્લાનું કામ કરે છે. મસ્જિદો દ્વારા મુસલમાનોના અક઼ીદા તથા અમલની સુધારણા અને અખ્લાક઼ તથા ચરિત્રની તરબિયતની ફરજ ઘણી જ સારી રીતે અદા થાય છે, પરંતુ મસ્જિદ અને મદ્રસાઓની કમીના કારણે દીનથી દૂરી અને ઈસ્લામી તા'લીમાતથી અજ્ઞાનતા જેવા પ્રશ્નો ઉભા થાય છે. (૪) આ લોકો વોટિંગ કાર્ડ અને આધાર કાર્ડ જેવી સામાન્ય પરંતુ અગત્યની ચીજોથી પણ વંચિત હતા. જેનાથી વંચિત હોવાના કારણે તેમને વિદેશી ઠરાવી દેવામાં આવવાનો ભય હમેશાં રહેતો હતો. ગૈર મુસ્લિમ સંગઠનો એ એ જ ચીજોનો સહારો લઈ તેમને મુર્તદ બનાવવાની કોશિશ કરી. આ વાત દેશ અને વિશ્વનાં મુસ્લિમ સંગઠનો માટે વિચારવા જેવી છે ! મુસ્લિમ સંગઠનોની જવાબદારી છે કે દા'વતો તબ્લીગની સાથે સાથે આ બાબતોમાં પણ માર્ગદર્શનની ફરજ બજાવે.

ગૈર મુસ્લિમોનાં ષડયંત્રો પોતાની જગાએ છે પરંતુ શું આજના મુસ્લિમો ઈમાનમાં એટલા કમજોર થઈ ગયા છે કે થોડાક સિક્કાઓની ચમક દમક તેમના ઈમાનને ડગમગાવી દે ? અમુક કાગળોનું ન હોવું તૌહીદની બુનિયાદોને હચમચાવી દે ? અથવા કોઈનો ડર યા ખૌફ ધર્માંતરણ કરવા મજબૂર કરી દે ? આપણો ભૂતકાળ તો આપણને એ કહે છે કે વાત જ્યારે ઈમાનની આવી તો આપણા પૂર્વજોએ પોતાનાં ઘરબાર, માલો દૌલત અને પોતાનાં વતન પણ છોડી દીધાં તેમને ઉકળતા તેલમાં નાખી દેવામાં આવ્યા, સૂળી પર લટકાવી દેવામાં આવ્યા, તેમની આંખોમાં સળિયા નાખી દેવામાં આવ્યા, તેમની નજરો સમક્ષ નાના નાના બાળકો પર ઘોડા દોડાવી દેવામાં આવ્યા છતાં એ ગૈરતમંદ મુસલમાનોના ઝમીરે દામને મુસ્તફા ﷺથી ગદ્દારી કરવાનું ગવારા ન કર્યું અને તેઓએ પોતાની જાન રાહે ખુદામાં કુર્બાન કરી દીધી. ભૂતકાળમાં જે બુનિયાદો પર આપણા પૂર્વજોએ દીનની ઈમારત મજબૂત કરી હતી તે બુનિયાદો પર આપણે મહેનત કરવાનું ઓછું અથવા બિલ્કુલ બંધ કરી દીધુ છે. બુર્ઝુગોના નકશે ક઼દમ અને તેમના તબ્લીગના અંદાજથી આપણે દૂર થતા ચાલીએ છીએ. રૂહાની મેહફિલોનું આયોજન, દિલની સફાઈની મજલિસો, ઝિક્રો અઝકારની બઝમો અને ખાનકાહી વિચારધારા વગેરે દુલર્ભ થતાં જણાય છે. બે ચાર કલાકો માટે જોશીલી તકરીરોના જલ્સા, થોડુક લિટ્રેચર અને નાની નાની વાતો પર મોટા મોટા પરચા ! એ આપણી ઓળખ બની ગઈ છે. દીનની દા'વતની આધુનિક જરૂરતોથી અમને ઈન્કાર નથી પરંતુ એ વાત પણ યાદ રહે કે તેની સાથે સૂફિયાએ કિરામનો તરીક઼ો, ખાનક઼ાહી નિઝામ અને વ્યક્તિગત મહેનત જેવી અગત્યની બાબતો પર પૂરતુ ધ્યાન દેવાની પણ જરૂરત છે. કેવળ બયાનબાઝીથી અખ્લાક઼ અને કિરદારને નથી બદલી શકાતા. એ પણ જોવામાં આવે છે કે કોઈ આલિમ અથવા શૈખના હાથો પર કોઈ ગૈર મુસ્લિમ ઈસ્લામ સ્વીકારે તો મહીનાઓ સુધી અખ્બારો અને સોશિયલ મિડિયા દ્વારા વાહવાહી પામવાની કોશિશ કરવામાં આવે છે ! આ વિશે અખ્બારબાઝીથી પરહેઝ કરવું જોઈએ, એના કારણથી નુકસાન થવાની મોટી સંભાવના રહે છે.

*–(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૫)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. શેખ યુવાન** : ઉંમર : ૨૬, ઘઉંવર્ણ, S.S.C. પાસ, કોમ્પ્યુટર એમ્બ્રોઈડરી ડિઝાઈનર, પોતાનો ધંધો, આવક રૂા. ૮૦૦૦/– (પિતા : ફેબ્રિકેશન વેલ્ડર તેમની આવક રૂા. ૭૦૦૦/–) દીનદાર, ઘર રખુ છોકરી પસંદગીને પાત્ર (સૂરત તરફ) મો. 9898294219, 9228467392

**૨. શેખ યુવાન** : ઉંમર : ૨૯, બીજીવાર શાદી (બાળકો નથી) S.S.C. પાસ, ૪ વ્હિલર વાયરીંગ/એસેસરીઝ, નોકરી રૂા. ૮૦૦૦/– આવક (પિતા : ઉપર મુજબ) દીનદાર, ઘર રખુ છોકરી પસંદગીને પાત્ર (સૂરત તરફ)મો. 9898294219, 9228467392

ઈખ્લાસ વગર અમલ એવા પત્રની જેમ છે જેના પર કોઈ સરનામુ ન લખ્યું હોય! એવો પત્ર ક્યારેય પણ પોતાની મંઝિલ સુધી પહોંચી શક્તો નથી.

# ઈખ્લાસ નથી તો કાંઈ જ નથી !

### ★ ઈખ્લાસ શું છે ? ★

અમલ પોતાના અખ્લાક઼થી ઓળખાય છે જેવી રીતે કે વૃક્ષ પોતાના ફળોથી ઓળખી શકાય છે. ઓલમાએ ઈખ્લાસની વ્યાખ્યા ભલે અલગ અલગ શબ્દોમાં વર્ણન કરી છે, પણ આ વિવાદ માત્ર શબ્દોનો જ છે, દાવો બધાનો એક જ છે. એક અલ્લાહવાળાએ એની વ્યાખ્યા એ રીતે કરી છે કે ઈખ્લાસ એ છે કે ફર્માંબરદારીનો મક઼સદ માત્ર અલ્લાહ વહ્દહૂની ઝાત હોય. એક અન્ય બુર્ઝુગે ફર્માવ્યું કે ઈખ્લાસ એ છે કે માણસ પોતાના અમલને મખ્લૂક઼ના ખ્યાલથી બિલ્કુલ ઉચ્ચતર રાખે. અને બીજા એક અલ્લાહવાળાનું કહેવું છે કે ઈખ્લાસ એ છે કે માણસના અમલો આંતરિક અને બાહ્યમાં બિલકુલ સરખા હોય. એવી જ રીતે બીજા એક બુર્ઝુગનું ફર્માન છે કે ઈખ્લાસ એ છે કે માણસનું ધ્યાન એવી રીતે ખુદાની તરફ થઈ જાય કે એ પોતાના અમલમાં મખ્લૂક઼ના ખ્યાલથી ઉચ્ચતર થઈ જાય. ફુઝૈલનું કહેવું છે કે લોકોના ખ્યાલથી અમલને છોડી દેવો રિયા છે, અને કરવો શિર્ક છે. ઈખ્લાસ એ છે કે માણસ એ બંને ફિત્નાઓથી પોતાને સુરક્ષિત રાખે.

આ વ્યાખ્યાઓનો ખુલાસો એ છે કે ઈબાદત હોય અથવા ફર્માંબરદારી અલ્લાહ તઆલાના ત્યાં એમાંથી ક઼બૂલિયત એ અમલને પ્રાપ્ત થાય છે જેમાં ઈખ્લાસ હોય. ઈખ્લાસનો મતલબ એ છે કે જે કામ કરવામાં આવે તે માત્ર અલ્લાહ તઆલાની ખૂશનુદી પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે. આ મક઼સદના સિવાય બીજા કોઈ હેતુનો એમાં શક પણ ન હોય.

### ★ નિય્યત બરાબર તો અમલ બરાબર ★

હદીષોથી પણ ઈખ્લાસની આ જ હક઼ીક઼ત જાહેર થાય છે :–

"હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે અમલનો આધાર નિય્યતો પર છે. દરેક માણસની સાથે એની નિય્યત જ આવશે. જેની હિજરત અલ્લાહ અને એના રસૂલ માટે હશે તો એની હિજરત અલ્લાહ અને એના રસૂલ માટે ગણવામાં આવશે, અને જે હિજરત કોઈ દુનિયાના મક઼સદ માટે હશે જેને તે પ્રાપ્ત કરવા માગે છે, અથવા કોઈ સ્ત્રી માટે હોય જેની સાથે તે નિકાહ કરવા માંગતો હોય એની હિજરત એ જ મક઼સદ માટે છે." *(બુખારી શરીફ, કિતાબુલ ઈમાન, ભાગ : ૧)*

બીજી હદીષમાં છે :–

"અબૂ મૂસા અબ્દુલ્લાહ બિન ક઼ૈસ અશઅરી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલલ્લાહ ﷺથી પૂછવામાં આવ્યું કે એક માણસ પોતાની બહાદુરી બતાવવા માટે લડાઈ કરે છે, એક માણસ માત્ર જોશ તથા બદલાના માટે લડાઈ કરે છે, એક માણસ માત્ર દેખાડવા માટે લડાઈ કરે છે, એમાંથી કોની જંગ અલ્લાહના રસ્તામાં છે ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહના માર્ગમાં એ શખ્સની લડાઈ છે જે અલ્લાહનો કલ્મો બુલંદ કરવા માટે જંગ (લડાઈ) કરતો હોય." *(બુખારી શરીફ)*

### ★ ત્રણ જાતના લોકો પર દોઝખની આગ સળગશે ! ★

આવી જ રીતે એક મશ્હૂર હદીષ છે જેમાં ખબર આપવામાં આવી છે કે સૌથી પહેલાં ત્રણ જાતના લોકો પર દોઝખની આગ સળગાવવામાં આવશે : એક કુર્આનનો એ ક઼ારી જે ક઼ારી કહેવડાવવા માટે કુર્આન શરીફ પઢતો હોય, બીજો એ મુજાહિદ જે બહાદુરી દેખાડવા માટે જેહાદ કરતો હોય, ત્રીજો એ વ્યક્તિ જે સદક઼ો પોતાની માલદારી દેખાડવા માટે કરતો હોય.

આ હદીષને ધ્યાનપૂર્વક વાંચો તો ખબર પડશે કે ઈખ્લાસનું આ જ મહત્વ કુર્આન મજીદમાં પણ વર્ણન

❑ રજૂકર્તા : **હાફેઝ ઉસ્માન સાહબ કોલવનવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

કરવામાં આવ્યું છે.

રબ તઆલા ફર્માવે છે :–

''અને એ લોકોને તો એવો જ આદેશ મળ્યો કે માત્ર તેની ઉપર શ્રદ્ધા લાવીને અલ્લાહની બંદગી કરે.'' *(સૂરએ અંબિયા, આ. ૫, કન્ઝુલ ઈમાન)*

બીજી આયતમાં છે : ''તો અલ્લાહ ને પૂજો નર્યા તેના બંદા બનીને. હા! ચોખ્ખી અલ્લાહની જ બંદગી છે.'' *(સૂરએ ઝુમર, આ. ૨, કન્ઝુલ ઈમાન)*

પયગમ્બર ﷺની ઝબાનથી એલાન કરાવવામાં આવ્યું :–

''તમે ફર્માવો ! હું અલ્લાહને જ પૂજુ છું નર્યો તેનો બંદો બનીને, તો તમે તેના સિવાય જેને ઈચ્છો તેને પૂજો.'' *(સૂરએ ઝુમર, આ. ૧૪, કન્ઝુલ ઈમાન)*

બધી જ ઈબાદત અને ફર્માબરદારીની રૂહ આ ઈખ્લાસને ગણવામાં આવેલ છે.

રબ તઆલા ફર્માવે છે : ''તમે કહો, બેશક ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ અને મારું જીવવું અને મરવું બધુ અલ્લાહ માટે જ છે જે બધાય જગતનો પાલનહાર છે, તેનો કોઈ ભાગીદાર નથી. મને એવો જ આદેશ આપ્યો છે અને હું સર્વ પ્રથમ મુસલમાન છું.'' *(સૂરએ અન્આમ, આ. ૧૬૨–૧૬૩, કન્ઝુલ ઈમાન)*

ઈખ્લાસ માટે જ્યાં સુધી એ વાતની જરૂરત છે કે માણસોનો અમલ માત્ર અલ્લાહ માટે જ હોય ત્યાં એ વાતની પણ જરૂરત છે કે એનો અમલ ખુદાના હુકમ અને એના રસૂલની સુન્નત મુજબ હોય. આ વસ્તુ ઈખ્લાસની ફિતરતનો જરૂરી તકાઝો છે. જો કોઈ માણસ કોઈ કામ ઈખ્લાસની સાથે ખુદા માટે કરે પણ એનું તે કામ ખુદા અને રસૂલના હુકમની વિરુધ્ધ હોય તો એનો એ ઈખ્લાસ કંઈ જ કામનો નથી. એટલા માટે કોઈ અમલ જો ખુદા અને રસૂલના હુકમના વિરૂધ્ધ હોય તો એને નિખાલસતાવાળો અમલ નહીં કહેવામાં આવે ભલે ને તે નિખાલસતાથી કરે.

## ★ હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہનું કથન ★

હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہનો આદેશ વાંચવા અને સમજવાને પાત્ર છે. એમનાથી શ્રેષ્ઠ અમલની હકીકત પૂછવામાં આવી તો એમણે ફર્માવ્યું કે જો અમલ બરાબર હોય પણ ઈખ્લાસ ન હોય તો પણ એ કબૂલ નથી થતો, ખુદાને ત્યાં કબૂલ થવા માટે એ જરૂરી છે કે અમલ ઈખ્લાસની સાથે હોય અને બરાબર હોય. પછી એમણે ખાલિસની તશરીહ ફર્માવી કે તે માત્ર અલ્લાહ માટે હોય, અને બરાબરનું સ્પષ્ટીકરણ કર્યું કે એ સુન્નતના મુજબ હોય. ત્યાર બાદ એમણે પોતાના મંતવ્ય અનુસાર અમુક આયતો પઢી. *(મદારિજુસ્સાલિકીન)*

જો કોઈ અમલ ખુદા અને રસૂલના હુકમના વિરૂધ્ધ માત્ર ઈખ્લાસના આધારે ખુદાને ત્યાં કબૂલિયતની ડિગ્રી પ્રાપ્ત કરી શક્તો તો રહબાનિયત (સન્યાસીપણુ તથા સંસાર ત્યાગ)ના બંધારણને અલ્લાહને ત્યાં જરૂર કબૂલિયતનો દરજો મળતો. એટલા માટે કે જે લોકોએ આ બંધારણ કાઢયું અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં એમના ઈખ્લાસના હવાલાના હોવા છતાં એમની આ શોધને બિદઅત અને બાતિલ ઠરાવી છે.

## ★ એક ખુલાસો ★

અમુક લોકોને આ વાત ખટકે છે કે જો એક માણસ ભલાઈનું કામ કરે પણ તે અલ્લાહ માટે ન કરે અથવા અલ્લાહની સાથે એમાં બીજાઓને પણ શરીક કરે તો પછી એનો એ અમલ ખુદાને ત્યાં કબૂલિયતથી કેમ વંચિત રહે છે ? કામ તો એનું એ જ છે જે અલ્લાહના ત્યાં પસંદ ઠરાવવામાં આવ્યું છે ? જે લોકોને આ વાત ખટકે છે તે દીનની એક બુનિયાદી હકીકતથી બેખબર છે, તે એ કે અલ્લાહ તઆલા લોકોના સારા અને ભલાઈનાં કામોનો મોહતાજ નથી કે જે રીતે પણ લોકો ભલાઈનું કામ કરી દે ! ભલે ને એના માટે કરે અથવા બીજા કોઈ માટે, ભલે તે અમલને એના હુકમના અનુસાર કરે અથવા એના વિરૂધ્ધ કરે પણ તે એની કૃપાને પાત્ર થઈ જાય, કે જાણે એ લોકોએ એના પર અથવા એની દુનિયા પર કોઈ એહસાન કર્યું છે એ કારણે એના પર જરૂરી થઈ ગયુ છે કે એ એમની ભલાઈઓની કદર કરે અને એનો બદલો આપે ! (એવું હરગિઝ નથી)

અલ્લાહ તઆલા કોઈની નેકી કે બુરાઈ બન્નેવથી બિલકુલ બેનિયાઝ છે. તે જો ચાહે તો આખી દુનિયાને ફરિશ્તાઓથી ભરી દે કે એની અંદર કોઈ બુરાઈ કરવાવાળો મુદ્દલે જ ન રહે, એવી જ રીતે તે ચાહે તો દરેક માણસને એવો નેક બનાવી દે કે એનાથી કોઈ અપરાધ જ ન થાય. પણ ઈખ્તિયાર અને કુદરત હોવા છતાં તેણે આવુ ન કર્યું

એનું કારણ એ છે કે તેને માત્ર નેકી અને ભલાઈ જ મતલબ નથી પણ મૂળ વસ્તુ એ છે કે લોકો ભલાઈનું કામ માત્ર એની રઝા માટે કરે અને એના હુકમ (આદેશ) મુજબ કરે. એટલા માટે જે નેકી વર્ણન કરેલ સૂચનાઓ સાથે કરવામાં આવે છે એ નેકીનું એની બારગાહમાં ઘણુ મહત્વ છે, ભલે તે ગમે તેટલી નાની હોય તે એનો ષવાબ આપે છે. પણ જે નેકીમાં રિયા કે દિખાવો હોય એનો એને ત્યાં કોઈ અજર નથી હોતો. તે એવી નેકી કરવાવાળાઓથી કહે છે કે એનો બદલો એનાથી લો જેના માટે તમે નેકી કરી છે !

હદીષોમાં આ જ હક઼ીક઼ત આ રીતે સ્પષ્ટ બયાન કરવામાં આવી છે, એટલે કે હું બધા જ શરીકોથી બિલકુલ બેનિયાઝ છું તો જેણે મારા માટે કોઈ એવો અમલ કર્યો જેમાં મારી  સાથે એણે બીજાને પણ શરીક કરી લીધો તો એનાથી હું દૂર થઈ જાઉં છુ અને તે અમલ એના માટે થઈ જાય છે જેણે એને મારી સાથે શરીક કર્યો છે.

એક હદીષે પાકમાં છે કે આખેરતમાં આવા લોકો અજર માંગશે તો અલ્લાહ તઆલા ફર્માવશે કે જાવ ! એનાથી તમે પોતાના અમલનો બદલો માંગો જેના માટે તમે એ કામ કર્યું હતું, અમારે ત્યાં તમારા માટે કોઈ અજર નથી !

આ શરીક કોઈ મૂર્તિ પણ હોય શકે છે, ખાનદાન અને ક઼બીલો પણ હોય શકે છે, ક઼ૌમ અને વતન પણ હોય શકે છે, વાહવાહ અને દિખાવો અને નફસની બીજી ખ્વાહિશો પણ હોય શકે છે. એમાંથી કોઈ પણ વસ્તુ હોય એ ઈખ્લાસની વિરૂધ્ધ અને બેકાર છે અને માણસના અમલને અલ્લાહની પાસે બેકાર કરી નાખે છે.

આનાથી કોઈ ખોટી ધારણા ન કરે કે કોઈ મુખ્લિસ મુસલમાન પોતાનું ખાનદાન અથવા ક઼બીલો, ક઼ૌમ અને વતન માટે કોઈ કામ નથી કરી શક્તો, બલ્કે અલ્લાહ તઆલાએ ખાનદાન અને ક઼બીલો, ક઼ૌમ, અને વતનના હક્ક઼ો પોતે ઘણા સ્પષ્ટીકરણની સાથે બતાવ્યા છે, અને દરેક મુસલમાન પર જરૂરી કરી દીધું છે કે દરેક માણસ આ હક્ક઼ને અલ્લાહની રઝા માટે અને એના હુકમના મુજબ અદા કરે. જે માણસ આ હક્ક઼ોને અલ્લાહની રઝા માટે અને એના હુકમના મુજબ પૂરા કરે છે તો અલ્લાહ તઆલા પાસે એનો મહાન બદલો છે, અને જો એનું એ કામ ખુદા માટે ન હોય તો તે બિલકુલ દુનિયાદારી છે.

## ★ અમલમાં તબ્દીલી (બદલાવ) ★

પ્યારા સુન્ની વાંચકો ! વિચારો તો ખબર પડશે કે ઈખ્લાસ હોવા અથવા ન હોવાથી અમલમાં મોટો બદલાવ આવે છે. દા.ત. એક માની મમતા પોતાના બાળક માટે દરેક શંકાથી ખાલી હોય છે પણ એ પોતાની મમતામાં બાળકને એની બીમારીમાં બધુ જ ખવડાવે જેના માટે બાળક જીદ કરતું હોય અને ડૉક્ટરની બતાવેલી વાતો પર ધ્યાન ન આપે તો એની મમતા હોવા છતાંય ભય છે કે એ બાળકના જીવને લઈને રહેશે.

એવી જ રીતે ધારો કે એક માણસ છે જે કામ સારું કરે છે પણ એ કામોમાં એની સમક્ષ ખુદાની રઝાનો મક઼સદ નથી પણ ખુદા સિવાય બીજો કોઈ હેતુ છે, તો જરૂરી છે કે આ જ હેતુ એના હક્ક઼ અને બાતિલ, પસંદ અને નાપસંદની કસોટી બની જશે. આગળ વધીને આ વસ્તુ એની દરેક ભલાઈને બુરાઈમાં ફેરવી નાખશે. એ પોતાના કુટુંબ અને પોતાની ક઼ૌમ માટે સારું કામ કરતાં કરતાં અંતે એ ફિલોસોફી સુધી પહોંચી જશે કે "મારી ક઼ૌમ ભલે હક્ક઼ પર હોય અથવા બાતિલ પર !" આ ફિલોસોફી અંતે એને હિટલર બનાવી શકે છે. એ માત્ર ખુદાની રઝાની ખૂબી છે કે એ માણસને ક્યારેક પણ ભટકવા નથી દેતી.

એ જ કારણથી ઈસ્લામમાં અલ્લાહ તઆલાના સિવાય બીજી કોઈ વસ્તુને પસંદ અને નાપસંદની કસોટી ઠરાવવી હરામ કરી દેવામાં આવી છે, આ જ હક઼ીક઼તને ઈખ્લાસ કહેવાય છે, આ જ ઈખ્લાસ અક઼ીદએ તૌહીદની જાન તથા રૂહ છે અને આ જ અક઼ીદએ તૌહીદ અલ્લાહ તઆલાની મહોબ્બતનો બુનિયાદી પથ્થર છે. આપણી કમનસીબી છે કે આપણા યુગમાં ઈખ્લાસ ઘણા ઓછા લોકોમાં જોવા મળે છે. ઘણીવાર એવું પણ થાય છે કે જાહેરમાં સારા દેખાવવાળા લોકો ઈખ્લાસથી વંચિત હોય છે અને એમની અંદર રિયાકારી ભરેલી હોય છે. કોઈ બુદ્ધિવાને સાચુ જ કહ્યું છે કે ઈખ્લાસ વગર કોઈપણ અમલ એ કાગળની જેમ છે જેના પર ઠેકાણુ ન લખવામાં આવ્યું હોય કે એવો કાગળ પોતાની મંઝિલ સુધી કેવી રીતે પહોંચી શકે ?! માટે પોતાનું દરેક કામ નિખાલસતાથી કરવું જોઈએ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ઓકટો.–૨૦૧૪)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

### ★ શાદી મુબારક ★

**ભરૂચ** : (મારૂતી નગર)થી હાજી હમીદખાન પઠાણ અડોલવાળા જણાવે છે કે તેમના નેક ફરઝંદ શકીલખાનના નિકાહ તા. ૮–૧૨–૨૦૧૪ના રોજ કીયા ખાતે સિતાબખાન પઠાણની નેક પુત્રી શાકેરાબાનુ સાથે રાખવામાં આવ્યા. આગલા દિવસે ભરૂચ ખાતે નઅત શરીફનો પ્રોગ્રામ થયો હતો. એની ખુશીમાં રૂા. ૨૦૧/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! દુલ્હા, દુલ્હન, કુટુંબીજનોને મુબારકબાદ ! *–તંત્રી*

**ઈખર** : ખાતે ઈલ્યાસ ઈબ્રાહીમબાપુના નેક ફરઝંદ મુઝમ્મિલના નિકાહ નાદીદા ઈકબાલ વલી આદમ બારમણીયાની નેક દુખ્તર રૂબીના સાથે તા. ૨૧–૧૨–૨૦૧૪ રવિવારના ઝહોરબાદ ઈખર મસ્જિદે બિલાલમાં થયા. દુલ્હા, દુલ્હન, કુટુંબીજનોને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* ★★★

**ઈન્તેકાલ પુરમલાલ ! વાગરા** : મુક઼ામે અબ્દુલ્લાહભાઈ કારકૂન પી.ડબલુ.ડી.વાળા તા. ૧૩–૧–૨૦૧૫ મંગળવારે સુબ્હ સાદિકના સમયે ૬૯ વરસની ઉંમરે ઈન્તેકાલ કરી ગયા છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે.

### ★ પોસ્ટકાર્ડ લખી કે SMS કરીને મંગાવો ★

**કિતાબ : ઈદે મીલાદુન્નબી ﷺ કુર્આન હદીષની રોશનીમાં** *(૫૨–પેજીસ)*

**લેખક** : અલ્લામા મુહમ્મદ સઈદ અહમદ મુજદ્દિદી *(પ્રકાશન નં. ૨૧૨)*

**અનુવાદક** : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી *(**મુદર્રિસ** : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા C/o: ફયઝાને રઝા મંઝિલ,

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨ ૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**નોંધ** : કુર્આન હદીષની રોશનીમાં પૂર્વજ મહાન ઉલમાનાં કથનો તથા હવાલા થકી મીલાદુન્નબી ﷺ મનાવવુ જાઈઝ બલ્કે બરકતો તથા રબની રહમતો પામવાનો ઝરીયો હોવાનું સાબિત કરી વહાબીઓના વાંધાઓનો સચોટ જવાબ રજૂ કરતી લાજવાબ કિતાબ જરૂરથી મંગાવો.

*–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેક઼ાલ પુરમલાલ ! ★

*કરું તેરે નામ પે જાં ફિદા, ન બસ એક જાં દો જહાં નહીં–દો જહાં સે ભી નહીં જી ભરા, કરું ક્યા કરોળોં જહાં નહીં*

જંબુસરથી ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે જંબુસરમાં મુ. ચાંદ ૨૮ સફર તા. ૨૦/૧૨/૨૦૧૪ને શનિવારના રોજ જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺની રોશની તથા ઝંડા ફૈઝાને રઝા યંગ કમિટી કસ્બાના નૌજવાનોમાં ફરહાન રઝા ક઼ાદરી તથા મિત્રો લગાડી રહ્યા હતા. તેમાં શોર્ટ સર્કિત થતાં હાથમાં ગુંબદે ખઝરાનો ઝંડો હતો અને કરંટ લાગતાં ફરહાન રઝા અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા. મર્હૂમ આ'લા હઝરતના આશિક઼ હતા. અલ્લાહ તઆલા હુઝૂરની વિલાદતના સદક઼ામાં શહીદે રાહે મહ઼બ્બત ફરહાન રઝાને જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા મક઼ામ અતા ફર્માવે, તથા ઘરવાળાઓને તથા મિત્રોને સબ્રે જમીલ આપે. સાથી ત્રણ દોસ્તો દાઝેલા હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. અલ્લાહ તઆલા તેમને પણ શિફા અતા ફર્માવે એ જ અમારી દિલી દુઆ છે.

*– ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા (જંબુસર)*

## લબ્બૈક યા રસૂલલ્લાહ ﷺ કોન્ફ્રન્સ !

**જંબુસર :** મુકામે તા. ૦૮/૦૧/૨૦૧૫ જુમેરાતે ઘાંચીવાડ નૂરી મસ્જિદ પાસે ખૂબ જ શાનો શૌકત સાથે જશ્ને મીલાદુન્નબી ﷺ નિમિત્તે ''લબ્બૈક યા રસૂલલ્લાહ ! ﷺ'' કોન્ફ્રન્સ જંબુસરના હઝરત સૈયદ શૌકત અલી બાવા, હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ સાહબ (આમોદ)ની સદારતમાં રાખવામાં આવી જેમાં ખુસૂસી મુકર્રિર ખતીબે બેમિષાલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માંલેગાંવ)એ શાને મુસ્તફા ﷺમાં એહલે સુન્નતના અક઼ીદાઓની પુષ્ટિ કરતુ લાજવાબ બયાન કર્યું હતું. મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અખ્તર સાહબ, મૌલાના ઈબ્રાહીમ, હાફેઝ ઈલ્યાસ તથા સર્વ ઈમામોએ, હુફ્ફાઝે, જંબુસર, આમોદ વગેરેએ હાજરી આપી હતી.

**દયાદરા :** ખાતે જશ્ને મીલાદુન્નબી ﷺની દર વરસની જેમ શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી ગામમાં મસ્જિદ, રસ્તાઓ ઉપરાંત ઠેરઠેર મકાનોને લાઈટિંગથી સજાવવામાં આવ્યાં હતાં. ચાંદ ૧ થી ૧૨ સુધી મસ્જિદમાં ઈશા બાદ દુરૂદની મેહફિલ તથા યાસીન શરીફનો ખત્મ થયો અને સરકાર ﷺની શાનમાં વિવિધ વિષયે બયાનો હઝરત મૌલાના ઈમરાન ઝંઘારવી થકી થયાં. મોટા ચકલા પર મશહૂર નઅતખ્વાં ક઼ારી મક઼સૂદ કાવીવાળા (પેશ ઈમામ–દયાદરા) થકી ૧૦મા ચાંદે મેહફિલે નઅત, અને ૧૧–૧૨ ચાંદે બયાનો મૌલાના ઈમરાન સાહબ થકી થયાં. ૧૨મીની સવારે મદ્રસાએ મઝાહેરુલ ઉલૂમથી જુલૂસ સલાતો સલામ પઢતાં પઢતાં નીકળ્યું જે ગામ ફેરી ફરી મસ્જિદમાં પહોંચ્યું. ત્યાં આ'લા હઝરતનુ કલામ ''બંદા મિલનેકો'' જનાબ ક઼ારી મકસૂદ સાહબ અનોખા અંદાઝમાં પઢયા બાદ શાને મુસ્તફા ﷺમાં મૌલાના ઈમરાન સાહબે બયાન કર્યું. ત્યાર બાદ ખૂબ જ અદબની વ્યવસ્થા સાથે બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી. છેવટમાં અકુજી હોલમાં આમ મુસલમાનોને ન્યાઝ જમાડવામાં આવી.

**ભરૂચ :** મુક઼ામે જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ નિમિત્તે ઈંટવાલા કોમ્પલેક્ષ, જંબુસર રોડની બાજુમાં શાનદાર પ્રોગ્રામ થયો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે અક઼ીદા તથા અમલની ઈસ્લાહ કરતું અસરકારક બયાન કુર્આન હદીષની રોશનીમાં મીલાદે મુસ્તફા ﷺ પરથી કર્યું હતું. મશહૂર નઅતખ્વાં જનાબ જાવેદ રઝા સાહબ (નાગોર શરીફ–રાજસ્થાન) તેમજ જનાબ ક઼ારી રિયાઝુદ્દીન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા.


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની સૈયદ ક઼ાદરી યુવાન** : ઉંમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫'.૭'' એજ્યુકેશન : બેચ્લર ઓફ હોટલ મેનેજમેન્ટ, સુન્ની મુસ્લિમ સારા અખ્લાક઼વાળી, ૨૦–૨૨ વર્ષની યુવતી જોઈએ છે. સૈયદ સિવાય અન્ય જાતીવાળા પણ સંપર્ક કરી શકે છે. સંપર્ક નં. Mob. : 09824166580 (અમદાવાદ તરફ)

**૨. શેખ સુન્ની યુવતી** : ઉંમર : ૨૮ વર્ષ, દેખાવડી યુવતી, ઊંચાઈ : ૫'.૪'' એજ્યુકેશન : M.A. (Sociology) B.ed, હાલ : ટીચર ઈન ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, વજન : 65 Kgs. (વડોદરા સાઈડ) યોગ્ય એજ્યુકેટેડ યુવાન પસંદગીને પાત્ર, સંપર્ક નં. Mob. : 8141356838, Res. Ph. 0265-2782332

**નોંધ :** વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : મુકામે મુહમ્મદ ઉમરજી બરજીનો તા. ૨૩–૧૨–૨૦૧૪ મંગળવારના રોજ ટૂંકી માંદગી બાદ ૯૦ વરસની ઉમર ઈન્તેકાલ થઈ ગયો છે. ★ તા. ૨૫–૧૨–૨૦૧૪ જુમેરાતના ના રોજ મુહમ્મદહુસેન ગુલામ વલીમાસ્તરનો લાંબી માંદગી બાદ યુવાન વયે ઈન્તેકાલ થઈ ગયો છે. ★ યાકૂબભાઈ ટોલીવાલાનો લાંબી માંદગી બાદ તા. ૨૭–૧૨–૨૦૧૪ શનિવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. ★ નાસિર યાકૂબ વૈદ તથા ઈમરાન ઈબ્રાહીમ સૂરતી (કીડીવાલા)નો તા. ૧–૧–૨૦૧૫ના જુમેરાતના રોજ રોડ એક્સિડન્ટમાં બંનેનો દુઃખદ ઈન્તેકાલ થઈ ગયો છે. ★ તા. ૧૨–૧–૨૦૧૫ સોમવારના રોજ હમીદાબેન મક્સૂદ નાથાનો ઈન્તકાલ થઈ ગયો છે.

**અસુરીયા** : મુકામે અમારા મિત્ર જનાબ જહાંગીર માસ્તર સાહબના વાલિદ સાહબ હાજી ઈસ્માઈલ મુહમ્મદ ૫ મુર્હરમ હિ.સ. ૧૪૩૬ જુમેરાતે તા. ૩૦–૧૦–૨૦૧૪ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે.

**સૂરત** : મુકામે મૂસાભાઈ મુહમ્મદ પટેલ આછોદવાળાનો બુધવાર ૪–મુહર્રમ–હિ.સ.૧૪૩૬, તા. ૨૯/૧૦/૨૦૧૪ના રોજ સૂરત ખાતે ૭૭ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

**સાંસરોદ** : મુકામે ઈસ્માઈલ આદમ ગટી (સરનારીયા) તા. ૧૯/૧૨/૨૦૧૪ જુમ્આના રોજ લગભગ ૮૮ વરસની વયે તેમજ તા. ૨૦/૧૨/૨૦૧૪ શનિવારે બીબી મુહમ્મદ આદમ સરનારીયા ૯૨ વરસની વયે ઈન્તેકાલ કરી ગયાં છે.

**ભરૂચ** : થી 'બરકાતે ખ્વાજા' સામાયિકના સભ્ય જાવિદઅખ્તર જણાવે છે કે મારા વાલિદ હાજી ગુલામ મોહયુદ્દીન એમ. શેખ તા. ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સામાન્ય બીમારી બાદ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમના જનાઝાની નમાઝમાં સૈયદ સાદાતો, ચાહકો, વકીલો ડૉક્ટર વગેરે હાજરી આપી હતી. મર્હૂમ વ્યવસાયે એક વકીલ હતા અને ભરૂચ શહેરમાં આવેલી ઘણી બધી મસ્જિદોમાં ટ્રસ્ટી પણ હતા. મર્હૂમ ખૂબ જ પાબંદ, પરહેઝગાર, નમાઝી અને દીનદાર હતા. મર્હૂમના ઈસાલે સવાબ અર્થે કુટુંબીજનો તરફથી રૂા. ૧૦૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઉર્સે ખ્વાજા દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ★

**બીરપુર શરીફ** : (જિ. મહિસાગર)થી નબીરએ દરિયાઈ દુલ્હા હઝરત પીરઝાદા સૈયદ હસનમુસન્નામિયાં દરિયાઈ (શહઝાદાએ સૂફીએ ગુજરાત હઝરત અલ્લામા સૈયદ પીર સફીયુલ્લાહ બાબા એફ. દરિયાઈ مدظلہ العالی) લખી જણાવે છે કે, ભારતભરમાં જ નહીં બલ્કે દુનિયામાં ખ્યાતિ પામેલા મશ્હૂર વલીયુલ્લાહ મહબૂબે ઈલાહી, ગૌષુલ હિંદ, ખ્વાજાએ ખ્વાજગાં, સૈયદ ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક મુતાબિક અંગ્રેજી તા. ૭–૨–૨૦૧૫ થી ૧૩–૨–૨૦૧૫ સુધી મુતાબિક રબીઉલ આખર ચાંદ ૭ થી ૧૩ હિ.સ. ૧૪૩૬ના દિવસોમાં "૪૯૫"મો ઉર્સે મુબારક, શાનો શૌકતથી મનાવવામાં આવશે.

# સુન્ની દાવતે ઈસ્લામીનો રજમો આલમી ઈજતેમા બેહદ કામયાબ !

**મુંબઈ** : સુન્ની મુસલમાનોની અનેક ક્ષેત્રે રહનુમાઈ કરતી આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીનો ત્રિ દિવસીય સુન્ની ઈજતેમા વાદીએ નૂર–આઝાદ મેદાન ખાતે તા. ૨૮–૨૯–૩૦ નવેમ્બર ૨૦૧૪, જુમ્આ, શનિ, રવિના દિવસોમાં યોજાયો જેમાં પ્રથમ દિવસે જુમ્આ બાદથી ઈશા સુધી લાખો ઈસ્લામી બહેનોએ હાજરી આપી વાદીએ નૂરને ભરચક કરી આપી. ક઼ારી રિયાઝુદ્દીન અશરફી નજમીની તિલાવત તથા હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)ની દુઆઓ સાથે શરૂ થયો. નિઝામત ક઼ારી રિઝવાન સાહબે બખૂબી નિભાવી. મુહક્કિ઼કે઼ મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદીન રઝવી (સદર જામિઆ અશ્રફિયા–મુબારકપુર)એ અસર સુધી બહેનોના દીની સવાલોના સંતોષકારક જવાબો આપ્યા અસર બાદ હઝરત સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબે ''ખવાતીન ઔર ખૌફે ખુદા'' વિષયે ઈબ્રતઅંગેઝ બયાન કરી બહેનોનાં દિલોને ઝંઝોળી કાઢતુ બયાન કર્યું હતું. મગરિબ બાદ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી (અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)એ ''બેટિયાં રહમત હૈ ઝહમત નહીં'' વિષયે ચિંતનાત્મક બયાન કર્યું તેમજ નશાકારક ચીજોના ઉપયોગની લઅનતથી પોતાની ઔલાદને બચાવવાની જિમ્મેદારી નિભાવે. તેમજ સુન્ની દાવતે ઈસ્લામીના મુબલ્લિગો નશાકારક ચીજોથી છૂટકારો અપાવવા તૈયાર હોવાનું એલાન કર્યું અને એના માટે અમારો સંપર્ક કરવા તથા આવી વ્યક્તિને સુન્ની દાવતે ઈસ્લામીના મર્કઝ પર પાબંદીથી મોકલવા અપીલ કરી તથા છોકરીને અપીલ કરી કે છોકરીઓ એવો લિબાસ ન પહેરે જે એમના માટે જ મુસીબત બને. તેણીઓ આજકાલ એવો લિબાસ પહેરે છે તેનાથી એના શરીરનાં અંગો જાહેર થઈ જાય છે તે એનાથી પરહેઝ કરે. મગરિબ સુધીમાં પૂરુ આઝાદ મેદાન ભરચક થઈ ગયું હતું. રાત્રે આઠ વાગે અમીરે સુન્ની દાવતે ઈસ્લામીએ ઝિક્ર બાદ દર્દભર્યા અંદાઝમાં દુઆ ગુજારી હતી.

બીજા દિવસે શનિવાર સવારના પાંચ વાગ્યાથી અઝાને તહજ્જુદ નમાઝે તહજ્જુદથી પ્રારંભ થયો, બાદમાં મુબલ્લિગોએ હજારો હાજરજનોની દીની તર્બિયત  કરી. ઉલમા તથા મુબલ્લિગોના નઅત, બયાનોનો ક્રમ દિવસભર જારી રહ્યો. મુફસ્સિરે કુર્આન હઝરત મૌલાના ઝહીરુદ્દીનખાન રઝવીએ પોતાની આગવી ઢબમાં ચિંતનમય ખિતાબ ફર્માવ્યો. હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબ થકી દીની ઈલ્મી સવાલોના જવાબો આપવામાં આવ્યા. મકરાના (રાજ.)ના મશહૂર ખતીબ મૌલાના શમ્સુદ્દીન રઝવી સાહબે નસીહત આમેઝ બયાન કર્યું હતું તેમજ મુફતી ઝુબેર મિસ્બાહી (શૈખુલ હદીષ દારુલ ઉલૂમ ગૌષિયા ઝિયાઉલ કુર્આન–કુર્લા)એ તક઼લીદના વિષયે ઈમાન અફરોઝ બયાન કર્યું. હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી માલેગાંવીએ ''નશેકી લઅનત ઔર ઉસ્કા ઈલાજ'' પર અસરકારક બયાન કરીને જણાવ્યું કે એના વિરૂધ્ધ ચળવળ ચલાવનારાઓ પાસે એ સિવાય અન્ય કોઈ ઈલાજ નથી કે લોકોને મુસ્તફા ﷺથી ઈશ્ક઼ કરવાનું શીખવાડે. મુફતી હફીઝુર્રહમાન સાહબ (ડગ્લાસ, અમેરિકા)એ ''તઅલ્લુક઼ બિર્રસૂલકે તકાઝે''ના વિષય પર બયાન કર્યું હતું. અમીરે સુન્ની દાવતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે ''ડિપ્રેશનકે અસ્બાબ ઔર ઉન્કા ઈલાજ''પર અસરકારક બયાન કર્યું હતું. જણાવ્યું કે આજે માણસ ઉદાસી તથા ડિપ્રેશનમાં બુરાઈઓની તરફ અધિક ભાગે છે જો તે ગલતકારીઓને છોડીને નેકીઓ તરફ વધવાનું શરૂ કરી આપે તે કદી ડિપ્રેશનનો શિકાર થશે નહીં.

ત્રીજા દિવસે પણ તહજ્જુદથી ઈજતેમા શરૂ થયો અને મુબલ્લિગો થકી હાજરજનોની તર્બિયત તથા સુન્નીઓની તાલીમ તથા નઅતો બયાનોનો ક્રમ જારી રહ્યો એ દરમ્યાન જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમના એક હોનહાર તાલિબે ઈલ્મ અબ્દુલજબ્બાર રઝવીએ ''તવક્કુલ ઈલલ્લાહ''ના વિષયે અરબીમાં તક઼રીર કરી. ઝહોર બાદ સુન્ની દાવતે ઈસ્લામીના મર્કઝી ઈદારા ''જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમ'' તથા ''જામિઆ હેરા નજમુલ ઉલૂમ'' ભીવંડી સહિત તેહરીકના અન્ય ઈદારાઓના ૪૦ તલબાની દસ્તારબંદી થઈ. ખત્મે બુખારી શરીફ હઝરત મુફતી અન્ફાસુલ હસન ચિશ્તી સદરુલ મુદર્રિસીન જામિઆ સમદિયહ ફફુંદશરીફ (યુ.પી.)એ કરાવી. ઈંગ્લેન્ડથી પધારેલ મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી આરિફ પટેલ ટંકારવીએ દુનિયાભરમાં મુસલમાનોની સ્થિતિ અને આલમી અહવાલ પર અંગ્રેજીમાં જબરદસ્ત ગુફતગૂ કરી. પછી હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબ થકી સવાલો જવાબનો મન્ઝર રચાયો. મગરિબ બાદ અમીરે સુન્ની દાવતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબે ડિપ્રેશન સંબંધે ગુફતગૂ આગળ વધારતાં ફર્માવ્યું કે પુષ્કળ ગુનાહોના કારણે જ માયૂસી તથા ડિપ્રેશન અને લઘુતાગ્રંથિ પેદા થાય છે, તેનો હલ કેવળ એક જ છે કે કુર્આન તથા હદીષની રોશનીમાં જિંદગી ગુઝારવામાં આવે. મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)એ બ્રિટનથી ફોનના ઝરીયે વાદીએ નૂરમાં ''ઈસ્લામમેં ઈલ્મકી અહમિયત'' પર પોતાના અનોખા અંદાઝમાં બયાન કર્યું. અંતમાં ઝિક્ર દુઆમાં અનેક લોકોએ અશ્રુમય આંખોએ તૌબા કરી પોતાની જિંદગી ઈસ્લામી બનાવવા નિશ્ચય કર્યો હતો. સલાતો સલામ બાદ અંતમાં મદીના મુનવ્વરાથી તશરીફ લાવેલ બુઝુર્ગ હુસૈની સૈયદ હઝરત ફવાદ ઈસ્માઈલ સાહબની રિક્કત અંગેઝ દુઆઓ પર મેહફિલ ખત્મ થઈ હતી. આ બુઝુર્ગે આટલી મોટી સંખ્યામાં સુન્નીઓની હાજરી જોઈને તથા સૌને મળીને ખુશી વ્યક્ત કરી હતી.

# જમાઅતે રઝાએ મુસ્તફા-ચિકાગો (યુ.એસ.એ.)નો

## :: એક અનોખો કદમ ! ::

**'જમાઅતે રઝાએ મુસ્તફા-ચિકાગો'** (મો. ૦૭૭૩૮૦૧૯૧૦૧) જે મોહસિને સુન્નિયત હઝરત મૌલાના **મુહમ્મદમોહસિન મક્કી મિસ્બાહી સેગવાવાળા** (ખલીફા તાજુશ્શરીઅહ)ની નિગરાનીમાં અકાબિર ઉલમાએ અહલે સુન્નતની, વિશેષતઃ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہની લખેલી કિતાબો તેમજ આપના જીવન ચરિત્રની કિતાબો વિવિધ ભાષાઓમાં પ્રસિદ્ધ કરી રહી છે. **ગુજરાતી ભાષા**માં હાલ નીચે મુજબ કિતાબો પ્રસિદ્ધ કરવામાં આવેલી છે :–

- **વિશ્વના વિવિધ ગ્રૂપના વિદ્વાનોની દષ્ટિએ** (અઝ : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી)
- **તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા** رحمۃاللہعلیہ (અઝ : કારી અમાનતરસૂલ રઝવી સાહબ)
- **મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા** رحمۃاللہعلیہ (અઝ : મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃاللہعلیہ)
- **એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત ઈમામ અહમદ રઝા** رحمۃاللہعلیہ
  (અઝ : મૌલાના કૌષર નિયાઝી, હઝરત શયખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદનીમિયાં)
- **ઈમામ અહમદ રઝા ઔર એહતેમામે નમાઝ**
  (અઝ : મૌલાના મુહમ્મદ શાકિર નૂરી, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)
- **હયાતે મુફતીએ આ'ઝમનાં મહેકતાં ફૂલો**
  (અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)
- **નિદાએ યા રસૂલલ્લાહ !** صلی اللہ علیہ وسلم (અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہ)

**અનુવાદક** : (કિતાબ નં. ૧ થી ૬ સુધી) **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
(કિતાબ નં. ૭) **મૌલાના નિઝામુદીન મિસ્બાહી કુરચનવી**

### :: જરૂરી નોંધ ::

ઉપરોક્ત સાતેવ કિતાબોનો સેટ મેળવવા માટે ફક્ત **રૂા. ૧૨૫**નો એમ.ઓ. નીચેના સરનામે કરવો

**પ્રાપ્તિસ્થાન :** **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** C/o. ફયઝાને રઝા મંઝિલ મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

નોંધ : **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાના મેમ્બરો કે ડોનરોને આ કિતાબો ક્રમે ક્રમે ફ્રીમાં ડાયરેક્ટ પોસ્ટ કરવામાં આવશે.**

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૪૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.